SPECIAL ISSUE

ઓગસ્ટ
अगस्त
AUGUST 2014

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत , अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम
परित्राणायसाधुनां विनाशाय च दुष्कृताम , धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे

BEST SELLERS ₹ 15/-

# પ્રતિધ્વનિ

www.pratidhwaniindia.com

તંત્રી: પરેશ મુલાણી

THE VOICE OF INDIA



શ્રાવણ:ભાદરવો@વિ.સં. 2070

Continue Issue : 212 @ Year : 18th

The Largest circulated A National & International Monthly Magazine

ध क्वोलिटी लाईफ पर आधारित मासिक पत्रिका

## CELEBRATING 68th INDEPENDENCE DAY

Jana-Gana-Mana-Adhinayaka, Jaya He Bharata-Bhagya-Vidhata.
Punjab-Sindh-Gujarat-Maratha, Dravida-Utkala-Banga
Vindhya-Himachala-Yamuna-Ganga, Uchchala-Jaladhi-Taranga.
Tava Shubha Name Jage, Tava Shubha Asisa Mage,
Gahe Tava Jaya Gatha, Jana-Gana-Mangala-Dayaka Jaya He
Bharata-Bhagya-Vidhata.
Jaya He, Jaya He, Jaya He, Jaya Jaya Jaya, Jaya He!

Mission Change India for Quality Life

તમારો સંકલ્પ ભારત નિર્માણ કરી શકે છે !

ઈરાદો મજબૂત હોય તો કંઈ પણ હાંસલ કરી શકાય છે. કંઈક નવું નિર્માણ કરવાનો સંકલ્પ કરીએ... Change India Change



UNIVERSAL MEDIA

| | | | | |
|---|---|---|---|---|
| Bangladesh......Taka 20.00 | India................₹ 15.00 | Macao.....HK$11.00 | Others...........US$ 01.00 | Sri Lanka.......Rs 20.00 |
| Brunel..................B$ 02.00 | Indonesia...Rp.1,500 [PPN Incl.] | Malasia....RM 02.00 | P.New Guinea...K 01.50 | Taiwan.......NT$ 35.00 |
| China.................RMB 10.00 | Japan..................#250 | Maldives...Rf 11.00 | Philippines.........P20.00 | Thailand.........B 30.00 |
| Guam..................Us$ 01.00 | Korea..........Won1,050 | Myanmar....K 02.00 | Saipan...........US$ 01.00 | U.S.Forces...US$ 01.00 |
| Hon Kong...........HK$ 10.00 | | Nepal......NRs 17.00 | Singapore........S$ 02.00 | |

# પ્રતિધ્વનિ THE VOICE OF INDIA

**A National & International Magazine**

- **Editor:Printer:Publisher : Owner:** Pareshkumar Nanubhai Mulani
- **Issue:** 08 - **Continue Issue:** 212 - **Years:** 18th - **Page** :36
- **Regd. Office :** Pratidhwani, 7/10, Mangalam, Nr. Bapunagar Police Station,Bapunagar, Ahmedabad 380024.
- **Tel** : [079] 22700803, 22706119 - **Tel/fax:** [079] 22700803
- **E mail** : voice@pratidhwaniindia.com - mission@qualitylife.org.in
- **Website :** www.universalmedia.org.in - www.qualitylife.org.in
  www.qualityworld.org.in - www.changeindia.org.in
  www.bharatnirman.org.in - www.vishwasant.org.in
- **America Correspondent :** Madhubala P. Ramani, 26,Glen Oaks, C.T. Cliftion, New Jercy 07012 [USA] - © Pratidhwani, Worldwide all rights reserved, Any type of Reprinting not applicable - **Published by** Paresh Mulani for Pratidhwani, 7/10, Mangalam, Bapunagar, Ahmedabad 380024 & **Printed by** at Mulani Infotech Consultancy, Ahmedabad 380024. - **Price:** ₹ 15/- - **Annual Subscription:** ₹ 225/- - **Member :** AINCE, AISMNF, INSAR, GTS.


**SUBSCRIPTION RATES:**
**PAYABLE IN LOCAL CURRENCIES AT THE FOLLOWING ADDRESS**

| Country | YearlyRate | Send to Pratidhwani C/o the Following Address |
|---|---|---|
| Bangladesh | Taka 240.00 | International Book Agencies Ltd. 61,Motijheel Commercial Area[2nd Flr]Dhaka 1,000 |
| China | US$ 120.00 | Bank of China Tower,47/F,1 Garden Road, Central,Hong Kong. |
| Guam | US$ 12.00 | Holrnes Management Co. 237,Mainis St.,Tamuning,Gaum 96911. |
| Hong Kong | HK$ 120.00 | Bank of China Tower,47/F,1 Garden Road Central. |
| India | ₹ 225.00 | "Pratidhwani"7/10,Mangalam, Nr.Bapunagar Police Stn., Amdavad 380 024. |
| Indonesia | Rp, 18,000 | N.V.Indoprom Company[Indonesia]Ltd., [Home Service A.H.Division ] P.O.Box 2090,Jakarta 10001. |
| Japan | y 3000 | Sumitomo Seimei Aoyama Bldg,3Fl. 3-1-30 Minami Aoyama,Mianto-Ku Tokyo 107 |
| Korea | W 12,600 | International Publications Service[IPS] Gongpyong Bldg.,11 Fl, 5-1 Gongpyong-dong. Chongro-Ku,Seoul 110 604 |
| Malaysia | RM 24.00 | Vines Services Sdn.Bhd No.77,Japan 9/34 B, Sri Edaran Light Industry Park,Kepong.52100, Kaula Lumpur,Malaysia. |
| Maldives | Rf. 132.00 | Akiri Shop,Boduthakurufaanu Magu,Male.20-05 |
| Myanmar | Kyat 24.00 | SPPS Trade Corporation 550/552,Merchant street. Yongon,Myanmar |
| Nepal | NRs. 204.00 | Sandesh Griha News Agents. 69-A,Bangemudha,Kathmandu 12 |
| Pakistan | Rs. 192.00 | Liberty Books [Private]Ltd. 3,Rafiq Plaza,Inverarity Road,Karachi 74400 |
| Phillippines | P 240.00 | G/F Skrene Properties Building,3759,Cuenca Cor Emilia Sts.Palanan,1235 Makati City |
| Singapore | S$. 24.00 | Caxtion Services Co.Pvt Ltd., 29,Tampines Street 92,Caxton Building, Singapore 528879 |
| Sri Lanka | Rs. 240.00 | Vijitha Yapa Bookshop,P.O.Box 2007,Unity Plaza 2,Galle Road,Colombo 4 Sri Lanka |
| Taiwan | NT$ 420.00 | Formosan Magazine Press Ltd.,189 Yen Ping South Rd.,6 F.Taipel. |
| Thailand | Baht 360.00 | S.E.Commercial Enterprise Ltd.,P.O.Box 12-132 Yannawa Post Office,Bangkok 12 |
| US Forces | US$ 12.00 | Madhubala P.Ramani,26,Glen Oaks C.T.Cliftion, New Jurcy 07012[U S A] |





# મોટા હેતુ પાછળ તમારી ઊર્જાનું રોકાણ કરો

**પ્રથમકહાની :** અનેક દેશોમાં ડ્રાઈવર વાહન ચલાવતી વખતે ઊંઘમાં રહેતાં હોય છે. થાકેલા હોય છે. આ એક સામાન્ય બાબત છે. જીવલેણ સડક દુર્ઘટનાની વાત કરતી વખતે કોઈપણ આ બાબત તરફ લક્ષ્ય સેવતું નથી. અમેરિકા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં પણ સડક દુર્ઘટનાઓમાં થતાં મૃત્યુનું મોટું કારણ ડ્રાઈવરોનો થાક છે. ડ્રાઈવરોને લાગે છે કે બારીનો કાચ ખોલીને, કોફી ચા પીવાથી કે સંગીત સાંભળીને તેઓ પોતાની ઊંઘ ઉડાડી દેશે, પરંતુ આ વાત સાચી નથી. ઊંઘનો કોઈ વિકલ્પ નથી. એટલે કે ઊંઘ કર્યા બાદ જ આરામમળે છે. લાંબો માર્ગ હોય ત્યારે વાહન ચલાવનારા લોકો પર ઊંઘની અસર જોવા મળતી હોય છે. ઘણાં ડ્રાઈવર એ સ્વીકરતા નથી કે તેમને ઊંઘ આવી રહી છે. આ કારણે જ ક્યારેક એક સેકન્ડ માટે લીધેલું તેમનું ઝોકું અકસ્માતનું કારણ બને છે. અનેક દવાઓને કારણે પણ ઊંઘ આવતી હોય છે. દુનિયામાં થતી કુલ સડક દુર્ઘટનામાંથી 40 ટકા માત્ર ઝોકું આવી જવાને કારણે થાય છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને IIT મદ્રાસે એક એવું મશીન બનાવ્યું છે જે ડ્રાઈવરને હંમેશાં જાગતો રાખે છે. આપણાં શરીર પર જ્યારે ઊંઘ પ્રભાવી થાય ત્યારે અનેક પ્રકારનાં પરિવર્તન આવે છે જેને આ મશીન ઓળખી કાઢી તાત્કાલિક ડ્રાઈવરને એલાર્મ વગાડીને ચેતવે છે. આ મશીનનાં અનેક પરિક્ષણ થયાં છે અને તે સફળ રહ્યું છે. હવે તેનાં વ્યાવસાયિક ઉત્પાદન પર વિચારણા ચાલી રહી છે.

**બીજી કહાની :** માત્ર બેંગ્લૂરુ શહેરમાં 48 ટકા પાણી ગટરમાં થઈને કાવેરી નદીમાં વહી જાય છે. દરરોજ 50.9 કરોડ લીટર પાણી ડિસ્ટ્રિબ્યુશન લાઈનોમાં લીકેજને કારણે વેડફાઈ જાય છે. ઝડપથી વધતાં શહેરીકરણને કારણે આવી સ્થિતિ બની છે. બેંગ્લૂરુમાં આ બાબતે એક અભ્યાસ હાથ ધરાયો હતો, જેમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે જો શહેરમાં પાણીનું સંકટ દૂર કરવું હોય તો સૌથી પહેલાં લીકેજની સમસ્યા દૂર કરવી પડશે. જેમાં પાણીનું સંરક્ષણ અને જળ પ્રબંધનને એડવાન્સ કરવું તથા પાણીનાં ગેરકાયદે ઉપયોગને અટકાવવાની સલાહ અપાઈ છે. આ બંનેમાંથી આપણને શું બોધપાઠ મળી રહ્યો છે? સૌથી પહેલાં એ બાબતને શોધો કે ક્યાં વધુ નુકસાન થઈ રહ્યું છે. ત્યારબાદ તમારી ઊર્જાને એ નુકસાન ઘટાડવાની રીત શોધવામાં લગાડો. એટલે કે સમસ્યાનું સમાધાન શોધો.


■ Parth Patel [Managing Editor]




# CONTENTS

AUGUST 2014

प्रतिध्वनि
THE VOICE OF INDIA
A National & International Magazine
Continue Issue: 212 • Year : 18th



**05 રાષ્ટ્રીય**
➤ વિકાસ પુરુષ મોદી
➤ મોદી આંધીમાં દિગ્ગજો ડૂબી ગયાં !
➤ હવે ઈન્ટરેસ્ટિંગ ટાઈમ આવી રહ્યો છે !
➤ મોદીનાં યૌવનની આધ્યાત્મિક યાત્રા
➤ સંકલ્પને પરિણામમાં બદલવાનો પડકાર
➤ યુવા શક્તિનાં હાથ નવરાં રાખનારો શાસક ગુનેગાર છે
➤ મોદી સરકારનાં પહેલા બે નિર્ણય
➤ શુધ્ધિકરણની વિકરાળ સમસ્યા થશે સરળ
➤ ભવિષ્યને આજમાં જુઓ
➤ આપણે સારા બનીશું તો જ અચ્છે દિન આવશે
➤ ભારત ભાગ્ય વિધાતા બદલાઈ ચૂક્યાં છે
➤ ભારતનું અર્થતંત્ર પ્રગતિનાં પંથે...
➤ દૂધ વગર ચાલે, મોબાઈલ વગર નહીં...
➤ એક આઈડિયા જિંદગી બદલી શકે છે
➤ નમામિદેવી નર્મદે...

**21 ફોકસ**
➤ વર્લ્ડ હેરિટેજ સાઈટમાં પાટણની રાણકી વાવ
➤ વિશ્વનાં અનોખા અને આકર્ષક પુલ
➤ ભારત આર્થિક રીતે સૌથી વિશ્વાસુ દેશ
➤ ક્રાંતિ કે ઉત્ક્રાંતિ
➤ નાનાં અનુભવોનું વિરાટ વિશ્વ
➤ લઈએ તેથી વધુ આપવાનો સંકલ્પ કરો
➤ વૈશ્વિક ગુજરાતી
➤ જીગતભરમાં ‘પટેલ’ અટકનો વટ

**29 બેંકિંગ :** લોન અને રોકાણ વચ્ચે સંતુલન રાખો

**30 ધર્મ :** શ્રી કૃષ્ણ : એક વિરાટ વ્યક્તિત્વ

**34 निर्माण :** आदर्शों को पालना ही भारतीयता





# વિકાસ પુરુષ મોદી

## વડનગરથી દિલ્હીનું રાજપદ મેળવનાર મોદીની લાંબી રાજકીય યાત્રા

વોઈસીઝ ઓફ નાઈટ પુસ્તકમાં લોંગફેલો નામનાં બ્રિટનનાં આધ્યાત્મિક અને ચિંતનાત્મક લેખકે લખેલું "તારે ઊંચે ચઢવું છે તો સબલાઈમ ચીજોને પરખ અને જીવનમાં સહન કર તથા એકલતાને ઓળખ" આ પ્રમાણે નરેન્દ્ર મોદીએ જીવનને ઊંચે ચઢાવવા ભારતની આધ્યાત્મિક યાત્રા આરંભેલી. તેઓ સ્વામી વિવેકાનંદે શરૂ કરેલી રામકૃષ્ણ મિશનની કલકત્તાથી અલમોડા અને હિમાલયથી છેક રાજકોટ સુધી આધ્યાત્મિક યાત્રામાં ભટક્યા, તેમને સંત થઈ જવું હતું. અલમોડામાં તેમણે સ્વામી વિવેકાનંદનાં જ્ઞાનને ઘૂંટી ઘૂંટીને પીધું. ઉત્તર ભારતમાં છેક હિમાલય સુધી એક વરસ ભટક્યાં, પછી નરેન્દ્ર મોદી સૌરાષ્ટ્રનાં રામકૃષ્ણ મિશનમાં આવી ગયાં." તેમણે હિન્દુસ્તાનનો ખૂણેખૂણો ખૂંદી નાંખવો હતો એટલે હિમાલયથી હિમાચલ પ્રદેશ સુધી ભટક્યાં. તેઓ 39 વર્ષનાં થયાં પછી ભાજપનાં સૈનિક બન્યાં. આધ્યાત્મિક ઉચ્ચસ્થાન મેળવવાને બદલે રાજકારણનાં તળાવમાં આવી ગયાં. બે દાયકા પછી તળાવમાંથી રાજકારણનાં સમુદ્રમાં ખાબક્યાં અને વડાપ્રધાન બની દિલ્હી પહોંચી ગયાં. તેમની આધ્યાત્મિક યાત્રાનાં અને "તપસ્યા"ની દક્ષિણારૂપે ભગવાને તેમને ભારતનાં નાથ બનાવ્યાં, તેમાં ઈનડાયરેક્ટલી કોંગ્રેસ તેમની ઉદ્ધારક બની. કોંગ્રેસ મોદીનાં ઉદયની યાત્રા દરમિયાન સતત નીચે પડવા માંડી. ભ્રષ્ટાચારથી લિપ્ત કોંગ્રેસે મોદી માટે દરવાજા ખુલ્લા કર્યા. સ્વામી આત્મસ્થાનંદજી 2013માં બેલુર મઠ ગયાં ત્યારે કબૂલ કર્યું કે મોદી આધ્યાત્મિક સ્વામી નહીં સત્તાનાં સ્વામી થવાં પેદા થયાં છે. સ્વામીએ કહ્યું "નરેન્દ્ર મોદી તમારા માટે ભાવિ કંઈક જુદું છે. એકાએક મોદી 1970નાં દાયકાની શરૂઆતમાં વડનગર આવી ગયાં. તેમની માતાએ જોયું કે દીકરાએ દાઢી વધારી છે. હીરાબાએ પીડા સાથે પૂછ્યું "દીકરા આજ સુધી ક્યાં ગયેલો?" મોદી ઘરે પાછા ફર્યા ત્યારે પિતા દામોદરને મળવાની ઉત્કંઠતા હતી. તેમને RSS નું ભારે આકર્ષણ હતું એટલે તેઓ 'વકીલસાહેબ' પાસે પાછા આવ્યાં, જે એમના ઓરિજિનલ રાજકીય ગુરુ હતાં. હીરાબાએ દીકરાની નાનકડી બેગને ફંફોળી, તેમાં માત્ર એક જોડી કપડાં, શાલ અને હીરાબાનો એક ફોટો હતો. આ ફોટો હંમેશા તેઓ સાથે રાખતાં. આ સમય દરમિયાન તેમના ભાઈઓ સાથે કોઈ સંપર્ક કર્યો નહીં. મોદીનો એક ભાઈ લેથ ફેક્ટરીમાં કામ કરતો હતો અને બીજો ભાઈ અત્યારે ગુજરાતનાં ઈન્ફોર્મેશન ડિપાર્ટમેન્ટમાં છે. એટલે કે મોદી તેમના બોસ છે પણ ભાઈઓને ભાગ્યે જ મળે છે. માત્ર હીરાબા સિવાય કોઈનું વળગણ મોદીને નથી. અલબત્ત આજે નવું વળગણ ભારત નિર્માણનું છે. 94 વર્ષનાં હીરાબા તેમની પુત્રી સાથે રહે છે. ફેમિલીનું કોઈ વળગણ નથી, પરંતુ દેશનું વળગણ ગજબનું છે. આ માણસ આત્મવંચનામાં રહ્યાં પછી હવે પૂરેપૂરા ખીલી ગયાં છે. તેમને માત્ર ને માત્ર વિકાસનું જ વળગણ છે. તેઓ કોણ જાણે "વિકાસ" નામની ધોને ક્યાંથી પકડી લાવ્યાં છે. જે હિન્દુત્વ તેમની રગેરગમાં છે તે વાતને થોડા વખત માટે ભૂલી ગયાં છે. આખરે મોદી અમદાવાદમાં તેમના એક કાકા પાસે આવ્યાં. કાકાનો કોઈ બિઝનેસ અમદાવાદમાં હતો. મોદી અમદાવાદ આવ્યાં ત્યારે કોઈ નોકરી ધંધો નહોતો. મોદીને ત્યારે તેનું શું ભાવિ છે તે ખબર નહોતી. તેને માત્ર RSS નું કામ કરવું હતું. તે વખતે મુસ્લિમોને રાજી રાખવાનું કોંગ્રેસને ધનુર ચઢેલું તે મોદીનાં રાજમાં આજેય છે. એ દરમિયાન ગુજરાતમાં 1969 અને તે પછી ઘણાં હિન્દુ મુસ્લિમ હુલ્લડો થયાં. ઈન્દિરા ગાંધીએ ત્યારે ઈમરજન્સી લાદી, એ ઈમરજન્સીએ મોદીનાં વડાપ્રધાનપદનાં ખેતરમાં ઘણું ખાતર નાંખી દીધું! મોદી અમદાવાદમાં એક નવાં ઘરમાં આવી ગયાં. તેમની સાથે એક ડઝન RSS નાં કાર્યકર્તા હતાં. તેઓ સવારે વહેલા 5 વાગે ઊઠી દૂધ લેવા જતાં, પછી બધાને જગાડતાં. સવારની પ્રાર્થના થતી, બધાં માટે તેઓ ચા બનાવતા પછી શાળાએ જતાં. પાછા આવીને શિરામણ કરી રહેણાંકને સાફ કરતાં. પછી 'ગુરુ' વકીલ સાહેબ અને પોતાનાં કપડાં ધોતા. પાછા બપોરે RSSની શાખા હેગડેવાર ભવનમાં જતાં. અહીં તેમની પ્રગતિ ઝડપથી થઈ. કોંગ્રેસનાં દહાડા ભરાઈ ગયાં હતાં. બધાનાં પેટને સત્તાનો પ્રસાદ ખાઈ ખાઈને આફરો ચઢ્યો હતો. એ હાલતમાં મોદીને કોઈ આંદોલન કરવું ન પડ્યું. મોદીને વડાપ્રધાન બનાવવાનો 'યશ' કોંગ્રેસને આપવો જોઈએ. મોદીનાં જીવનને અતિ ઝીણવટથી જાણવા પુસ્તક ખરીદી લેજો, તમે મોદી ભક્ત બની જશો.

# મોદી આંધીમાં દિગ્ગજો ડૂબી ગયાં !

**ભાજપે અયોધ્યામાં રામ મંદિરનું વચન હવે પાળી બતાવવું પડશે, દેશનો ઈતિહાસ બદલવાની સુવર્ણ તક નરેન્દ્ર મોદીને મળી છે**



ઈ.સ. 1947ની 15મી ઓગસ્ટે ભારતને જ્યારે અંગ્રેજોથી આઝાદી મળી, ત્યારે દિલ્હીનાં લાલ કિલ્લા પરથી ઐતિહાસિક ભાષણ આપતાં તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ કહ્યું હતું કે 'આપણી સમક્ષ એક એવી તક આવી છે, જેવી તક ઈતિહાસમાં જવલ્લે આવે છે. આ તકનો આપણે ઉપયોગ કરવાનો છે.' ઈ.સ. 2014ની 21 મેનાં રોજ નરેન્દ્ર મોદીએ ભારતનાં વડાપ્રધાન તરીકે શપથ લીધા ત્યારે ફરીથી તેમની સમક્ષ દેશનો ઈતિહાસ બદલવાની ભાગ્યે જ મળતી તક ઉપસ્થિત થઈ છે. એ તક ભારતને અંગ્રેજોની ગુલામીથી મુક્ત કરવાની હતી; આ તક દેશનો વૈશ્વિક વિકાસ કરવાની છે. ભાજપને અને તેમના સાથી પક્ષોને ખોબા ભરીને મતો આપીને ભારતની જનતાએ નરેન્દ્ર મોદીનાં હાથમાં દેશની લગામ સોંપી દીધી છે. હવે નરેન્દ્ર મોદીએ પોતાનાં વચનો પૂરાં કરી બતાવવાનાં છે.

ઈ.સ. 2014ની ચૂંટણીઓનાં પરિણામો અનેક દ્રષ્ટિએ ઐતિહાસિક છે. આ પરિણામો દ્વારા ભારતની પ્રજાએ ભાજપને સંપૂર્ણ બહુમતી આપી છે. સ્વતંત્ર ભારતનાં ઈતિહાસમાં કોંગ્રેસ સિવાયનાં કોઈ પણ પક્ષને સંપૂર્ણ બહુમતી મળી હોય તેવી આ પહેલી ઘટના છે. ઈ.સ. 1984માં રાજીવ ગાંધીનાં નેતૃત્વમાં કોંગ્રેસ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી તેના 30 વર્ષ પછી આપણા દેશમાં કોઈ એક પક્ષને સ્પષ્ટ બહુમતી મળી છે. આ બહુમતીનું સૌથી મોટું શ્રેય ભાજપનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવું જોઈએ. ભારતની પ્રજાએ પોતાની બધી શક્તિ મતપેટી દ્વારા નરેન્દ્ર મોદીનાં હાથમાં સોંપી દીધી છે. હવે ભાજપે અને મોદીએ ગુજરાતની જેમ દેશનો પણ વિકાસ કરી બતાવવો પડશે. નરેન્દ્ર મોદી જો 60 મહિનામાં આ ચમત્કાર નહીં કરી બતાડે તો ભારતની પ્રજા તેમને માફ નહીં કરે. નરેન્દ્ર મોદીની આંધીમાં રાજકારણનાં અનેક દિગ્ગજ ખેલાડીઓ અને પક્ષો ધૂળ ચાટતા થઈ ગયાં છે. ઉત્તરપ્રદેશની વાત કરીએ તો ભાજપનાં મોજામાં મુલાયમસિંહ યાદવ અને માયાવતી જેવાં સંકીર્ણ વિચારો ધરાવતા નેતાઓ કદ પ્રમાણે વેતરાઈ ગયાં છે. બિહારમાં નીતીશકુમારને પણ મોદીનો વિરોધ ભારે પડ્યો છે. આ ચૂંટણીઓમાં નીતીશકુમારનાં પક્ષ જેડી [યુ] નું ભારે ધોવાણ થયું છે. બિહારમાં લાલુપ્રસાદ યાદવનું તો રાજકીય અસ્તિત્વ જ ખલાસ થઈ ગયું છે. પવન પ્રમાણે દિશા ફેરવવા માટે જાણીતા શરદ પવારનાં પક્ષને મહારાષ્ટ્રમાં પણ ભારે ફટકો પડ્યો છે. જમ્મુ કાશ્મીરમાં જનતાએ બાપ બેટાનાં પક્ષ નેશનલ કોન્ફરન્સનાં શાસન પ્રત્યે પોતાનો અણગમો વ્યક્ત કર્યો છે. આ સિવાય કોંગ્રેસનાં મહારથીઓ કપિલ સિબ્બલ, સલમાન ખુરશીદ, પવન બંસલ, સંદીપ દિક્ષીત વગેરે પણ પ્રજાનાં ખોફનો ભોગ બન્યાં છે. આ બધા નેતાઓને સ્વાર્થ કેન્દ્રિત રાજકારણ ખેલવાની સજા મળી ગઈ છે.

લોકસભાની ચૂંટણીઓનાં પરિણામોમાં 'આમ આદમી પાર્ટી' પ્રત્યે પ્રજાનો અણગમો પ્રતિબિંબિત થાય છે. ભ્રષ્ટાચારને મિટાવી દેવાનાં આશાવાદ સાથે દિલ્હીમાં જીત હાંસલ કરનારા અરવિંદ કેજરીવાલે અને તેમના સાથીદારોએ ખાસ કરીને ભારતનાં શહેરી અને શિક્ષિત મધ્યમ વર્ગમાં જબરદસ્ત આકાંક્ષાઓ જન્માવી હતી. એક સમયે દેશમાં એવો માહોલ પેદા થયો હતો કે કોંગ્રેસ અને ભાજપ બંનેને આમ આદમી પાર્ટી ભારે પડશે. આ માહોલનો લાભ ઉઠાવવાને બદલે અરવિંદ કેજરીવાલ સસ્તી પ્રસિદ્ધિમાં અને નાટકબાજીમાં પડી ગયાં, તેની સજા તેમણે ભોગવવી પડી છે. અરવિંદ કેજરીવાલને જેટલી થપ્પડ પડી હતી, એટલી સીટો પણ તેમને મળી નથી. આમ આદમી પાર્ટીનો રાજકીય તખતો જેટલો ઝડપથી ઉદય થયો, એટલો જલદી તેનો અસ્ત પણ થઈ ગયો છે.

ઈ.સ. 1999માં NDAની સરકાર બની હતી અને અટલબિહારી વાજપેયી વડાપ્રધાન બન્યાં હતાં; પણ એ સમયે ભાજપ પાસે 182 બેઠકો હોવાને કારણે અટલબિહારી વાજપેયી ભાજપનાં એજન્ડાનો અમલ કરી શક્યાં નહોતાં. વાજપેયી જે 13 પક્ષોનાં મોરચાનું નેતૃત્વ કરતાં હતાં તેમાં કેટલાક સૂડો સેક્યુલરિસ્ટ હતાં. આ કારણે ભાજપનો અયોધ્યામાં રામમંદિર બનાવવાનો મુદ્દો અભરાઈએ ચડાવી દેવો પડ્યો હતો. આ ઉપરાંત સમગ્ર દેશમાં ગોવંશની હત્યા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું વચન પણ તેઓ પાળી શક્યા નથી. હવે ભાજપ પાસે પૂર્ણ બહુમત છે ત્યારે નરેન્દ્ર મોદી બધાનો સાથ લઈને અયોધ્યામાં રામમંદિર બાંધવાનું અને ગોવંશની હત્યા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું વચન પાળી પોતાની પ્રતિબદ્ધતા સાબિત કરી આપશે તેવી અપેક્ષા છે.

ભારતે છેલ્લા 10 વર્ષમાં UPAનું જે કુશાસન જોયું તેનો જોટો સ્વતંત્ર ભારતનાં 67 વર્ષનાં ઈતિહાસમાં જડે તેમ નથી. એક વિદેશી મહિલા પોતાના તરંગો પ્રમાણે દેશનું શાસન સંભાળે અને કરોડરજ્જુ વગરનાં નિર્માલ્ય વડાપ્રધાન અપમાનનાં કડવા ઘૂંટડાઓ ગળીને સત્તા ઉપર જળોની જેમ ચિટકીને રહે તે તમાશો હવે પૂરો થયો છે. પ્રજા આ તમાશાથી તંગ આવી ગઈ હતી, આથી જ પ્રજાએ 56 ઈંચની છાતી ધરાવતા મોદીને વડાપ્રધાન બનાવ્યાં છે. હવે શ્રીમતી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ઉપરાંત કોંગ્રેસ પક્ષનાં ભવિષ્ય ઉપર પ્રશ્નચિહ્ન લાગી ગયું છે. ગાંધીજીએ સ્વતંત્રતા પછી કોંગ્રેસનું વિસર્જન કરી નાંખવાની સલાહ આપી હતી. કોંગ્રેસીઓએ આ સલાહનો હવે અમલ કરવો જોઈએ. કોઈ પણ એક વ્યક્તિનાં હાથમાં વધુ પડતી સત્તાઓ સોંપી દેવાનાં ફાયદાઓ છે તેમ ગેરફાયદાઓ પણ છે. વ્યક્તિ જો નિષ્ઠાપૂર્વક સત્તાનો ઉપયોગ કરે તો દેશ અને પ્રજાનો ઉધ્ધાર થઈ શકે. વ્યક્તિગત સ્વાર્થ માટે સત્તાનો દુરુપયોગ થાય તો દેશ ખાડે જઈ શકે. નરેન્દ્ર મોદીનો આજ સુધીનો ઊજળો રેકોર્ડ જોતાં તેઓ દેશને એક નવા યુગમાં પદાર્પણ કરાવશે તેવી આશા આપણે રાખવી જોઈએ.





# હવે ઈન્ટરેસ્ટિંગ ટાઈમ આવી રહ્યો છે !

ચીની ભાષામાં એક શાપ દેવાતો. “હે ભાઈ! તારે ખૂબ જ મઝેદાર જીવન જીવવું પડે તેવા દિવસો જોજે.” વખત જતાં પાંચસો વર્ષ પછી આ શાપનું પોતપોતાની રીતે ટ્રાન્સલેશન થવાં માંડ્યું અને આ કહેવત સાવ બદલાઈ ગઈ. હવે આધુનિક ચીનમાં કહેવાય છે “હે ભાઈ તું શાંતિનાં સમયમાં કૂતરાની જેમ જીવજે.” આજથી 178 વર્ષ પહેલાં ચીન ખાતે ડૉ. નેચબુલ હુગેસન નામનો બ્રિટિશ એલચી ગયો હતો. તેણે પોતાની આત્મકથામાં ચીનમાં વપરાતાં જુદી જુદી જાતનાં શાપમાંથી ઉપરનો એક શાપ બ્રિટનમાં પ્રચલિત કરેલો. પછી સૌ પોતપોતાની રીતે આ ભાષા પ્રયોગ બદલતાં ગયાં અને એક નવું વાક્ય પ્રચલિત થઈ ગયું. “વી આર લીવિંગ ઈન એન ઈન્ટરેસ્ટિંગ ટાઈમ” આપણે બહુ જ રોચક, ચિત્તાકર્ષક, ચિત્તરંજક, હૃદયવિદારક કે દિલચસ્પ દિવસોમાં જીવી રહ્યાં છીએ.

ભારતમાં આનો અર્થ રાજકારણમાં લાગુ કરીએ તો 67 વર્ષ સુધી નહેરું પરિવાર સત્તામાં જીવ્યાં. તેમાંય ઈન્દિરા યુગ લાંબો ચાલ્યો અને 2014માં નરેન્દ્ર મોદીએ પૂંછડે પાપડ બાંધીને ગાંધી પરિવારને કાઢ્યો, ત્યારે સોનિયા અને રાહુલ ગાંધી સત્તાનાં ઝાંપા બહાર ફેંકાઈ ગયાં. તે પહેલાં વચ્ચે આઈ.કે ગુજરાલ, લાલબહાદુર શાસ્ત્રી, દેવે ગૌડા, ચંદ્રશેખર, નરસિંહરાવ વગેરે અલપઝલપ વડા પ્રધાનો આવી ગયાં. ઈન્દિરા ગાંધીની ટૂંક સમયની ઈમરજન્સી સિવાય કોઈ પણ ભારતનો વડાપ્રધાન ભાગ્યે જ કંઈક કરીને ગયો હોય તેવું બન્યું છે. બહુ તો કઠણાઈઓ વધારી કે રૂપિયાનું અવમૂલ્યન કર્યું છે. ભારતની સ્વતંત્રતા પછીનાં ઈતિહાસમાં નરેન્દ્ર મોદીએ વડાપ્રધાનપદને હિલોળે ચઢાવ્યું. ભાવિનાં ગર્ભમાં નરેન્દ્ર મોદી શું આપણને ‘ઈન્ટરેસ્ટિંગ ટાઈમ’ આપશે ? તેઓ કહે છે “અચ્છે દિન આને વાલે હૈ” રોબર્ટ એફ કેનેડીએ 1966માં કેપટાઉનમાં ભાષણ આપ્યું ત્યારે આ વાક્ય વાપર્યું હતું. તેમણે કહેલું કે અમેરિકા બહુ જ કઠિન આર્થિક તકલીફમાં ફસાવાનું છે. હિન્દુસ્તાન જેવો વિકસતો દેશ પણ અમેરિકાનું નાક દબાવશે. એક એરિક નામના ઈતિહાસકારે આ વાક્ય તેની આત્મકથાનાં મથાળા માટે વાપરેલું. તેમાં તેણે ઈંગ્લેન્ડનાં ઈતિહાસને બદલે પોતે ત્રણ પ્રેમિકાઓ, રખાત અને પત્ની રાખીને કેવો ઈન્ટરેસ્ટિંગ ટાઈમ જોયો તે લખ્યું છે! આપણાં નવાં વડાપ્રધાનની કોઈ પ્રેમિકા હજી સુધી બહાર આવી નથી. ડૉ. મેકેન્ડ્રીવુ નામનાં વિજ્ઞાનીએ 29 માર્ચ 2014નાં રોજ લખ્યું છે કે “મે યુ લીવ ઈન ઈન્ટરેસ્ટિંગ ટાઈમ” એમાં જે રસપ્રદ સમય છે તે ધરતીકંપ કે કુદરતી તોફાનોને લગતો છે. સામાજિક અને નવી ટેક્નોલોજિકલ શોધો થાય તેમજ તેનાથી સમાજમાં જે ઊથલપાથલ થાય તે હવે આતુરતાથી જોવાનું છે. જગતમાં સામાજિક અને ઈકોનોમિક્સ ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફારો થઈ રહ્યાં છે. ઈંગ્લેન્ડ અને યુરોપની અડધો અડધ વસતિ લગ્ન કર્યા વગર રહે છે. હિન્દુસ્તાનને માત્ર થોડાક પ્રધાન પત્નીવાળા મળ્યાં છે. બાકી વાંઢા, વિધુર કે પરણેલા છતાં એકલા રહેનારા મળ્યાં છે. તમે “વ્હોટસ એપ” નામ સાંભળ્યું છે તેનો સ્થાપક જેનકોમ 38 વર્ષનો છે અને આજે તેનું વ્હોટસ એપ 50 કરોડ લોકો જગતભરમાં વાપરે છે.

ડૉ. જ્હોન આઈકરીડ નામનાં વિજ્ઞાની માને છે કે આપણે થોડા સમયમાં એક મોટી વૈશ્વિક કટોકટીમાં સપડાવાનાં છીએ ! હવે એ કટોકટી આશીર્વાદરૂપે આવશે કે શાપરૂપે આવશે? નરેન્દ્ર મોદી ભારત માટે આશીર્વાદ સાબિત થશે! મોદીનું શાસન ડેન્જર અને તક પણ છે. નરેન્દ્ર મોદી બિલકુલ બિનઅસરકારક કે આપણા ‘સરદાર’ની બીજી નવી આવૃત્તિ બનશે? નરેન્દ્ર મોદી વિશે મોટાભાગનાં ગુજરાતી અખબારોએ તંત્રીલેખનાં પાનાં મોદીવેવમાં ઉડાડી દીધાં છે. ઈન્દિરાએ ઈમરજન્સી લાદી પછી મહારાણી બની અને ચૂંટણી આવી એટલે ઈન્દિરાનાં સુપડાં સાફ થઈ ગયાં. ચૂંટણી પછી ઈન્દિરાજી મુંબઈ આવ્યાં. અહીંનાં મહારાષ્ટ્ર સરકારનાં ગેસ્ટહાઉસમાં ઈન્દિરાજી ઊતર્યા. ઈન્દિરાજી બની ઠનીને ખાદીની સાડીને યુઝવલ સ્ટાઈલમાં પહેરીને રૂમમાંથી બહાર નીકળ્યાં. ફટાફટ દાદરો ઊતરીને નીચે હોલમાં આવ્યાં. ઈન્દિરાજી હાર્યા એટલે એક પણ કોંગ્રેસી જે ઈન્દિરાજીનું તળિયું ચાટતા હતાં તેઓ ભાવ પૂછવાય પણ આવ્યાં નહોતાં ! વડાપ્રધાન તરીકે મોદી શું ઉકાળશે અને 2019 પછી શું થશે તે બહુ જ ઈન્ટરેસ્ટિંગ ટાઈમ હશે ! ચાલો આપણે ઈન્ટરેસ્ટિંગ ટાઈમની રાહ જોઈએ.




# મોદીનાં યૌવનની આધ્યાત્મિક યાત્રા

## બુદ્ધ અને ભગવાન રામ પાસેથી આધ્યાત્મિક પ્રેરણા લેવા ઘર છોડ્યું !

ભાઈશ્રીની ભાગવત્ત કથા સપ્તાહ ચાલે. મોરારિબાપુની રામકથા પણ માત્ર સપ્તાહ ચાલે, પરંતુ નરેન્દ્ર મોદીની મોદી કથા આપણે સતત સાંભળીએ છીએ. તેમાં દેશ પરદેશનાં પત્રકારો ભળ્યાં છે. તેમાં લંડનનું 'ગાર્ડિયન' તો મોદીભક્ત બની ગયું છે. તેનો લેખક લંડનનો યુરોપિયન નથી, પણ સ્વપ્નદાસ ગુપ્તા છે જે મોદીનો જૂનો માખણિયો છે. નરેન્દ્ર મોદીની પોલિટિકલ બાયોગ્રાફી લખનારા ભારતીય એન્ડી મરીનો છે. આપણે મોદીની જીવનકથાને આગળ ચલાવીએ.

'એન્ટોન ચેખોવ નામના રશિયન લેખક કહે છે કે દરેક નાનામાંથી મોટા થનાર માણસની સ્ટોરી ટર્ન લે છે. મોદીનાં બચપણની કથામાં જોવા મળ્યું કે એ સોશિયેબલ છોકરો હતો. તે ગરીબ હતો, પણ તેની ફરજો માટે ખૂબ જ સજાગ હતો. બચપણમાં ગીરીપુર મહાદેવનાં મંદિરમાં તે ભજનો ગાતો. તેની ફરજોમાં તે નમ્ર હતો, પણ જો તેના સ્વમાનને પડકારો તો વાઘ હતો. મોદી પોતાના બચપણની વાત કરે છે કે જ્યારે હું સ્કૂલમાં હતો ત્યારે મને શિક્ષકોની વાતને પડકારવાની ટેવ હતી. ઘણી વખત હું શિક્ષકનો ય શિક્ષક બનવા કોશિશ કરતો! હું મારી માતાને પણ કહેતો કે માં તું ફલાણું કામ આ રીતે કેમ કરતી નથી. હીરાબાને દીકરાનો આ સ્વભાવ ગમતો, પણ તેને બીક લાગતી કે દીકરો ઘર છોડીને ભાગી જશે.' નરેન્દ્ર મોદી દરેક વસ્તુને બદલવા અને સુધારવા માંગતા. તેને માટે વડનગર સાવ સાંકડું હતું. નાની ઉંમરથી જ મોદીને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનું આકર્ષણ હતું. તે વખતે કોંગ્રેસમેન રસિકભાઈ દવેનો ભેટો થયો, ત્યારે ગુજરાતને મુંબઈ સ્ટેટથી અલગ કરવાનું આંદોલન મે 1960માં શરૂ થયું હતું. કોંગ્રેસનાં યંગ કાર્યકર તરીકે મોદી તેના સ્કૂલનાં મિત્રોને અલગ ગુજરાત રાજ્યનાં આંદોલનનાં પતાકડાં વહેંચતા. મોદી પોતાના કોંગ્રેસ સાથેનાં એટેચમેન્ટને જલદીથી નકારવા એન્ડી મરીનોને કહે છે કે, ત્યારે મને એવી કોઈ ઊંડી પોલિટિકલ સમજ નહોતી. પિતાનાં ટી સ્ટોલમાં મોદી માત્ર સાંજે મદદ કરતાં. ગાંધીની હત્યા પછી 1948માં RSS પર પ્રતિબંધ લાગ્યો, તેથી યુવાનોને RSSનું આકર્ષણ હતું. RSSમાં લક્ષ્મણરાવ ઈમાનદાર જેને લોકો 'વકીલ સાહેબ' કહેતા તે યંગ મોદીને 'બાલ સ્વયંસેવક' તરીકે આકર્ષી શક્યાં. મોદી માટે વકીલ સાહેબ ગાઈડ, વરિષ્ઠ અને સન્માનીય ઉપદેશક બની ગયાં. મોદીને છોકરામાંથી એક બહાદુર પુરુષ બનાવનાર આ બધાં બળો હતાં. ખાસ તો બચપણથી જ સ્વામી વિવેકાનંદ અને સરદાર પટેલ તેમના આદર્શ પુરુષ હતાં. તેમના ગાઈડ લક્ષ્મણરાવ કહેતા કે ભૂતકાળનાં આ તમામ મહાનુભાવોની ખામીઓ ન જુઓ, તેમના જીવનની પોઝિટિવ ક્વોલિટી જુઓ.

ચીન સાથેનું યુદ્ધ અને જવાહરલાલ નહેરુનું ઢીલાપણું મોદીને ઘણું અણગમતું હતું. 13 વર્ષની ઉંમરે મોદીને RSS દ્વારા જીવનમાં આગળ વધવા વડનગર છોડવું હતું. પિતાને એ પસંદ નહોતું, કારણ કે મોદીએ ત્યારે જામનગર જિલ્લાનાં એક ગામડે જઈ મિલિટરી લાઈફ જીવવાની હતી. મોદી પાકિસ્તાન સાથેનાં યુદ્ધમાં માનસિક સૈનિક બની ગયાં. 'પાકિસ્તાનીઓનાં કેમ ટુકડે ટુકડા કરી નાંખવા! એ સમયે ઘાંચી જ્ઞાતિમાં વેવિશાળ અને લગ્નનાં વિચિત્ર રિવાજ હતાં. મોદી ત્રણ વર્ષનાં હતાં ત્યારે જશોદા નામની છોકરી સાથે વેવિશાળ થયું. જશોદાબહેન જ્યારે 18 વર્ષનાં થયાં ત્યારે મોદીને કોહેબિટેશન થયું. મોદીનાં એક મિત્ર કહે છે કે તેમને કોહેબિટેશન થયું નહોતું એટલે કે મોદીએ લગ્નજીવન ભોગવ્યું નહોતું. મોદીએ બુદ્ધ અને ભગવાન રામ પાસેથી આધ્યાત્મિક પ્રેરણા લેવા ઘર છોડ્યું. ફરી પાછા મોદી અમદાવાદ આવ્યાં. જશોદાબહેન સ્કૂલ ટીચર થયાં. તેમને એક આશા હતી કે તેનો 'વરરાજા' એક રાત ઘરે વાળું કરવા આવશે.

વડનગરની બી.એન. હાઈસ્કૂલમાંથી મોદી કોલેજમાં આવ્યાં, જે કોલેજ તેમણે ટૂંક સમયમાં છોડી દીધી. કોરસપોન્ડન્સ કોર્સથી મોદીએ પોલિટિકલ સાયન્સમાં ગુજરાત યુનિવર્સિટીની માસ્ટર્સ ડિગ્રી મેળવી. પછી તેઓ હિમાલય જવા તૈયાર થયાં. મોદીને મા બાપનાં આશીર્વાદ જોઈતા હતાં. હીરાબાએ તે દિવસે કંસાર જમાડ્યો, તિલક કર્યું અને મોદીની સ્પીરીચ્યુઅલ આંખ ઉઘાડી. ઘર છોડ્યા પછી મોદીનું જીવન પરિવ્રાજક જેવું બન્યું. 30ની ઉંમર સુધી તેઓ જુદાં જુદાં ઘરે જમી લેતા. 'મેં કદી મને ભાવે તેવો ખોરાક ખાધો નથી.' ઘર છોડ્યું ત્યારે તેની પાસે થોડાંક કપડાં હતાં. પિતાનાં ટી સ્ટોલ તેમજ એક સ્થાનિક વેપારીને ત્યાં તેલને વહોરવાનું કામ કરેલું, તેમાંથી જે પૈસા મળ્યાં તે જ તેમની બચત હતી. તે પૈસાથી હિન્દુસ્તાનની સફર કરી શક્યાં. કોલકાતા નજીક હુગલી નદી પાસે રામકૃષ્ણ મિશનનો બેલૂર મઠ હતો, ત્યાં થોડો સમય રહ્યાં. મોદીની યુવાની આમ સ્પીરીચ્યુઅલ શોધમાં ગઈ. સ્પીરીચ્યુઅલ શોધમાંથી તેઓ આધુનિક ભારતનાં નિર્માણ માટે વડા પ્રધાનપદનાં પેશનેટ બન્યાં.

# સંકલ્પને પરિણામમાં બદલવાનો પડકાર


સો ખમી કેન્દ્ર સરકારનાં 15માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 26 મે 2014 નાં રોજ શપથવિધિ થઈ. રાષ્ટ્રપતિભવનનાં આ પ્રાંગણે ઘણાં ચઢાવ ઉતાર જોયા છે. UPAમાં વડાપ્રધાન કોણ બને તેની કશ્મકશ આપણે નિહાળી છે. 1984માં ઓપરેશન બ્લૂ સ્ટારથી નારાજ રાષ્ટ્ર પ્રમુખ જ્ઞાની જૈલસિંઘ, ઈમર્જન્સીમાં આદેશો પર ફટોફટ સહી કરી આપનારા ફખરુદ્દીન અલી અહમદ અને ડો. રાધાકૃષ્ણ પણ વીતેલા દિવસનાં રાષ્ટ્ર પ્રમુખો હતાં. આજે પ્રણવ મુખર્જી લાંબાગાળાનાં કોંગ્રેસી રાષ્ટ્ર પ્રમુખ તરીકે બેઠાં છે. તેમના જ હાથે તદ્દન બિનકોંગ્રેસી સરકારનાં વડાપ્રધાને શપથ લીધાં! હવે 2014ની 26 મેથી આ 'અગ્નિપથ' પર એક ગુજરાતી મુખ્યમંત્રીને ચાલવાનું નહીં, દોડતાં રહેવાનું ભાગ્ય પ્રાપ્ત થયું છે. કંઈ છે પ્રજાની નિરંતર ચાલતી આશા નિરાશાની મહત્ત્વાકાંક્ષા? કોઈ તેને 'નીઓ મિડલક્લાસ'નો વિકાસ કહે છે. કોઈ દરિદ્રનારાયણ ગરીબ સુધીનાં પ્રયાસો જુએ છે. કેટલાક પોથીપંડિતોનાં પૂર્વગ્રહોમાં મોદી કાર્યને ક્રોનિ કેપિટાલિઝમ દર્શાવાયું હતું. કેટલાક સાહિત્ય અને મહાનુભાવોનાં 'સંસ્કાર' એવું કહેવા પ્રેરાયા કે મોદી વડાપ્રધાન બનશે તો હું દેશ છોડીને ચાલ્યો જઈશ! અગાઉ એક નાટ્યકારે કહ્યું કે 'બંદૂક હોય તો તેને ગોળીથી વીંધી નાંખુ!' જેવા ઉદ્‌ગાર કાઢ્યા હતાં. આ બધું નાસમજ સાર્વજનિક જીવનની સહિષ્ણુતા દર્શાવે છે.

પ્રજાએ કોઈ પક્ષ, નેતા, વિચાર કે શક્તિ જોઈને મતો આપ્યાં હતાં ? કોંગ્રેસે કુલ મળીને 10 પ્રદેશોમાં શૂન્ય બેઠક મેળવી. આમ કેમ ? ઘણાં લોકો કહેતા હતાં કે મોદીનાં પ્રચારજંગથી આમ બન્યું ? જવાબ ખુદ નરેન્દ્ર મોદીએ આપ્યો કે લોકોએ સેક્યુલરિઝ્મ, વિભાજનની આદત, નરેગા અને ફૂડબિલ જેવા તમામ મુદ્દાને બાજુ પર રાખીને 'આશા' નાં મુદ્દે મતો આપ્યાં છે. કેટલાક પંડિતો આમાં 'ધ્રુવીકરણ' શોધવા લાગ્યાં છે. જો કોઈ ધ્રુવીકરણ હોય તો તે પ્રજામાં રહેલી 'ગ્લાનિ'નું છે, આ 'ગ્લાનિ'એ પછી ગુસ્સાનું રૂપ લીધું. કેટલાકે તેને 'ક્રાંતિ' કહી છે, કેટલાક 'રેનેસા' કહી રહ્યાં છે. કોંગ્રેસે આ વંશવાદનાં નિરર્થક પિંજરામાંથી મુક્ત થવું જોઈએ. સત્તાપક્ષ તૂટશે અને આપણે સત્તા પર આવી જઈશું એવા દિવાસ્વપ્નોમાંથી કોંગ્રેસ બહાર આવે તો એક મજબૂત અને સાર્થક વિરોધપક્ષની ભૂમિકા ભજવી શકે. દિલ્હી હવે તેનું નામ બદલીને 'હસ્તિનાપુર' બની શકે! પ્રજાની અપેક્ષા અનેકગણી છે અને નરેન્દ્ર મોદી સંકલ્પનાને ચરિતાર્થ કરવા માટે પૂર્ણ સમયનાં વડાપ્રધાન છે. અટલબિહારી વાજપેયીએ 1996થી 1999 સુધીની ઘટનાનાં સાક્ષી તરીકે, તેમની પ્રથમ સોગંધવિધિ વખતે એક કવિતા ગુજરાત ભવનનાં સભાખંડમાં નવાં સાંસદોની બેઠક દરમિયાન સંભળાવી હતી. શીર્ષક હતું 'પુનઃશ્ચ.' બહુ ઓછાની નજર ગઈ હશે કે પૂર્વોત્તર ઈશાન ભારતનાં નાગાલેન્ડનાં મુખ્યમંત્રી આ વખતે સાંસદ બન્યાં છે. નેફિયોરીઓ અગિયાર વર્ષથી મુખ્યમંત્રી હતાં. નાગા પીપલ્સ ફ્રન્ટની સાથે અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મણિપુર, ત્રિપુરા અને મિઝોરમનાં રાજકીય પક્ષોનો એક મોરચો બન્યો, તેણે 'વિકાસ'ની મહેચ્છા સાથે નવી કેન્દ્ર સરકારને સમર્થન આપ્યું છે. આ રળિયામણો ઉપેક્ષિત પ્રદેશ રાષ્ટ્રીય રાજનીતિમાં ભળવા ઈચ્છે તે મોટી ઘટના છે. પાકિસ્તાન કે બાંગ્લાદેશ સાથેનાં સંબંધો સુધારવા માટે શક્તિશાળી અને સ્થાયી સરકાર જરૂરી હતી તે હવે બની છે. મોદી સંકલ્પનાં પરિણામોનો જરૂર સાક્ષાત્કાર થશે.

# યુવા શક્તિનાં હાથ નવરાં રાખનારો શાસક ગુનેગાર છે

આ જે સૌ પ્રથમ શું કરવાનું છે? માત્ર હિન્દુસ્તાન માટે જ નહીં 2014થી 2025 સુધીમાં જગત માટે પ્રાયોરિટી શું રહેવાની છે? અમેરિકન પ્રમુખ જ્હોન કેનેડીએ 10 જૂન 1903માં કહેલું કે ઓલ પ્રોબ્લેમ્સ આર ક્રિએટેડ બાય હ્યુમન બીઈંગ. માનવોએ ઊભી કરેલી સમસ્યા માનવે જ ઉકેલવાની છે. આજે નવી સરકારે દેશનાં યુવાબળને રોજગારી, તેના ક્વોલિફિકેશન પ્રમાણેનો પગાર અને સ્ત્રીઓને અધિકાર વગેરે બાબતો પર અગ્રીમતા આપવી પડશે. શું સોનુ દુબઈ કે શારજાહમાં પાકે છે? ત્યાં કોઈ ખાણો છે? બોલો નથી, તો ભારતમાં સોનાનો ફ્રી વેપાર થઈ શકે? જો દુબઈમાં સોનાની ખાણો નથી, તો ત્યાંથી સસ્તુ સોનું મોંઘુ થઈ દાણચોરીથી કેમ આવે છે? કોઈએ કદી વિચાર કર્યો છે? આજે દરેક ઘરમાં, રિક્ષાવાળા, શાક વેચનારી કે તમારે ઘેર કામ કરનારી બાઈને સોનાનું ઘરેણું જોઈએ છે. શું આપણે ભારતમાં સોનાનો વેપાર દુબઈની પોલીસીથી મુંબઈ, મદ્રાસ, કોયમ્બતુર કે કેરળમાં ન લાવી શકીએ? કદી કોઈએ વિચાર્યુ છે ? આજે 67 વર્ષ પછી કંઈક એવું કરો કે દુબઈનાં દાણચોરો બેકાર બની જાય અને ભારતમાં જગતભરનાં ઘરેણા ઘડાય. સીધી કે આડકતરી રીતે 1 કરોડ લોકોને રોજગારી મળે. આજે દેશનાં યુવાબળ અને સ્ત્રી શક્તિને રોજગારી તેમજ સ્કિલ પ્રમાણેનો વ્યવસાય કે ધંધો જોઈએ છે. શું કામ? આ તાલીમ પામેલા હાથ બેકાર છે? તેઓને રોજગારીની જરૂર છે. ડૉ. ઈગોર સ્ટ્રેવિસ્કી નામનાં મહાન રશિયન સંગીતકારને કોઈ સંગીતપ્રેમીએ પૂછ્યું 'તમે દેશનાં શાસકોને શું મેસેજ આપશો? તેણે કહ્યું' કંઈ જ નહીં આ દેશનાં યુવાનોનાં હાથ ખાલી છે પ્રથમ તેને કામ આપો. માણસને ખાવાથી જેમ ભૂખ લાગે છે તેમ કંઈક કામ કરે તો પ્રેરણા મળે છે. જર્મન કવિ ગેટેએ 1787માં કહેલું કે યુઝલેસ લાઈફ ઈઝ અર્લી ડેથ. અર્થાત તમે સાવ કામ વગરનાં અને નક્કામાં માણસ હો એના કરતાં મરી જાઓ તે સારું છે. બે ભાઈઓ હોય એમાં એક કમાતો ભાઈ કેવો આવકાર પામે છે? અને બેકાર ભાઈ? સગો દીકરો જો નવરો હોય તો વહાલ વરસતું નથી. કામઢા દીકરા ઉપર મા બાપનું વહાલ વધુ વરસે છે. ટૂંકમાં વડા પ્રધાન તરીકે 2014માં નરેન્દ્ર મોદીએ રોજગારી વધારવી પડશે. યુવા લોહીનાં હાથમાં કામ આપવાનું રહેશે. માનસશાસ્ત્રી કહે છે કે 78 ટકા અમેરિકનોને મની પ્રોબ્લેમ સતાવે છે. એ સમસ્યા બેકારી કે અર્ધબેકારી થકી આવે છે.

બેકારી યુવાનોનું લોહી પીવે છે. અમેરિકામાં બેકાર માણસ સૌપ્રથમ સ્ટ્રેસ અને ડિપ્રેશનથી પીડાય છે. પોતે પોતાને નક્કામો માને છે. ઘણાં પરણેલા બેકારો રાત્રે 'નક્કામા' હોય છે. પાડોશમાં તેને કોઈ સાથે ભળવાનું મન થતું નથી. અમેરિકન સ્ત્રીઓમાં જેને કામ મળતું નથી તેને જીવનમાં રસ રહેતો નથી! અમેરિકાનાં પ્રતિષ્ઠિત સાપ્તાહિકે સર્વે કર્યો અને બેકાર લોકોને શું સતાવે છે તે જોયું તો 'ચિંતા, સ્લીપીંગ પ્રોબ્લેમ્સ, સંબંધોમાં ઉષ્મા ગુમાવવી વગેરે માનસિક સમસ્યા નડતી હતી.' વર્લ્ડ ઈકોનોમિક કાઉન્સીલ જગતભરનાં બેકારોનો આંકડો 200 કરોડનો મૂકે છે. 1547માં રાજા હેન્રીનાં રાજમાં બેકાર રહેવું તે ગુનો હતો. 72000 લોકોને બેકારીનાં ગુના માટે ગોળીએ દેવાયા હતાં! ઈંગ્લેન્ડમાં બેકારોનો બોજો 61 અબજ પાઉન્ડ હતો! જ્યોર્જ ઓરવેલની આ વાત કેટલી સોનેરી છે 'કોઈ બેકાર હોય ત્યારે તેને ખરેખર પૈસાની ચિંતા નથી, તે મિઝરેબલ છે કારણ કે તેના બળવાન હાથમાં કામ નથી. ખરેખર રિસોર્સફુલ માઈન્ડવાળો માણસ બેકાર હોય તે સૌથી મોટી પીડા છે!'




# મોદી સરકારનાં પહેલા બે નિર્ણય

## એક અર્થવ્યવસ્થા સાથે જોડાયેલો અને બીજો આસ્થા સાથે

સરકાર બનતા જ નરેન્દ્ર મોદીએ સૌથી પહેલા બે મોટા નિર્ણય લીધાં. તેમાં તેમની બે પ્રાથમિકતા નજર આવી. દરેક વ્યક્તિ સાથે જોડાયેલ બાબતો પર તેઓ સપ્લાય સિસ્ટમમાં સુધારો કરીને લોકોને રાહત આપવા માગે છે. બીજી તરફ ₹ 25 હજાર કરોડનાં ભારે બજેટથી તેઓ ગંગા માટે એક મોટી યોજના લાવી રહ્યાં છે. આ યોજનાથી ગંગા પાંચ વર્ષમાં સુંદર અને સ્વચ્છ બનવાની છે.

**મોંઘવારી :**

**રૂપિયાની મજબૂતી માટે બજારમાં સપ્લાય વધારવામાં આવશે**

**નરેન્દ્ર** મોદી સરકારની કેબિનેટ તૈયાર કરી ચૂક્યાં છે. બીજી તરફ સરકાર સાથે જોડાયેલા લોકો સૌથી મોટો પડકાર મોંઘવારીનો સામનો કરવાની તૈયારીમાં છે. UPA સરકાર રિઝર્વ બેન્ક દ્વારા મોંઘવારી પર નિયંત્રણ મેળવવાનો પ્રયત્ન કરતી રહી, પરંતુ મોદી સરકાર તેનો ઈલાજ સપ્લાય તરફથી કરવા જઈ રહી છે. આ સિવાય સરકાર સ્વર્ણિમ ચતુર્ભુજ જેવા પ્રોજેક્ટ્સનો સમયબદ્ધ રીતે પૂર્ણ કરવામાં જોર લગાવશે. પાવર સેક્ટરમાં તેજી લાવવામાં આવશે. સરકાર મોટા પાયે રોજગારી ઊભી કરશે. સરકાર માત્ર નીતિઓ ઘડશે,જેના કારણે સર્વિસ સેક્ટર અને મેન્યુફેક્ચરિંગમાં મોટાપાયે નોકરીઓનાં અવસર ઊભા થઈ શકશે. UPA સરકારે હાલમાં એક હજાર રૂપિયાથી વધારેનાં પ્રોજેક્ટ્સ ઝડપથી પાસ કરાવવા માટે કેબિનેટ સચિવાલયમાં એક વિભાગ બનાવ્યો હતો. હવે એકસોથી હજાર કરોડનાં પ્રોજેક્ટ્સને લીલી ઝંડી આપવા માટે રાજ્યોનાં મુખ્યમંત્રી કાર્યાલયમાં અલગ સેલ બનાવાશે.

**મોંઘવારી પર નિયંત્રણ માટે પાંચ પગલાં**

**1.** ડોલરની સરખામણીમાં રૂપિયાની કિંમત 69થી ઘટાડીને 58 પર આવી ગઈ છે. સરકારને આશા છે કે રૂપિયો 45નાં સ્તર સુધી પહોંચી જશે.
**2.** રૂપિયો મજબૂત થતાં જ સરકાર બેન્કનાં વ્યાજદર ઘટાડી દેશે.
**3.** બન્ને પગલાઓથી આયાત સસ્તી થશે.
**4.** આયાત વધવાથી સ્થાનિક બજારમાં કિંમતો નીચે આવી જશે.
**5.** સસ્તો કાચો માલ આયાત થવાથી મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં તેજી આવશે.

**ગંગા :**

**₹ 25 હજાર કરોડ ખર્ચીને સ્વચ્છ અને સુંદર બનાવાશે**

**વડાપ્રધાન** પદનાં શપથ લીધાં બાદ નરેન્દ્ર મોદીની સૌથી પહેલી જાહેરાત ગંગાની સફાઈ અને તેને સુંદર બનાવવાની હતી. આ પ્રોજેક્ટની કિંમત ₹ 25 હજાર કરોડ કે તેના કરતાં વધારે હોઈ શકે. આ પ્રોજેક્ટ માટે તેઓ અલગથી મંત્રાલય શરૂ કરવાની વિચારણા કરી રહ્યાં છે. શક્યતા છે કે પાછળથી આ પ્રોજેક્ટમાં યમુનાનો પણ સમાવેશ કરી દેવામાં આવે. વારાણસીમાં વોટરફ્રન્ટ બનાવવામાં આવશે. તેના ઉપર માત્ર પગે ચાલી શકાય તેટલી પહોળી જગ્યા હશે. ગંગાનાં ઘાટ ઉપર બનેલા મંદિરોને યથાવત રાખી સુંદર બનાવવામાં આવશે. વારાણસીમાંથી નામાંકન ભરતાં પહેલાં મોદીએ ગંગા સાથે પોતાના ભાવનાત્મક સંબંધ અંગે જણાવ્યું હતું. જીત્યા બાદ ગંગા આરતીમાં ભાગ લેવા માટે વારાણસી ગયાં હતાં, તેમણે ગંગાને સુંદર બનાવવાનો સંકલ્પ જણાવ્યો હતો. આ પ્રોજેક્ટનો અડધો હિસ્સો અઢી વર્ષ બાદ યુપીમાં થનારી ચૂંટણી પહેલાં પૂરો કરવામાં આવશે.

**હવે ગંગાનું રૂપ બદલાશે...**

**1.** ગંગા મંત્રાલય દ્વારા તમામ નાળાઓ ઉપર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ લગાવાશે. **2.** વારાણસીમાં લગભગ પાંચ કિમીનો વોટરફ્રન્ટ વિકસાવવામાં આવશે. **3.** અહીં લંડનની થેમ્સ અને પેરિસની સીન નદીઓનાં કિનારાઓની જેમ સુંદર કિનારા બનાવવામાં આવશે. **4.** ગંગાને ઋષિકેશ અને હરિદ્વારથી માંડીને કાનપુર તેમજ વારાણસી જેવાં નાના શહેરોમાં પણ સુંદર બનાવવામાં આવશે. **5.** પાંચ વર્ષની અંદર આ પ્રોજેક્ટ પૂરો થશે.



# શુધ્ધિકરણની વિકરાળ સમસ્યા થશે સરળ

# ગંગાનો મેલ દૂર કરવા દૃઢ ઈચ્છા શક્તિ જોઈએ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પહેલાં ગંગાની ગંદકી દૂર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. ચૂંટાઈને આવ્યાં પછી તેમણે જે હિલચાલ આદરી છે, તેના થકી ગંગાની ગંદકી દૂર થાય તેવા સંકેતો દેખાઈ રહ્યાં છે. નવી સરકારમાં ગંગા શુદ્ધિકરણ માટે ખાસ મંત્રાલય બનાવવામાં આવ્યું છે, જેની જવાબદારી ઉમા ભારતીને સોંપવામાં આવી છે. તાજેતરમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ઉમા ભારતીએ જાહેર કર્યું હતું કે તેમણે આ જવાબદારી ભૂપરિવહન ખાતાનાં પ્રધાન નીતિન ગડકરીને સોંપી દીધી છે. નીતિન ગડકરીએ જાહેર કર્યું કે તેઓ ગંગામાં વારાણસીથી હુગલી સુધી જળપરિવહન શરૂ કરવાનાં છે. ગંગામાં સ્ટીમરો ફરતી થશે તો તેની ગંદકી ઘટવાને બદલે વધવાની છે. બીજા સમાચાર એવા છે કે, જે કોઈ ગંગામાં થૂંકશે તેને 10,000 રૂપિયાનો દંડ અથવા ત્રણ મહિનાની જેલની સજા કરવામાં આવશે. ગંગામાં ગંદકી કરનારને પકડીને સજા કરવા માટે 2,525 કિલોમીટર લાંબી ગંગાનાં બંને કિનારે કેટલા પોલીસને બેસાડવા પડે ? ગંગામાં થૂંકનારને 10,000 રૂપિયાનો દંડ કરનારી સરકાર ગંગામાં કરોડો લિટર રાસાયણિક કચરો ઠાલવનારા ઉદ્યોગો સામે કેમ કાંઈ બોલતી નથી?

ગંગાની ગંદકી દૂર કરવાની કોઈ પણ યોજના ઘડતાં પહેલા ગંગા શા કારણે મેલી થઈ ગઈ છે તેના કારણો સમજવા જોઈએ. ગંગાને પ્રદૂષિત કરવામાં સૌથી ભૂંડી ભૂમિકા આ નદીનાં કિનારે સ્થાપવામાં આવેલા ઉદ્યોગો ભજવી રહ્યાં છે. કાનપુરમાં ગંગાને કિનારે નાંખવામાં આવેલા ચામડાંનાં કારખાનાંઓ દર વર્ષે કરોડો લિટર ઝેરી પ્રવાહી ગંગામાં ભેળવી રહ્યાં છે. આ ઝેરી પ્રવાહીમાં ક્રોમિયમ સલ્ફેટ, સોડિયમ સલ્ફાઈડ, ઝેરી તેજાબો, રંગો અને રસાયણો હોય છે. કાનપુર ઉપરાંત હરિદ્વાર, અલ્હાબાદ, વારાણસી, પટણા, ભાગલપુર અને કોલકાતામાં પણ ગંગાનાં કિનારે હજારો કારખાનાઓ પોતાનો ઝેરી કચરો પાણીમાં ઠાલવે છે. જ્યાં સુધી આ તમામ કારખાનાંઓ બંધ નહીં કરવામાં આવે કે પ્રદૂષણનાં નિકાલનો અન્ય ઉકેલ શોધવામાં નહિં આવે ત્યાં સુધી ગંગા શુદ્ધ થશે નહિં. ગંગાની ગંદકીનું બીજુ મુખ્ય કારણ તેના પ્રવાહમાં દરરોજ ભેળવવામાં આવતું 2.7 અબજ લિટર ગટરનું ગંદું પાણી છે. ગંગા કિનારે 59 મોટાં શહેરો અને 222 નાનાં શહેરો આવેલાં છે. આજથી 100 વર્ષ પહેલાંનાં કોઈ શહેરમાં ગટરો નહોતી, આથી ગંગામાં ગંદુ પાણી છોડવામાં આવતું નહોતું. આજે બધાં શહેરોમાં જાજરૂ અને ગટરો થઈ ગયાં છે. મોટા શહેરોનું 70 ટકા ગંદુ પાણી અને નાના શહેરોનું 100 ટકા ગંદુ પાણી ગંગામાં છોડવામાં આવે છે. આથી ગંગા સ્વયં એક મોટી ગટર બની ગઈ છે.

કોઈપણ નદીનાં પાણીમાં જો માનવમળ કે મૂત્ર છોડવામાં આવે તો કોલીફોર્મ બેક્ટેરિયાનું પ્રમાણ વધી જાય છે. સામાન્ય રીતે પાણીમાં દર 100 CC દીઠ 5,000 કોલીફોર્મ બેક્ટેરિયા હોય તો તેને સહ્ય માનવામાં આવે છે. વારાણસીમાંથી વહેતી ગંગામાં 100 CC દીઠ 58,000 કોલીફોર્મ બેક્ટેરિયા જોવા મળ્યાં હતાં. જો ગંગાને શુદ્ધ કરવી હોય તો થૂંકનારને દંડ કરવા જેવા હાસ્યાસ્પદ કાયદાઓ ઘડવાને બદલે ગંગામાં અબજો લિટર ગટરનું ગંદુ પાણી પધરાવતી નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાનાં વહીવટદારોને જેલમાં પૂરવા જોઈએ. ગંગાનાં કિનારે જે 40 કરોડ લોકો વસે છે, તેમનાં મળમૂત્ર ફ્લશ ટાઈપનાં જાજરૂનાં કારણે નદીમાં જાય છે. આ મળમૂત્રને નદીમાં જતાં રોકવામાં નહીં આવે ત્યાં સુધી ગંગાને શુદ્ધ કરવાની કોઈ યોજના સાકાર થવાની નથી.

ગંગાને શુદ્ધ કરવાની કોઈ પણ યોજના ઘડવામાં આવે ત્યારે સરકારી અધિકારીઓ એવો ઉકેલ સૂચવે છે કે ગટરનાં ગંદા પાણીને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વડે શુદ્ધ કરીને ગંગા નદીમાં છોડવાથી નદીની ગંદકી દૂર કરી શકાય. આ ધારણા સાથે ગંગા એક્શન પ્લાન અંતર્ગત વિવિધ શહેરોમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી હતી. તેમાંના 90 ટકા પ્લાન્ટ અત્યારે ચાલતા નથી, કારણ કે વીજળી નથી. આ પ્લાન્ટનું સંચાલન કરવાની જવાબદારી સ્થાનિક નગરપાલિકાને સોંપવામાં આવે છે, જેની પાસે સંચાલન અને મરમ્મત કરવા માટેનો કુશળ સ્ટાફ નથી. ઘણાં પ્લાન્ટની મશીનરી કટાઈ ગઈ છે. ઘણાં પ્લાન્ટમાં તેમની ક્ષમતા કરતાં 20થી 25 ટકા પાણી શુદ્ધ કરવામાં આવે છે. જો ગંગાની ગંદકી દૂર કરવી હોય તો કોઈ વિકલ્પ શોધી કાઢવો પડશે.

ગંગામાં સ્વયંને શુદ્ધ કરવાની જાદુઈ શક્તિ છે. જે દિવસે ગંગામાં અબજો લિટર ગંદકી ઠાલવવાની બંધ કરવામાં આવશે તે દિવસે ગંગા પોતાની જાતે શુદ્ધ થઈ જશે. કાનપુરમાં ગંગા પગે ચાલીને પાર કરી શકાય છે. બંધોને કારણે ગંદકી દૂર કરવાની ગંગાની શક્તિ ક્ષીણ થઈ ગઈ છે. મનુષ્ય મૂર્ખાઈની કોઈ હદ નથી. એક બાજુ ગંગામાં વહેતાં શુદ્ધ જળને રોકવામાં આવે છે, બીજી બાજુ ગટરનું પાણી અને ઝેરી રસાયણો ઠાલવવામાં આવે છે. જો ગંગામાં અગાઉની જેમ પાણીનો ધસમસતો પ્રવાહ હોય તો ગંદકી પણ ઝડપથી દૂર થઈ જાય. ગંગાની આડે બંધાયેલા તમામ બંધો તોડી પાડવા જોઈએ. જો આપણી સરકાર આકરા નિર્ણયો લેવા તૈયાર થશે તો ગંગાની ગંદકી આ કાળમાં દૂર થઈ જશે.



# પ્રજાની ઊંચી અપેક્ષાઓ

દેશની ધૂરા સંભાળતી વખતે નરેન્દ્ર મોદીને અહેસાસ જરૂર હશે કે લોકોની સરકાર પાસે કેટલી ઊંચી અપેક્ષાઓ છે. ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને જે અકલ્પિત વિજય મળ્યો છે તેનું શ્રેય મોદીની રાજકીય બુદ્ધિને આપવામાં આવ્યું છે. તેઓ વિવિધ વર્ગોની અપેક્ષાઓ સમજવામાં સફળ રહ્યાં છે. 2012ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં તેમણે મધ્યમ વર્ગને કેન્દ્રમાં રાખીને ઘોષણાપત્ર તૈયાર કર્યું હતું. આર્થિક ઉદારીકરણની નીતિઓને પરિણામે એક મોટો વર્ગ અસ્તિત્વમાં આવ્યો છે, કે જેની પ્રાથમિકતા સારુ જીવનસ્તર મેળવવાની છે. UPA નાં પહેલા કાર્યકાળમાં અર્થતંત્ર તેજ ગતિએ આગળ વધી રહ્યું હતું. લોકોએ તેનો પુરસ્કાર કોંગ્રેસ નેતૃત્વવાળા ગઠબંધનને આપ્યો હતો. UPA નાં બીજા કાર્યકાળમાં આમ થયું નહીં, તેમણે પોતાની અપેક્ષાઓને ફળિભૂત કરવા માટે નવું રાજકીય માધ્યમ પસંદ કર્યું છે. મોદી 'અચ્છે દિન' લાવવાનો વિશ્વાસ પેદા કરવામાં સફળ રહ્યાં તો કરોડો લોકોએ તેમને એવી બહુમતી આપી કે જેનાથી તેઓ વિના વિઘ્ને કામ કરી શકે. કોઈ સરકાર પાસે જાદુની લાકડી હોતી નથી. આથી એવું વિચારવું નિરાધાર છે કે તમામ સમસ્યાઓ ટૂંકાગાળામાં દૂર થઈ જશે. જો મોદી પોતાની કાર્યશૈલી જાળવી રાખશે તો તેઓ લાંબાગાળાની રાજકીય મૂડીનું નિર્માણ કરશે. આશા છે કે મોદી રાજનીતિનો સિદ્ધાંત યાદ રાખશે. આશાઓ જેટલી ઝડપથી ઊંચે જાય છે, એટલી જ ઝડપથી નીચે પણ આવી જાય છે. પ્રજાની અપેક્ષાઓ પૂરી કરવા માટે મોદી કેવા પગલાં ભરે છે, લોકો તેની તપાસ આજથી શરૂ કરી દેશે.

## મોદીનું મંત્રી મંડળ

| | |
|---|---|
| 01. નરેન્દ્ર મોદી | વડાપ્રધાન, લોક ફરિયાદ તેમજ પેન્શન, પરમાણુ ઊર્જા, અંતરિક્ષ વિભાગ, અન્ય એવાં મંત્રાલયો અને વિભાગો કે જે કોઈ પ્રધાનને ફાળવવામાં નથી આવ્યાં. |

**કેબીનેટ પ્રધાન**

| | |
|---|---|
| 02. રાજનાથસિંહ | ગૃહપ્રધાન |
| 03. સુષ્મા સ્વરાજ | વિદેશ અને પ્રવાસી ભારતીય બાબતો |
| 04. અરુણ જેટલી | નાણાં, સંરક્ષણ અને કોર્પોરેટ બાબતો |
| 05. વેંકૈયા નાયડુ | શહેરી વિકાસ, આવાસ અને શહેરી બાબતો, ગરીબી નિવારણ તથા સંસદીય બાબતો |
| 06. નીતિન ગડકરી | પરિવહન, રાજમાર્ગ અને જહાજ |
| 07. સદાનંગ ગૌડા | રેલ્વે |
| 08. ઉમા ભારતી | જળ સંસાધન, ગંગા અને નદી વિકાસ |
| 09. નઝમા હેપતુલ્લા | લઘુમતી બાબતો |
| 10. રામવિલાસ પાસવાન | ગ્રાહક, ખાદ્ય તેમજ જાહેર વિતરણ |
| 11. કલરાજ મિશ્ર | નાના, લઘુ તેમજ મધ્યમ ઉદ્યોગ |
| 12. મેનકા ગાંધી | મહિલા અને બાળ વિકાસ |
| 13. અનંતકુમાર | રસાયણ અને ખાતર |
| 14. રવિશંકર પ્રસાદ | માહિતી, ટેકનોલોજી અને કાયદો |
| 15. અશોક ગજપતિ રાજુ | નાગરિક ઉડ્ડયન |
| 16. અનંત ગીતે | ભારે ઉદ્યોગ અને જાહેર એકમો |
| 17. હરસિમરત કૌર બાદલ | ફૂડ પ્રોસેસિંગ |
| 18. નરેન્દ્રસિંહ તોમર | ખાણ, સ્ટીલ, શ્રમ અને રોજગાર |
| 19. જુએલ ઓરાવ | આદિવાસી બાબતો |
| 20. રાધામોહન સિંહ | કૃષિ |
| 21. થાવરચંદ ગેહલોત | સામાજિક ન્યાય અને અધિકાર |
| 22. સ્મૃતિ ઝુબિન ઈરાની | માનવ સંસાધન વિકાસ |
| 23. ડો. હર્ષવર્ધન | સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ |

**રાજ્ય કક્ષાનાં પ્રધાનો**

| | |
|---|---|
| 24. વી.કે.સિંહ | પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ, વિદેશ અને પ્રવાસી ભારતીય બાબતો |
| 25. રાવ ઈન્દ્રજિત સિંહ | આયોજન, આંકડા અને કાર્યક્રમ અમલીકરણ |
| 26. સંતોષકુમાર ગંગવાર | કાપડ, સંસદીય, જળસંસાધન અને ગંગા |
| 27. શ્રીમદ યશો નાયક | સાંસ્કૃતિક અને પર્યટન |
| 28. ધર્મેન્દ્ર પ્રધાન | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ |
| 29. સર્વાનંદ સોનવલ | કૌશલ વિકાસ, યુવા બાબતો અને ખેલ |
| 30. પ્રકાશ જાવડેકર | માહિતી અને પ્રસારણ, પર્યાવરણ, વન જળ વાયુ પરિવર્તન તેમજ સંસદીય કાર્ય |
| 31. પીયૂષ ગોયલ | ઊર્જા, કોલસા તેમજ નવીનીકરણ |
| 32. જિતેન્દ્ર સિંહ | વિજ્ઞાન, ટેકનોલોજી, ભૂ વિજ્ઞાન, લોક ફરિયાદ, પેન્શન, પરમાણુ ઊર્જા અને અંતરિક્ષ વિભાગ |
| 33. નિર્મલા સીતારામન | વાણિજ્ય તેમજ ઉદ્યોગ અને નાણાં |
| 34. જી.એમ.સિદ્ધેશ્વરા | નાગરિક ઉડ્ડયન |
| 35. મનોજ સિંહા | રેલ્વે |
| 36. નિહાલચંદ | રસાયણ અને ખાતર |
| 37. ઉપેન્દ્ર કુશવાહ | ગ્રામીણ વિકાસ, પંચાયતી રાજ, પીવાનું પાણી અને સ્વચ્છતા |
| 38. પી. રાધાકૃષ્ણન | ભારે ઉદ્યોગ અને જાહેર એકમો |
| 39. કિરેન રિજ્જુ | ગૃહ |
| 40. કૃષ્ણપાલ ગુજ્જર | માર્ગ, વાહન વ્યવહાર, રાજમાર્ગ, જહાજ |
| 41. સંજીવકુમાર બાલિયાન | કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ |
| 42. મનસુખ વસાવા | જનજાતિય મુદ્દાઓ |
| 43. રાવ સાહેબ દાનવે | ગ્રાહક, ખાદ્ય અને જાહેર વિતરણ |
| 44. વિષ્ણુ દેવ રાય | ખાણ, સ્ટીલ અને શ્રમ રોજગાર |
| 45. સુદર્શન ભગત | સામાજિક ન્યાય અને અધિકાર |




# ભવિષ્યને આજમાં જુઓ

ભારત જેવી ઊભરતી સત્તા માટે આ સારી તક છે કે તે શું અનુકરણ કરી શકે છે અને કોનાથી બચવા માંગે છે. વર્ષ 2000માં મેં કહ્યું હતું કે ભારત લેન્ડલાઈન ટેલિફોન છોડીને ઈન્ટરનેટ અને મોબાઈલ અપનાવશે. તે વખતે આ બાબતને ખોટી ગણાવવામાં આવી હતી. આજે આ વાત સાચી પુરવાર થઈ અને મોબાઈલ નેટવર્ક ઝડપથી ફેલાયું. શિક્ષણ, હેલ્થકેર, ઊર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવાં ઘણાં ક્ષેત્ર છે જ્યાં ભારત દેડકા જેવો કૂદકો મારવાની આ રણનીતિ અપનાવી શકે છે અને બહેતર ભવિષ્યનો નવો રસ્તો શોધી શકે છે. પ્રશ્ન એ છે કે આવી રણનીતિ કેવી રીતે બનાવીશું ? પ્લાન એવા હોવા જોઈએ કે નિર્ધારિત તારીખ સુધીમાં 40 નવી યુનિવર્સિટી બનાવીશું, 80 હજાર નવાં ડોક્ટર તૈયાર કરીશું, 9 હજાર કિલોમીટર નવા હાઈવે બનાવીશું અથવા એક કરોડ સોલર પેનલ લગાવીશું. આ પ્લાન આજની બેઝલાઈન પર આધારિત હોય છે. ટેકનોલોજી દરરોજ બદલાઈ રહી હોવાથી ભવિષ્યને સીધે સીધા જોવાના પ્લાન પર ભરોસો કરવો યોગ્ય નથી. આથી ભારતીય લીડર્સે નક્કર લક્ષ્યો નક્કી કરવાને બદલે એક વ્યાપક દિશા અંગે કામ કરવું જોઈએ અને વિકાસલક્ષી માનસિકતા અપનાવવી જરૂરી છે. અમેરિકામાં દરેક 100 લોકો માટે 80 કાર છે. અનુમાન કરો કે ભારતમાં એ જ સ્થિતિ હોય તો શું થશે અને તે મુજબ પ્લાન બનાવો. કાર ટેકનોલોજીમાં સતત થઈ રહેલા પરિવર્તનને ધ્યાનમાં રાખો. સેલ્ફ ડ્રાઈવિંગ અને ઈલેક્ટ્રિક કારો આવી જશે. ભારે પરિવહનની સિસ્ટમ વધુ ઉપયોગી હશે. નવાં ઈલેક્ટ્રિક રેલ્વે નેટવર્ક પર જંગી રોકાણની જરૂર રહેશે નહી. ભારતની ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ અલગ હશે, જેના વિશે સરકાર આજે યોજના બનાવી રહી છે.

ભારતમાં એક મોટું ઘરેલું બજાર છે. ભારત ભાવિ વિકાસનાં નિયમો બદલી શકે છે. સંશોધન અને વિકાસ ટેક્સ ક્રેડિટથી વધુ હશે. ટેક્સ ક્રેડિટથી વધુ મૂડીવાળી સુવિધાઓને પ્રોત્સાહન મળશે. પ્રથમ ટેકસ વિકાસને પ્રોત્સાહન આપે છે, જ્યારે બીજો ટેક્સ વધુ સખત છે અને થોડીક મોટી કંપનીઓને પ્રોત્સાહન આપે છે. દરેક નીતિ એક કે બીજી દિશામાં ઝુકેલી હોય છે.

ભારતને વધુ ઈનોવેશન અને કેપિટાલિઝમની જરૂર છે. ઓનલાઈન એજ્યુકેશનથી ખર્ચ ઘટી રહ્યો છે. ભણવાની પારંપારિક રીતો બદલાઈ રહી છે. ભારત 2025 માટે શિક્ષણની યોજના બનાવે ત્યારે વધુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીની જરૂર હશે. શિક્ષણને નવું સ્વરૂપ આપવા માટે ટેકનોલોજી રિવોલ્યુશનનો લાભ લઈ શકાય. એ જ સ્થિતિ હેલ્થકેરમાં છે. અમેરિકા અને ભારતમાં ડોક્ટર : વસ્તીનો ગુણોતર જોઈએ તો ભારત દસ પગથિયાં નીચે છે. વર્તમાનની સરખામણીએ દસ ગણી વધુ મેડિકલ સ્કૂલ ખોલવાની જરૂર છે. બહેતર વિકલ્પ એ છે કે આપણે નવી કમ્પ્યુટર ડાયગ્નોસ્ટિક સિસ્ટમ અપનાવીએ. સેલફોન અને નવા ટેબલેટ દ્વારા ઈલાજનાં માર્ગો શોધીએ.

ભારત ચાઈના મોડેલ પર નહીં, પરંતુ યુરોપ મોડેલ પર આગળ વધશે. ભારતે 90નાં દાયકામાં ઝડપથી આગળ વધવાનું શરૂ કર્યું ત્યારે તેને ચીનનાં લોકશાહી વિશ્વનાં રૂપમાં જોવામાં આવતું હતું. આગળ વધવા માટે ભારતે આત્મસંતુષ્ટિ અને બહાનાબાજીની આદત છોડવી પડશે. નીચેનાં આધારથી આગળ વધવું સરળ રહે છે. 80નાં દાયકાની શરૂઆતમાં સરકારે આયાત પર એકાધિકાર ખતમ કર્યો હતો. દરેક દાયકામાં ભારતે પોતાનો GDP વૃદ્ધિદર અન્ય ઉભરતા બજારોની તુલનામાં એક થી બે ટકા વધુ નોંધાવ્યો હતો. બે મજબૂત દાયકા પછી આ દાયકામાં દેશની અર્થવ્યવસ્થા થોડી નબળી પડી. ચીન, તાઈવાન, કોરિયા અને જાપાને બતાવી આપ્યું કે વૈશ્વિક અર્થવ્યવસ્થા ગમે તે સ્થિતિમાં હોય પણ ત્રણ કે તેથી વધુ દાયકા સુધી 10 ટકાથી વધુ વૃદ્ધિદર હાંસલ કરી શકાય છે. ઝડપી શહેરીકરણ અને ઉત્પાદનમાં વૃદ્ધિનાં બળે તેમણે આ કરી બતાવ્યું. ભારત મહદઅંશે અન્ય વિકાસશીલ દેશો જેવો રહ્યો. ભારતે સંકટ સમયે સારું કામ કર્યું, પરંતુ બધું સારું હતું ત્યારે તેનો લાભ ગુમાવી દીધો. દેશ સંકટ સુધારા જેવા ચક્રવ્યૂહમાં રહ્યો હતો. ફરી સુધારાની જરૂરીયાત ઊભી થઈ છે. સરકાર આર્થિક સુધારાની દિશામાં એટલા માટે આગળ નથી વધી શકતી કે લોકશાહીમાં સર્વસહમતી મુશ્કેલથી મળે છે. પોલેન્ડ અને ચેક પ્રજાતંત્ર સહિત અનેક લોકશાહી દેશોમાં આર્થિક સુધારા હાથ ધરાયા છે. 1980માં 124 દેશોએ પાંચ ટકા વિકાસદર હાંસલ કર્યો હતો, તેમાંથી અડધા લોકશાહી દેશ છે. ભારત કઠોર સુધારાનો અમલ કરવાની સ્થિતિમાં નથી, કેમ કે લોકોમાં અનુશાસન નથી. દેશનાં લોકોમાં લોકશાહીની ચાહત વધી રહી છે. સેટેલાઈટ ટીવી અને ઈન્ટરનેટનો વ્યાપ વધતા ભારતીયોની મહત્ત્વાકાંક્ષા વધી છે. દેશમાં પાયાનાં મુદ્દાનું સમાધાન શોધવું જરૂરી છે. ગરીબો અને ગામડા માટે વધુમાં વધુ રસ્તા અને શાળા બનાવવા પડશે. આથી કોર્પોરેટ જગત રોકાણ કરવા આકર્ષાશે. દેશનાં તમામ રાજ્યોમાં એકસમાન વિકાસનો માહોલ બનશે. અનેક રાજ્યોનું ઝડપથી આગળ વધવું ભારતની પરિપક્વતાનાં સંકેત છે. હવે મતદારો વધુ ચિંતિત રહેતા નથી, તેમનું ધ્યાન ભારતનાં વિકાસ પર ટકેલું રહે છે.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : દહેગામ**

**Tel.:** હેડ ઓફિસ [દહેગામ] : 02716 232612
સબ યાર્ડ [રખિયાલ] : 267242, ચેરમેન [રહેઠાણ] : 233640

**સાચો તોલ** **રોકડા નાણાં** **ખુલ્લી હરાજી**

ખેડૂત અને વેપારીઓના હિતનું રક્ષણ કરતી દહેગામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સૌને સાથે લઈ સર્વાંગી વિકાસને ગતિશીલ બનાવી ઉત્તરોતર પ્રગતિનાં પંથે લઈ જવા સતત પ્રયત્નશીલ છે.

**યતિનકુમાર જે. શાહ** [સેક્રેટરી]
**નંદુભાઈ કે. પટેલ** [વાઈસ ચેરમેન]
**સુમેરુભાઈ આર. અમીન** [ચેરમેન]



# આપણે સારા બનીશું તો જ અચ્છે દિન આવશે

## જો આપણે કાયદાનું પાલન નહીં કરીએ, રચનાત્મકતાનું સન્માન નહીં કરીએ તો 'અચ્છે દિન' ક્યાંથી આવશે ?

ચૂંટણી અભિયાન દરમિયાન નરેન્દ્ર મોદી અને ભાજપે એક આકર્ષક નારો આપ્યો હતો, 'અચ્છે દિન આનેવાલે હૈ'. પક્ષે આ નારો આપતી વખતે એ જણાવ્યું ન હતું કે, 'અચ્છે દિન' ચોક્કસ ક્યાં દિવસે શરૂ થશે. શું તેની શરૂઆત મતગણતરીનાં દિવસથી થાય છે કે નવી સરકારે જે દિવસે શપથ લીધાં એ દિવસથી? 'અચ્છે દિન'ની બીજી ઘણી અસ્પષ્ટ બાબતો છે. 'અચ્છે દિન'નો ચોક્કસ અર્થ શું છે? હવે આપણી પાસે એક એવો વડાપ્રધાન છે જે બાબુઓને સમયસર આવવા અને ફાઈલોનો ઝડપી નિકાલ કરવા માટે કહી રહ્યો છે? શું શેરબજારનો વધતો સૂચકાંક 'અચ્છે દિન'નો સંકેત છે? ભારતીય માટે 'અચ્છે દિન'ની અપેક્ષાઓ ઘણી બધી છે. ઝૂંપડામાં રહેનારાને પાકું મકાન અને નળનું પાણી, ગ્રેજ્યુએટને સારું પ્લેસમેન્ટ, ગ્રામીણ મહિલાઓને ઘરમાં સંડાસ તો શેરબજારનાં બ્રોકરોને તેજી. સારી સ્કૂલ, જાહેર પરિવહન માટે સારા સાધન, બિઝનેસને ટેક્સનાં દરમાં અને કાયદામાં છૂટછાટ એટલે કે યાદી પૂરી થાય એવી જ નથી. મધ્યમ વર્ગ માટે 'અચ્છે દિન'નો અર્થ છે ટ્રાફિક જામમાં ઘટાડો, સાફ સુથરી ગલીઓ, મોંઘવારીમાં ઘટાડો, વધતી નોકરી, નોકરીઓની અસંખ્ય તક, આવકનાં દાયરામાં આવતી શિક્ષણ વ્યવસ્થા, સસ્તી આરોગ્ય સુવિધાઓ અને સલામતી. હવે સરકારે શું કરવું જોઈએ? પુછવા જેવો સવાલ એ છે કે, 'શું ક્યારેય કોઈ સરકારે 'અચ્છે દિન'નાં આટલા બધાં અનુરોધ પર કામ કરીને દેખાડ્યું છે? માત્ર 'સારી સરકાર' હોવાથી તમને વાસ્તવિક પ્રગતિ જોવા મળશે નહીં કે 'અચ્છે દિન' આવશે નહીં. તમારે સારા સમાજની પણ જરૂર પડશે. એવો સમાજ કે જેમાં લોકો મૂલ્યોની કદર કરતાં હોય અને સારા સંસ્કાર હોય.

કેટલાક લોકો એમ કહે છે કે, હું એકલો શું કરી શકું ? તો અહીં કેટલાક સૂચનો રજૂ કર્યા છે. આપણા ભારતીયોની કેટલીક એવી ટેવો છે જેને બદલવાની જરૂર છે. તમારાથી નીચેનાં વર્ગની ચિંતા કરો. શું તમે જાણો છો કે તમારા ઘરમાં કામ કરનારાનાં બાળકો કઈ સ્કૂલમાં ભણે છે? શું તેમને વીજળી અને પાણી મળી રહ્યું છે? શું તેમને 'અચ્છે દિન' જોવાનો અધિકાર મળી રહ્યો છે? કે પછી 'અચ્છે દિન'પર પહેલો અધિકાર તમારો છે? સૌના ભલાની માન્યતા આપણા સમાજમાંથી ગાયબ છે. તેનો અર્થ એટલો જ છે કે આપણે સૌ લઘુમત જીવનસ્તર માટે હંમેશા સંઘર્ષ કરતાં રહીએ. શું ક્યારેય તમે ઘરમાં કામ કરવા આવતા લોકોને અઠવાડિયામાં એક દિવસ રજા આપવા અંગે વિચાર્યું છે? નાગરિકતાનો બોધ છે કાયદાનું પાલન કરો. પરિવહનનાં નિયમોનું પાલન કરો કે કંઈ એવું ન કરો જેનાથી સમાજને નુકસાન પહોંચે. જો નાગરિક નિયમોનું પાલન ન કરતાં હોય તો દુનિયાનો સર્વશ્રેષ્ઠ ટ્રાફિક કમિશનર પણ કંઈ કરી શકતો નથી. શા માટે આપણે સુંદર પ્રવાસન સ્થળો પર પ્લાસ્ટીક રેપર કે અન્ય સામગ્રી ફેંકવામાં સંકોચ અનુભવતા નથી? જો આપણા વિચાર અને કર્મ જ આવા હોય તો કોઈ પણ સરકાર શું કરી શકે ? મહિલાઓનું સન્માન કરો. સન્માનનો અર્થ એ નથી કે તમે તેમના પગમાં પડી જાઓ. સન્માનનો અર્થ છે તેમની સાથે માનવીય વ્યવહાર કરો. તેમના અભિપ્રાયને સન્માન આપો. તેમને પોતાનો મત રજૂ કરવાની તક આપો. તેમને સમાન દરજ્જો આપો. સમય બદલાઈ ગયો છે હવે મહિલાઓને અલગ દૃષ્ટિકોણથી જોવાની જરૂર છે. આ જ રીતે તમામ ભારતીયોને સન્માન આપવાની જરૂર છે. પછી તેમનો ધર્મ, રંગ કે જાતિ ભલે ગમે તે કેમ ન હોય. કોઈ પણ સરકાર કોઈને પૂર્વગ્રહ છોડવા માટે મજબૂર કરી શકે નહીં. વ્યક્તિ અને સમાજે બદલાવું પડશે.

પ્રતિભા, ઈનોવેશન, રચનાત્મકતા, જોખમ લેવાની તૈયારી અને ઉદ્યમશીલતાનું સન્માન કરો. આપણે સત્તા, ધન, ઊંચી પહોંચ અને જીવનમાં સારું સ્થાન હાંસલ કરનારાનું સન્માન કરીએ છીએ. આપણે એમ પણ વિચારીએ છીએ કે બિઝનેસ અને બિઝનેસમેન ખરાબ હોય છે. આપણે એમ પણ વિચારીએ છીએ કે બૌદ્ધિક ચોરીમાં કોઈ વાંધો નથી અને બૌદ્ધિક સંપત્તિનું કોઈ મહત્ત્વ નથી. જો તમે રચનાત્મક્તાનું સન્માન નહીં કરો તો તે દેશની બહાર જતી રહેશે. દેશ સામે ઉપલબ્ધ વિકલ્પનો ઉપયોગ કરીને સરકાર બનાવવાનો સર્વશ્રેષ્ઠ પ્રયાસ થયો છે. 'અચ્છે દિન' માટે સારી સરકારથી પણ વધુ કંઈક સારું જોઈએ, તે માટે સારા લોકો હોવા જરૂરી છે.



### ટેકનોલોજી

## માહિતીનાં લોકશાહીકરણની જરૂરિયાત

**વિઝન :**
માહિતીને છેવાડાનાં દરેક માણસ સુધી પહોંચાડવી જોઈએ, આમ થશે તો તે આપોઆપ આગળ આવશે.

**લર્નિંગ :**
**1.** પૈસાદારો પૈસાદારોનાં જ પ્રોબ્લેમ્સ સોલ્વ કરે છે, જે ખોટું છે.
**2.** અત્યાર સુધી માળખાગત સુવિધાઓ પર જ ફોક્સ થયું છે.
**3.** હજી દેશની ટેકનોલોજીમાં ભારે ડિવાઈડ જોવા મળે છે.

**લક્ષ્ય :**
**1.** માહિતીને ફ્રીમાં સૌ સુધી પહોંચાડો.
**2.** એનર્જી ઉત્પાદન કોસ્ટ ઘટાડવી.
**3.** નેનોટેક, બાયોટેક પર ફોક્સ કરવું.

**નેનો અને બાયોટેકનોલોજી જેવાં ક્ષેત્રોમાં ક્રાંતિ લાવવાની જરૂર**

ટેકનોલોજીનું નામ પડે એટલે આપણને કંઈક ફેન્સી, અર્બન કે ફેશનેબલ વસ્તુઓ યાદ આવે. ટેકનોલોજીને આપણે બહુ એકઝોટિક ટર્મ બનાવી દીધી છે. હકીકતમાં ટેકનોલોજી એક ઈન્સ્ટ્રુમેન્ટ છે. ટેકનોલોજી રોજબરોજની વસ્તુઓમાં સમાયેલી છે. આપણે જે અનાજ ઉગાડીએ છીએ, ઘર બાંધીએ છીએ, ચશ્મા કે કપડાં પહેરીએ છીએ વગેરે. પોલિયો વેક્સિનથી લઈને રેડિયો, ટીવી, ટેલિફોન, ખાતર આ બધું ટેકનોલોજીને કારણે જ શક્ય બન્યું છે. મોટા ભાગની ટેકનોલોજી ગરીબોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન થવી જોઈએ, એમને ટેકનોલોજીનો એક્સેસ મળવો જોઈએ.

આપણે ત્યાં પૈસાદારો જ ટેલેન્ટ મેળવવા માટે સમર્થ બને છે. પૈસાદારો પૈસાદારોનાં જ પ્રોબ્લેમ્સ સોલ્વ કરે છે. ધારો કે કોઈ યુવાન હાવર્ડ કેમ્બ્રિજ જેવી વિદેશી યુનિવર્સિટીમાં ભણવા જાય અને ડિઝાઈનિંગ શીખે, તો ત્યાંથી નીકળીને એ પૈસાદારો માટેની વૉચ ડિઝાઈન કરશે, પણ એ ઝૂંપડપટ્ટી ડિઝાઈન નહીં કરે. ટેકનોલોજીની બાબતમાં ખરેખર ત્રણ ચીજોની જરૂર છે. એફોર્ડેબિલિટી, સ્કેલેબિલિટી અને સસ્ટેનેબિલિટી. આપણી પાસે વિશ્વનાં સૌથી વધુ ગરીબ લોકો છે, તો ભરપૂર યંગ ટેલેન્ટ પણ છે. આ યુવાશક્તિનો શક્ય તેટલો વધારે ઉપયોગ કરવો જોઈએ. ગરીબોને ટેકનોલોજી મળી રહે તે માટે તેને અત્યંત સસ્તી અને સુલભ બનાવવી જોઈએ.

આપણા દેશનાં ઘડવૈયાઓએ અત્યાર સુધી માળખાગત સુવિધાઓ પર અને શિક્ષણ પર ફોકસ કર્યું. રિસર્ચ સંસ્થાઓ બનાવી, પરંતુ તેનો જોઈએ તેટલો ફાયદો થયો નથી. હવે આવનારા સમયમાં આપણે નેનો ટેકનોલોજી અને બાયોટેકનોલોજી જેવાં ક્ષેત્રોમાં ક્રાંતિ લાવવાની જરૂર છે. એનર્જી ઉત્પાદનની કોસ્ટ ઘટાડવાની જરૂર છે. દેશમાં ટેકનોલોજીની વહેચણીમાં ભારે ડિવાઈડ જોવા મળે છે. દેશનાં ખૂણેખૂણામાં માહિતી પહોંચાડવાની જરૂર છે. ખરેખરી ગરીબી એ માહિતીની ગરીબી છે. આપણે માહિતીનું લોકશાહીકરણ કરવાની જરૂર છે. માત્ર સામાન મોકલવાથી કશું જ ન થાય. માહિતી મોકલવાથી જ ધાર્યા પરિણામ મળી શકે છે.

### ઈન્ફર્મેશન ટેકનોલોજી

## IT : આમ આદમીનું અનિવાર્ય શસ્ત્ર

**વિઝન :**
દેશની IT સેક્ટરની ક્ષમતાને જાણીને નિકાસ વધારવામાં આવે તો જંગી ખાધ ઓછી થઈ શકે છે.

**લર્નિંગ :**
**1.** 25 IT કંપનીઓનું આઉટપુટ છ લાખ કરોડ રૂપિયા થયું.
**2.** માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓ થશે તો દેશનો GDP વધશે.
**3.** ઈન્ટરનેટ ભારતને એક પ્લેટફોર્મ પર લાવી શકે છે.

**લક્ષ્ય :**
**1.** IT સેક્ટર બેકારી ઘટાડે.
**2.** ઈન્ટરનેટનો વ્યાપ વધવો જોઈએ.
**3.** યુવાપેઢીને ITમાં પલોટવી.

સ્વતંત્ર ભારતનાં સ્થાપકોએ દેશને આધુનિક, ઔદ્યોગિક અને સ્વાવલંબી રાષ્ટ્ર બનાવવાનું સ્વપ્ન જોયું હતું. એ પછી IIT અને ભાકરા જેવા ડેમો તથા વિશાળ વિજ્ઞાન સંસ્થાઓની રચના થઈ. પરંતુ જ્યાં સુધી ગ્રીન રિવોલ્યુશન આવ્યું નહીં ત્યાં સુધી દેશ ગરીબ રહ્યો.

નેવુંનાં દાયકામાં દેશની નીતિઓમાં ઉદારવાદનું મોજુ ફૂંકાયું. કોમ્પ્યુટરોએ વિશ્વમાં નવી ક્રાંતિનું સર્જન કર્યું તથા માઈક્રોસોફ્ટ, HP અને ઈન્ટેલ જેવી કંપનીઓએ અગ્રેસર ભૂમિકા ભજવી. ભારતમાં પણ ઈન્ફોસિસ, વિપ્રો અને TCS જેવી કંપનીઓનો ઉદ્‌ભવ થયો. આ કંપનીઓએ ઓછા લેબર ખર્ચનો ફાયદો ઉઠાવીને દુનિયાભરમાં આઉટસોર્સિંગનો ધીકતો ધંધો કર્યો. છેલ્લાં 25 વર્ષમાં ભારતની IT કંપનીઓએ તેમનું આઉટપુટ એક હજાર કરોડ રૂપિયાથી વધારીને છ લાખ કરોડ રૂપિયા કર્યું. ઘણી ભારતીય IT કંપનીઓની વેલ્યુ અબજો રૂપિયાને આંબી ગઈ. લડાઈ અહીં પૂરી થઈ નથી, કારણ કે ભારતની સૌથી મોટી IT કંપની TCSનું કદ હજી પણ એપલનાં દસમાં અને માઈક્રોસોફ્ટનાં આઠમાં ભાગ કરતાં પણ નાનું છે.

છેલ્લાં 25 વર્ષનાં કેટલાક પાઠ યાદ રાખવા જેવા છે. **1.** ભારતનાં આઉટસોર્સિંગ મોડેલનું નવસર્જન જરૂરી છે. જ્યારે ભારતની IT કંપનીઓનાં કર્મચારીઓનું માથાદીઠ આઉટપુટ માઈક્રોસોફ્ટ અને ગૂગલની સમકક્ષ થશે ત્યારે ભારતનો સમગ્ર GDP માત્ર IT ઉદ્યોગમાંથી મળી જશે. **2.** ભારતનાં વિપુલ યુવાધનને IT સેક્ટરમાં આકર્ષવાની જરૂર છે. **3.** ભારત અનેક વૈવિધ્યતા ધરાવતો વિશાળ દેશ છે. ઈન્ટરનેટનું પ્લેટફોર્મ દેશને એક કરવા સક્ષમ છે. તેનો ઉપયોગ એજ્યુકેશન, ઈ ગવર્નન્સ તથા સેવાઓ પૂરી પાડવા માટે થઈ શકે છે. ઈન્કમટેક્સ રિટર્ન માટેની કાગળ કાર્યવાહીમાં દોઢસો રૂપિયા ખર્ચાય છે, જ્યારે ડિજિટલ રિટર્ન માત્ર દસ રૂપિયામાં ભરાઈ શકે છે. તેથી દેશનાં IT સેક્ટરનું વિઝન આ ક્ષેત્રની ક્ષમતાને ઓળખીને નિકાસોમાં વધારો કરી જંગી ખાધ ઓછી કરવી તે છે. દેશનાં લાખો યુવાનોને રોજગારી આપવી એ પણ ટાર્ગેટ હોઈ શકે. ઈન્ટરનેટની અમર્યાદ શક્તિઓનો ઉપયોગ કરીને કરોડો ભારતીયોને અસરકારક અને પારદર્શક સેવા પૂરી પાડી શકાય.

# ભારત ભાગ્ય વિધાતા બદલાઈ ચૂક્યાં છે

**વિઝન :**

આજનાં યુવાનો જાણે છે કે દરેક સવાર નાનકડી યુવાની અને આરામની દરેક ક્ષણ નાનકડું મૃત્યુ હોય છે.

**લર્નિંગઃ**

1. દેખાડાનું સ્થાન હવે નિખાલસ કબૂલાતોએ લીધું છે.
2. હવે લંગોટિયા યાર નથી, ફેસબુકનાં અજાણ્યા લોકો મિત્રો છે.
3. ભવિષ્યની ચિંતા નથી, આજનું કમાઈ આજે જ માણી લેવું છે.

**લક્ષ્યઃ**

1. યુવાનો સ્વશક્તિથી વાકેફ રહે.
2. યુવાનોને એમની નજરે જોવા જોઈએ.
3. તેઓ જૂઠ ચલાવશે નહીં.

ગુડગાંવની સોફ્ટવેર કંપનીનાં અડતાલીસ વરસનાં બૉસની વિશાળ ચેમ્બરમાં નવા જોડાયેલા એક તેજસ્વી યુવાને નજર ફેરવી અને આછી વ્હિસલ મારતાં એ બોલ્યોઃ 'વાઉ! યોર ઑફિસ ઈઝ ગૉડડેમ બિગ... વ્હૉટ ફન, મેન!' એ 'મે આઈ કમ ઈન, સર' કલ્ચરનો યુવાન નહોતો. એ બૉસને નામથી બોલાવતો હતો. બેંગ્લોરની બાવીસ વરસની યુવતી કહે છે, 'નોકરીમાં સ્ટેબિલિટીનો આધાર માત્ર પર્ફોમન્સ પર હોય તો મને સ્ટેબિલિટીની જરૂર નથી, એનાથી હું સ્ટૅગ્નન્ટ થઈ જઈશ.' હૈદરાબાદનો યુવાન કહે છે, 'મને મારી મર્યાદાઓ ખુલ્લી રાખવામાં જરાય સંકોચ નથી. હું બીજા લોકો જેવા છે એવા સ્વીકારું છું અને હું જેવો છું એવો જ સ્વીકારવામાં આવે તેવો આગ્રહ રાખું છું.' છોકરા છોકરી એકબીજાને જે કહેવું છે તે બિન્ધાસ્ત કહી



શકે છે. વડીલોને પગે લાગવાનો દેખાડો કરવાની તેમને જરૂર લાગતી નથી. મોડી રાત સુધી ડિસ્કોથેકમાં મજા માણે છે. 'ભારત ભાગ્ય વિધાતા'નો અર્થ બદલાઈ ચૂક્યો છે. હવે એમને લંગોટિયા યાર નથી. ફેસબુકનાં અજાણ્યાં અને ચહેરા વગરનાં નામો એમના ગાઢ મિત્રો છે. એમણે ગુલામ ભારત જોયું નથી. આઝાદીનો અર્થ અરાજક્તાની ધાર પર પહોંચી ગયો છે. વર્તન, દેખાવ અને વલણમાં 'આઈ ડોન્ટ કેર...' વાંચી શકાય છે. ભવિષ્યની ચિંતા નથી. આજનું કમાઈ, આજે જ માણી લેવું છે. પૂર્વગ્રહ છોડીને જોશો તો આવાં નફિકરા વલણમાંથી ભારોભાર સેલ્ફ કોન્ફિડન્સ દેખાશે. જિંદગી મળી છે તો વેડફી નાંખવી નથી, ક્ષણેક્ષણને માણી લેવી છે. આજની યુવાપેઢી ભવિષ્ય વિશે અચોક્કસ હશે, પરંતુ એ પોતાની શક્તિઓમાં અપાર વિશ્વાસ ધરાવે છે. એ લોકો જેવું જીવન જીવે છે તેવું સ્વીકારવાની હિંમત રાખી શકે છે. તે દિશાહીન જણાશે, પણ સાચી દિશાની શોધ એમનામાં ધબકે છે. ધૃષ્ટ લાગે એ હદ સુધી તેઓ મગરૂર છે. વૃદ્ધ નેતાઓ ચૂંટણીટાણે યુવાનોનાં મત મેળવવા ગળું ફાડીને બોલે છે. દેશનાં યુવાનો મોટાં સપના જોઈ શકે એ માટે તકો ઊભી કરવી પડશે, યુવાધનને વેડફી શકાય નહીં. સૌ તાળીઓ પાડે છે, માત્ર આજનો યુવાન તાળી પાડતો નથી. આ જૂઠની એને આદત પડી ગઈ છે. એ જાણે છે દરેક તાજી સવાર નાનકડી યુવાની અને આરામની દરેક ક્ષણ નાનકડું મૃત્યુ હોય છે.

# ભારતનું અર્થતંત્ર પ્રગતિનાં પંથે

ડો. મનમોહનસિંઘે 30 એપ્રિલ 2014નાં રોજ ભારત માટે ગૌરવ લેવાય તેવા ઉદ્ગારો આયોજન પંચ અને આર્થિક પત્રકારો સામે કાઢ્યાં હતાં. તે માટે આપણે ગૌરવ લેવું જોઈએ. તેમણે કહ્યું કે "ઈન્ડિયા ઈઝ એ ડેવલપીંગ સ્ટોરી, ઈટ ઈઝ લાઈક વર્ક ઈન પ્રોગ્રેસ"! ધીરજ રાખો, એક ભવ્ય બિલ્ડીંગ ચણાઈ રહ્યું છે. આપણે બહુ પાછળ રહી ગયાં નથી. ડો. સિંઘ બોલ્યા હતાં કે "વીઆર ડેવલપીંગ સ્ટોરી, વર્ક ઈન પ્રોગ્રેસ" બિલ્ડીંગ ચણાતું હોય અને બોર્ડ માર્યું હોય તેવી આ વાત છે.

ભારતીય અર્થતંત્ર બીમાર નથી, ખડે ધડે છે. હજી 67 વર્ષ આઝાદીને થયાં છે. ઉત્તરાખંડમાં ઉધ્ધમસિંઘ નગર કેટલું બધું વિકસ્યું છે! આંધ્રપ્રદેશ આખો વિકસેલો છે. તેલંગાણા સહિત આસામમાં તીનસુખીયા ખાતે ગયાં છો? તમને ભારતીય સાડી પહેરેલી બહેનો કમ્પ્યુટર પર બેઠેલી દેખાશે. ગોવા, હરિયાણા અને કર્ણાટક પણ વિકસ્યા છે. કેરળમાં અલપુઝ અને પલ્લકડ, પંજાબમાં પતિયાલા વગેરે. આજે મધ્યપ્રદેશનાં શેહડોલ, ગુના અને ધાર શહેરોનાં ગામડાં જુઓ. રાજસ્થાન ઓવરઓલ જુઓ. તામિલનાડુનાં નાગાપટ્ટીનમ અને કડકલુર જરૂર જુઓ. નાગાપટ્ટીનમમાં ગુજરાતી જાણનારા મુસ્લીમો પણ છે. ભારતનાં આર્થિક પ્રધાનો નરસિંહરાવ અને ડો. મનમોહનસિંઘએ અર્થતંત્રને ઘણું મોકળું કર્યું છે. શું તમારે સોનાની આયાત દુબઈ જેવી કરવી છે? આ શક્ય છે! તો દુબઈનાં 'તબેલા' બેસી જાય? આપણે જગતમાં કૃષિપેદાશમાં અમેરિકા પછી બીજા નંબરે છીએ. આપણે ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં 'બાળક' છીએ. આપણે બેલેન્સ ઓફ પેમેન્ટમાં તેનો હીસ્સો 1 ટકો જ છીએ, પણ જ્યારે આ ભેજા બળ વધશે ત્યારે ઘણાં દેશોનાં હાજા ગગડશે. આપણે રિલાયન્સ કે તાતા સ્ટીલને બહુ વગોવવા જોઈએ નહીં. આજે ભારતની 47થી વધુ કંપનીઓ ફોર્બ્સ ગ્લોબલ લિસ્ટમાં છે. આપણે નેગેટીવ વાતો તુરંત જાણીએ છીએ. લંડનનું દૈનિક 'ગાર્ડીયન' આર્થિક બાબતોમાં માથુ મારે છે. તેણે જે આર્થિક પ્રોફેસરો ને કન્સલ્ટટો શોધ્યાં છે તેઓએ ગામડા જોયાં નથી. તેઓ શહેરમાં કમ્પ્યુટરોનાં ડબલા સામે બેસીને ડબ ડબ કરે છે. ભારતમાં ગામડાની દીકરી કમ્પ્યુટર ચલાવે અને માત્ર 1500ની વસતિમાં તમામ વસ્તુ મળે.

જગતમાં ઈફેક્ટીવ અને તદ્દન સસ્તી એલોપથીક દવાઓ ભારતમાં સસ્તામાં સસ્તી મળે છે. વૈકલ્પિક આયુર્વેદ પણ છે. અમેરિકા અને બ્રિટન સહિતનાં યુરોપિયન દેશોનાં  કન્ઝ્યુમર  ભારતમાં બનેલી સસ્તી એલોપથીક દવા વાપરે છે. મુંબઈમાં કલર્ડસ્ટોન કોર્સીસ શરૂ થયાં છે. કીંમતી સ્ટોન કેમ પારખવા તે ઝવેરીઓ જાણતા પછી પટેલો જાણી ગયાં. ભારતમાં સંશોધન અને ઉદ્યોગ ઉભો કરવાની પ્રવૃત્તિ જોરદાર ચાલે છે. હોન્ડા મોટર્સ ભારતમાં ₹ 500 કરોડ રોકીને કંપની ખોલે છે? આમ કરીને તેઓ ભારતમાં હોન્ડા કારને સસ્તી બનાવશે.

જગતભરની મહિલાઓ માસિક સ્ત્રાવ માટે જે સેનીટરી નેપકીન્સ વાપરે છે તેને સસ્તું બનાવવાનું મશીન અરૂણાચલમ મુરુગુઅનથમે બનાવી કાઢ્યું છે. એક નાનકડા પ્રસંગ ઉપરથી આ સેનીટરી નેપકીન ઉદ્યોગ અરૂણાચલમે શરૂ કર્યો. 16 વર્ષ પહેલાં તેની પત્ની માસિક સ્ત્રાવમાં વપરાતા દેશી ગાભા સંતાડતી હતી. પછી અરૂણાચલમે 10 ગ્રામ કોટનનાં ફકત ₹ 4માં મળે તેવા સેનીટરી નેપકીન્સ બનાવ્યાં! અરૂણાચલમનો ટારગેટ છે કે ભારતીય મહિલાઓ જ નહીં, પણ જગતનાં ગરીબ દેશો કેન્યા, નાઈજીરીયા, મોરેશિયશ, ફીલીપીન્સ, બાંગ્લાદેશ વગેરે 106 દેશોની મહિલઓને સેનીટરી નેપકીનનો ગૃહ ઉદ્યોગ શીખવવો. 'ઈન્ડિયા ઈઝ એ ડેવલપીંગ સ્ટોરી, ઈટ ઈઝ વર્ક ઈન પ્રોગ્રેસ' બાંધકામ ચાલુ છે.



# દૂધ વગર ચાલે, મોબાઈલ વગર નહીં !

## મોંઘવારી કરતાં ખોટા ખર્ચાઓ વધુ હાનિકારક છે

મોંઘવારીની પીડા ભોગવી રહેલાં મધ્યમવર્ગનાં લોકો એમ કહે કે, આજકાલ ખર્ચાઓ બહુ વધી ગયાં છે અને બે છેડા ભેગા કરવા મુશ્કેલ પડે છે. એવું ન માની લેવું કે અનાજ અને શાકભાજી મોંઘા થઈ ગયાં છે માટે તેમના ખર્ચા વધ્યાં છે. અમેરિકા અને યુરોપનાં દેશોમાં જે રીતે અદ્યતન ઈલેક્ટ્રોનિક સાધનો અને મોટરકાર પાછળ ખર્ચાઓ કરવાની આદત છે, એવી આદત ભારતનો મધ્યમવર્ગ પણ અપનાવી રહ્યો છે. શહેરનાં લોકો મહેનત કરીને રળેલા રૂપિયા ગઈકાલે કઈ રીતે વાપરતા હતાં અને આજે કેવી રીતે વાપરે છે, તેનું સર્વેક્ષણ અત્યંત રસપ્રદ છે. સર્વેક્ષણ ઉપરથી એટલો ખ્યાલ જરૂર આવે કે શહેરીજનો ખર્ચા કરતી વેળાએ પોતાને કેટલો લાભ થશે તેનો ખ્યાલ ઓછો રાખે, પણ સ્ટેટ્સ માટે ખર્ચાઓ વધુ કરે છે. આ સર્વેમાં ભારતનાં 20 શહેરોનાં આશરે 60,000 ઉપભોક્તાઓને આવરી લેવામાં આવ્યાં હતાં. સર્વે ઉપરથી ખ્યાલ આવે છે કે શહેરી મધ્યમ વર્ગમાં અનાજ અને કરિયાણા પાછળનાં ખર્ચમાં ઉત્તરોત્તર ઘટાડો નોંધાઈ રહ્યો છે. સેલફોન અને ઘરનોકર પાછળનાં ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે. શહેરી મધ્યમવર્ગ પોતાની મર્યાદિત આવકમાંથી સેલફોન અને ઘરનોકર જેવાં સ્ટેટ્સ સિમ્બોલ પાછળ એટલો બધો ખર્ચ કરી કાઢે છે કે પછી પૌષ્ટિક અનાજ, કઠોળ, શુદ્ધ ઘી, તેલ, ગોળ, ખાંડ વગેરે જીવનજરૂરી ચીજોની ખરીદીમાં તેણે કાપ મૂકવો પડે છે. આજનું જનરેશન કુપોષણ નોતરીને પણ મોબાઈલનો રોફ છાંટવામાં માને છે. આ સર્વે કરનારી કંપની કહે છે કે, 'છેલ્લા બે વર્ષમાં મધ્યમવર્ગનાં કરિયાણાનાં બિલમાં છ ટકાનો ઘટાડો નોંધાયો છે પણ મોબાઈલ ફોન અને ઈન્ટરનેટનાં ખર્ચમાં 200 ટકાનો વધારો નોંધાયો છે.' મધ્યમવર્ગનો માનવી આજે ઘરમાં શુદ્ધ ઘી વાપરવાને બદલે વનસ્પતિ ઘીથી ચલાવી લે છે પણ તેને મોબાઈલ વિના ચાલતું નથી. ભોજનમાં શાકભાજી, કઠોળ અને ફળનું પ્રમાણ ઘટે તેનો વાંધો નથી, પણ ઈન્ટરનેટ જોયા વિના તેને ચાલતું નથી. ગામડાનો ખેડૂત આજે પણ પોતાની આવકનાં 90 ટકા જેટલો ખર્ચ ખોરાક પાછળ કરતો હોય છે, જ્યારે શહેરી મધ્યમવર્ગ આહાર પાછળ માત્ર 28 ટકા જ ખર્ચ કરે છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે માણસે પોતાની આવકનો 50 ટકા ભાગ ઘર ખર્ચમાં વાપરવો જોઈએ, 25 ટકા ભાગ ધર્માદો કરવો જોઈએ અને 25 ટકાની બચત કરવી જોઈએ. આપણો શહેરી મધ્યમવર્ગ નીતિશાસ્ત્રોની વાતમાં માનતો નથી અથવા તેનો અમલ કરવાની ક્ષમતા નથી. આવકનાં 25 ટકાની બચત કરવાને બદલે તેઓ માંડ 2 ટકા રકમની બચત કરે છે. કેટલાક પરિવારો તો બચત કરવાને બદલે આવક કરતાં વધુ ખર્ચ કરીને ઉજાગરાઓ ખરીદે છે. હવે ઘરથી માંડીને ઘરવખરી જેવી બધી જ ચીજો હપ્તેથી મળે છે. ક્રેડિટકાર્ડ જેટલાં જોઈએ તેટલાં મળે છે. આ રીતે ઉધારી કરવામાં તોતિંગ વ્યાજ ભરવું પડે છે. અમુક શહેરીઓ પાસે તો એક ડઝન ક્રેડિટકાર્ડ જોવા મળે છે.

મોબાઈલ ફોનની સંખ્યા દેશભરમાં વધી રહી છે. મોબાઈલ પાછળનાં ખર્ચમાં પણ ઉછાળો આવી રહ્યો છે. એક ઘરમાં પાંચ સભ્યો હોય અને પાંચેય પાસે મોબાઈલ હોય તે હવે ખૂબ સામાન્ય બાબત છે. શ્રીમંતોની વાત અલગ હશે, પણ મધ્યમવર્ગનાં બધા જ માનવીઓને મોબાઈલ પરવડતો હોય તે જરૂરી નથી. મિત્રોમાં અને સંબંધીઓમાં પોતાનો વટ પાડવા પોતાની ક્ષમતા ન હોય તો પણ ફોન રાખનારાઓની સંખ્યા વધી રહી છે. ઈ.સ. 2002-03માં શહેરી મધ્યમવર્ગ પોતાની આવકનો એક ટકા ખર્ચ મોબાઈલ પાછળ કરતો હતો. વર્ષે આશરે 0.07 ટકાનાં દરે વધારો થઈ રહ્યો છે. અમુક પરિવારોની આવકનાં સરેરાશ 10 ટકા રૂપિયા મોબાઈલ પાછળ ખર્ચાય છે. સ્ટેટસ મૃગજળ સમાન છે. સાઈકલ વેચીને આપણે મોટરબાઈક ખરીદશું ત્યારે પડોશી પાસે કાર આવી ગઈ હશે. આપણા ઘરે મારુતિ કાર આવશે તો બાજુવાળાને ત્યાં હોન્ડા સિટી આવશે. મધ્યમવર્ગનો માનવી આજે બહારથી જેટલો દેખાય છે, એટલો સુખી નથી. એ તમાચો મારીને ગાલ લાલ રાખે છે અને પરાણે મોઢું હસતું રાખે છે. પોતાના પડોશી સાથે હરીફાઈ કરવાની ઘેલછામાં તે નકામી અને મોંઘી ચીજો ઘરમાં લઈ આવે છે. જે ચીજોની ખરેખર જરૂર હોય તે ખરીદવા તેની પાસે પૈસા બચતા નથી. મલ્ટીનેશનલ કંપનીઓએ ટીવીનાં માધ્યમથી મધ્યમવર્ગનું એટલું બધું બ્રેઈનવોશિંગ કર્યું છે કે તદ્દન નકામી અને સ્વાસ્થ્ય માટે હાનિકારક ચીજો હપ્તેથી ખરીદી તે દેવાદાર બની જાય છે. આજનાં મધ્યમવર્ગનાં માનવીને પૈસા કેવી રીતે ખર્ચવા તે સમજાવવા માટે કોઈ કન્સલ્ટન્ટની જરૂર જણાય છે.

# એક આઈડિયા
## જિંદગી બદલી શકે છે



હિમાલયનાં નીચેનાં હરિયાળા વિસ્તારને તરાઈ કહેવામાં આવે છે. બીજા ભાગમાં નેપાળની બોર્ડર છે. આ તરાઈ વિસ્તારમાં રહેતા અસંખ્ય પરિવારોમાંથી એક છે મોહન અને તારાનો પરિવાર. તેઓ જે ગામમાં રહે છે ત્યાં 150 કુટુંબો રહે છે. લગભગ 750ની વસતી છે. માથાદીઠ આવક વાર્ષિક ₹ 6000 છે. ગાઢ જંગલ આ પરિવારનાં ગુજરાન અને આવકનો એકમાત્ર સ્ત્રોત છે. ગુજરાન માટે જંગલમાં તેમને જંગલી પ્રાણીઓનો સામનો કરવો પડે છે, કેટલાકને જીવ ગુમાવવાનો વારો આવે છે. આવી સ્થિતિમાં અચાનક પરિવર્તન આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં લગભગ દરેક ઘરમાં બ્રાન્ડ ન્યૂ બાયોગેસ સ્ટવ ફીટ થયો છે. આ કુટુંબોનાં સભ્યોને હવે લાકડા કાપવા જંગલમાં નહીં જવું પડે. આ બધું જ અર્થ અવર અને વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડનાં એક અભિયાન અંતર્ગત થઈ રહ્યું છે. જે અંતર્ગત ગામનાં દરેક ઘરમાં બાયોગેસ એનર્જીનો પૂરવઠો પહોંચાડવામાં આવી રહ્યો છે. પ્રાણીઓનાં ગોબરમાંથી ચોખ્ખો બાયોગેસ બનાવાઈ રહ્યો છે. જે મોંઘો કે નુકસાનકારક પણ નથી. WWLFએ આ વિસ્તારોમાં પ્રોજેક્ટ એટલા માટે શરૂ કર્યો કે અહીં જંગલી પ્રાણીઓની સંખ્યા વધારે છે. લોકો પોતાના ઉપયોગ માટે લાકડા કાપે છે અને જંગલોનો નાશ થતાં પ્રાણીઓનો વસવાટ ક્ષેત્ર સમાપ્ત થઈ રહ્યો છે. પરિણામે પ્રાણીઓ માનવ વસ્તીમાં ઘુસી આવે છે. બાયોગેસનાં ઉપયોગને કારણે આ સ્થિતિ પર કાબૂ મેળવી શકાયો છે. WWLF આ વિસ્તારોમાં 7,500 બાયોગેસ યુનિટ લગાવી ચૂક્યું છે. આગામી તબક્કામાં 20 હજાર યુનિટ લગાવવાની યોજના છે. બાયોગેસ યુનિટ સિસ્ટમ અત્યંત સરળ છે. પ્રાણીઓનાં ગોબરની સાથે પાણી મિલાવવાથી મિથેન ગેસ પેદા થાય છે. જે લિક્વિડ પેટ્રોલિયમ રાંધવામાં ઉપયોગી નિવડે છે. બાયોગેસનું એક યુનિટ લગભગ પાંચ ટન બળતણનાં લાકડા બચાવે છે અને ચાર મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઈડનો વાર્ષિક ઉત્સર્જન ઘટાડે છે. આ ઉદ્દેશ્યને વૈશ્વિક સ્તરે સમર્થન મળે તે જરૂરી છે. WWLFનાં અભિયાનને મોટા અભિનેતાઓ સમર્થન આપી રહ્યાં છે.


Jayantibhai Patel
Director

MARBITO
VITRIFIED TILES

HAPPY INDEPENDENCE DAY

ORACLE GRANITO LTD.
Block No. 286, Sabar Dairy Talod Road,
Gadhoda, Himatnagar : 383 001. [Gujarat : India]
**Tel. :** +91-2772-239833-34-35, **Fax :** +91-2772-239832
**Email :** jayanti@marbito.co.in, **Email :** marbito_branch@hotmail.com
**Visit us :** www.marbito.co.in


## જીવનમાં જેટલા વધારે પ્રયોગ કરશો, તેટલા સક્ષમ બનશો

રાલ્ફ વાલ્ડો ઈમર્સનનાં વિચારોને આ કોલમમાં પ્રકાશિત કરીને મહાન પ્રતિભાને શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી છે. ઈમર્સને દુનિયાને વિચારવા માટે અનેક મહત્વપૂર્ણ ચીજો આપી જીવનમાં સકારાત્મક ફેરફારો લાવ્યાં.

- જેટલી મિનિટ ગુસ્સામાં હોવ તેટલી મિનિટની ખુશી ગુમાવો છો.
- તમારી આગળ અને પાછળ શું છે તેનું કોઈ મહત્ત્વ નથી. તમારી અંદર શું છે તે મહત્ત્વનું છે.
- એ વાત યાદ રાખજો કે આજનો દિવસ જીવનનો સૌથી અમૂલ્ય છે.
- એ રસ્તા પર ન ચાલો જે પહેલેથી જ બનેલો છે, ત્યાં ચાલો જ્યાં કોઈ ચાલ્યુ નથી અને પોતાનો રસ્તો બનાવો.
- જીવનમાં મુશ્કેલીઓનું જેટલું અંધારુ હશે, આશાઓનાં તારા એટલા જ ચમકી રહ્યાં હશે.
- એક વખત તમે કોઈ નિર્ણય કરી લીધો, પછી આખી પ્રકૃતિ તેને પૂરો કરવામાં લાગી જાય છે.
- ક્યારેય નિષ્ફળ ન થવું તે ખુશીની વાત નથી. ખુશીની વાત એ છે કે દરેક વખતે નિષ્ફળ થઈને ફરીથી ઊભા થવું.
- જીવનનો ધ્યેય ખુશ રહેવાનો નથી. તેનો હેતુ ઉપયોગી, સન્માનનીય અને સંવેદનશીલ થવાનો છે. તેનો ધ્યેય કંઈક એવું અલગ કામ કરવાનો છે, જેમાં તમે જીવો અને વધારે સારા બની શકો.
- કોઈ પણ કામમાં સંકોચ અને ડર ન રાખો. જીવન એક પ્રયોગ છે, જેટલા વધારે પ્રયોગ કરશો તેટલા સક્ષમ બનશો.
- ખુશી પરફ્યૂમ જેવી છે. જ્યાં સુધી તેને પોતાના પર નહીં છાંટો, ત્યાં સુધી બીજાને ખુશ નહીં રાખી શકો.
- તમને જે કામમાં કૌશલ્ય પ્રાપ્ત છે તે કામને અલગ કરવાનો પ્રયત્ન નહીં કરો તો ક્યારેય સફળ થશો નહીં.
- તમે તે જ બનો છો, જેના વિશે તમે આખો દિવસ વિચારો છો.
- જ્યારે તમારો જન્મ થયો ત્યારે તમે રડતા હતાં અને દુનિયા હસતી હતી. જીવનમાં એવા કામ કરીને જાઓ કે તમે હસો અને દુનિયા રડે.
- ઉત્સાહ સફળતાનું સૌથી તાકાતવર હથિયાર છે. કોઈ પણ કામને સંપૂર્ણ ઉત્સાહ સાથે કરો. તમામ પ્રયાસ તેમાં લગાવી દો. તે કામમાં તમારું વ્યક્તિત્વ છલકશે. ઊર્જાવાન રહો. આત્મવિશ્વાસ રાખો. ઉત્સાહ વગર દુનિયામાં કશુ પણ પ્રાપ્ત થતું નથી.

# નમામિ દેવી નર્મદે

**આનંદીબહેન પટેલ [ મુખ્યમંત્રી : ગુજરાત ]**

વડાપ્રધાન નરેન્દ્રભાઈએ આ મુદ્દો હાથ પર લઈ નર્મદા ડેમનાં દરવાજા મૂકવાની મંજૂરીને મહોર મારી ગુજરાતને પ્રથમ ભેટ આપી.

**સરદાર સરોવરની ઊંચાઈ વધારવાનો નિર્ણય**

1988માં બાંધકામ શરૂ થયું, 2015માં પુરું થશે.

**વિકાસની નવી ટોચ 138.68 મીટર**

અત્યારની ઊંચાઈ 121.92 મીટર.

**ઐતિહાસિક નિર્ણય :**

**ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર પ્રોજેક્ટ આડેનો અંતિમ અવરોધ દૂર થયો. ગુજરાતે વિકાસગાથાનું નવું સીમાચિહ્ન હાંસલ કર્યું.**

નર્મદા કન્ટ્રોલ ઑથોરિટીનો નિર્ણય માત્ર ગુજરાત જ નહીં મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રને પણ ફાયદો પહોંચાડશે. ગુજરાતનાં 8 હજારથી વધુ ગામો અને 135 શહેરોને પીવાનું પાણી મળશે તો રાજ્યનાં વીજ ઉત્પાદનમાં પણ વધારો થશે. ગુજરાત સરકાર સમક્ષ હવેનો સૌથી મોટો પડકાર કેનાલોનાં 75 ટકા પેન્ડિંગ કામોને પૂરા કરવાનો છે. 2015 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક નક્કી કરાયું છે.

**વર્ષે સરેરાશ ₹ 205 થી 308 કરોડનું વીજ ઉત્પાદન થવાનો અંદાજ**

**ઊંચાઈ વધતાં 3.40 મિલિયન એકર ફિટ પાણીનો વધુ સંગ્રહ થશે**

નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીએ બંધની ઊંચાઈને 121.92 મીટરથી 17 મીટર વધારીને 138.68 મીટર કરવાની મંજૂરી આપી દીધી છે. છેલ્લા 90 મહિનાથી નર્મદા બંધની ઊંચાઈને વધારવાને લઈને સ્થગિત થયેલું કામકાજ ગુજરાત સરકારે તાત્કાલિક શરૂ કરી દીધું છે. ઓથોરિટીએ નવી દિલ્હી ખાતે મળેલી 86મી બેઠકમાં આ નિર્ણય લીધો છે.

**બંધની ઊંચાઈ વધવાથી થનારા ફાયદાઓ :**

**1.** જળાશયની ઊંચાઈ પૂર્ણ સ્તરે પહોંચશે ત્યારે તેની પાણી સંગ્રહ કરવાની શક્તિ વર્તમાનમાં 1.27 મિલિયન એકર ફિટ છે જે વધીને 4.75 મિલિયન એકર ફિટ થશે. હાલની સંગ્રહશક્તિમાં ત્રણ ગણો વધારો થશે.

**2.** સરદાર સરોવર બંધની ઊંચાઈ વધતા રાજ્યનાં 6.8 લાખ હેક્ટર જેટલા વધુ વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. હાલમાં રાજ્યનાં 15 જિલ્લાઓ, 73 તાલુકાઓનાં 3112 ગામડાઓમાં 18.45 લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળી રહ્યો છે જે વધીને 25.25 લાખ હેક્ટર જમીનને મળશે. પરિણામે દુષ્કાળથી થતાં નુકસાનનો સામનો કરી શકાશે.

**3.** બંધની ઊંચાઈ વધવાથી જળ વિદ્યુત ઉત્પાદનમાં પણ 40 ટકા જેટલો એટલે કે વાર્ષિક 150 કરોડ યુનિટનો વધારો થશે. બંધનાં પાણી દ્વારા કુલ 1450 મેગા વોટ વિદ્યુત ઉત્પાદન કરવાની ક્ષમતા છે જેમાંથી 16 ટકા વીજળી ગુજરાતને મળવા પાત્ર છે.

**4.** રાજ્યનાં 135 શહેરો અને 9633 ગામડાઓમાં વસતા 2.90 કરોડ લોકોને એટલે કે રાજ્યની 53 ટકા વસ્તીને પીવાનાં પાણીનો લાભ મળશે.

**ઊંચાઈ વધારવા માટેનાં ખર્ચની વિગત**

**1.** નર્મદા યોજનાનાં શિલારોપણની વિધિ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુનાં હસ્તે 5 એપ્રિલ 1961નાં રોજ કરવામાં આવી હતી.

**2.** 1986-87માં અંદાજિત ખર્ચ રૂપિયા 6406 કરોડ હતો.

**3.** 2000-01માં વધીને 28 હજાર 613 કરોડ રૂપિયા થયો હતો.

**4.** 2010માં વધીને 39 હજાર 240.45 કરોડનો ખર્ચ થયો હતો.

**5.** ઊંચાઈ વધારવાનાં નિર્ણય બાદ આગામી 36 મહિનામાં રૂપિયા 270 કરોડનાં ખર્ચે મુખ્ય બંધ પૂરો કરવામાં આવશે. યોજના પૂરી થતાં રૂપિયા 45 હજાર 500 કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.



**અસરગ્રસ્ત પરિવારોનાં પુનઃવસનની કામગીરી**

અત્યાર સુધીમાં બંધની ઊંચાઈને કારણે અસર પામેલા 11032 કુટુંબોનાં પુનઃવસનની કામગીરી પૂરી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત આ કામગીરીમાં સક્રિયપણે કામ કરી રહ્યું છે. પુનઃવસન પામેલા દરેક પરિવારને ઓછામાં ઓછી બે હેક્ટર જમીન, રીસેટલમેન્ટ ગ્રાન્ટ, મકાન માટેનો પ્લોટ અને તેના બાંધકામ માટે ₹ 45 હજાર તથા તેમની ડૂબમાં ગયેલી જમીન/મકાન સામે આર્થિક વળતર ચૂકવ્યું છે.

**બે સૌથી મોટા ફાયદા : સિંચાઈ અને વીજ ઉત્પાદન**

**એગ્રો સેક્ટરની કાયાપલટ**

ડેમની ઊંચાઈમાં વધારો થતાં ગુજરાતની 17.92 લાખ હેક્ટર ખેતીલાયક જમીનને સિંચાઈનો લાભ મળશે. માત્ર ગુજરાત જ નહીં રાજસ્થાનની 2.46 લાખ હેક્ટર જમીનને પણ નર્મદાની સિંચાઈનો લાભ મળશે. રાજ્યનાં 15 લાખથી વધારે ખેડૂતોને સીધો ફાયદો પહોંચશે. ગુજરાતનાં 8,215 ગામોને પીવાનું પાણી મળશે તથા રાજ્યનાં 135 નાના મોટા શહેરોને પણ નર્મદાનું પાણી મળશે. સરકાર સમક્ષ હવે પછીનો પડકાર કેનાલોનું નેટવર્ક છે. રાજ્યની વિધાનસભામાં ગુજરાત સરકારે કબૂલ્યું હતું કે કેનાલનાં 75 ટકા કામો હજી પેન્ડિંગ છે.

**વીજળીમાં 24 કરોડનો ફાયદો**

ડેમની ઊંચાઈ વધારવાનો નિર્ણય ગુજરાતની ચમક વધારશે. ગુજરાતને વાર્ષિક 24 કરોડ યુનિટનો ફાયદો થશે, એટલે કે ₹ 205થી 308 કરોડનો ફાયદો થશે. નર્મદા ડેમની કુલ વીજ ઉત્પાદન ક્ષમતા 1,450 મેગાવોટની છે, તેમાંથી ગુજરાતને માત્ર 16 ટકા વીજળી મળવા પાત્ર છે. બાકીની વીજળી મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન વચ્ચે વહેંચાશે. સિંચાઈ અને પીવાનાં પાણી બાદ આ પ્રોજેક્ટનો ત્રીજો મુખ્ય હેતુ વીજ ઉત્પાદનનો છે. મોદીએ અગાઉ નર્મદા કેનાલો પર સોલર પેનલો મૂકીને વીજ ઉત્પાદન વધારવાની શક્યતા વહેતી કરી હતી.

**વિશ્વની બે મોટી નદીઓ બની લાઈફ લાઈન**


અમેરિકાની કોલંબિયા નદી અને ગુજરાતની નર્મદા વચ્ચે ઘણી સામ્યતા છે. આ બે વિશાળ નદીઓ પર સંસ્કૃતિનાં વિકાસ ઉપરાંત તેમના પર બનાવવામાં આવેલા ડેમની રચનામાં રહેલી સમાનતા અહીં રજૂ કરી છે.

**ગ્રાન્ડ કૂલી ડેમની માહિતી**

નર્મદા ડેમ અને અમેરિકાનાં વોશિંગ્ટન સ્ટેટમાં આવેલા ગ્રાન્ડ કૂલી ડેમ વચ્ચે ઘણી સમાનતા છે. આ બન્ને ગ્રેવિટી ડેમ છે. 1933થી 1942માં બનેલો ગ્રાન્ડ કૂલી ડેમ વોલ્યુમની દ્રષ્ટિએ જગતનો સૌથી મોટો કોંક્રિટ ગ્રેવિટી ડેમ મનાય છે. આ ડેમ અમેરિકાનું પાવરહાઉસ છે કારણ કે તે અમેરિકાનાં તમામ પાવર પ્રોજેક્ટની સરખામણીએ સૌથી વધુ વીજ ઉત્પાદન કરે છે.

**નર્મદા ડેમની માહિતી**

નર્મદા ડેમની ગણના વોલ્યુમની દ્રષ્ટિએ અમેરિકાનાં ગ્રાન્ડ કૂલી પછી વિશ્વનો બીજો સૌથી વિશાળ કોંક્રીટ ગ્રેવિટી ડેમ છે. ગ્રેવિટી ડેમનું એન્જિનિયરીંગ માળખું તેના વજન પર આધારિત હોય છે. આ પ્રકારનાં ડેમમાં દરેક હિસ્સાનું બાંધકામ એકમેકથી અલાયદું હોવાથી ગ્રેવિટી ડેમને સુરક્ષાની દ્રષ્ટિએ વધારે સુરક્ષિત માનવામાં આવે છે.




**નર્મદા ડેમ અને અમેરિકાનાં ગ્રાન્ડ કૂલી ડેમ વચ્ચેની સરખામણી અહીં રજૂ કરવામાં આવી છે. ખર્ચની રકમ મિલિયન ડોલરમાં છે.**

| | | 2006 | 2014 |
|---|---|---|---|
| 88 | અગાઉ નક્કી ઊંચાઈ [મીટર] | 121.92 | 121.92 |
| 168 | અંતિમ ઊંચાઈ [મીટર] | 138.68 | 138.68 |
| 10 લાખ | હાલનો સંગ્રહ [એકર ફૂટ] | 12.7 લાખ | 30.4 લાખ |
| 6,809 | વીજ ઉત્પાદન [મેગાવોટ] | 1,450 | 1,450 |
| 890 | નિર્માણનો ખર્ચ [મિલિયન ડોલર] | 8 હજાર | 8 હજાર |
| 33 | દરવાજાની સંખ્યા | 30 | 30 |

### હાઈટ વધવાથી 1450 મેગાવોટ જળવિદ્યુત મળશે
### જમીનને સિંચાઈ મળવાથી ગ્રામ્ય અર્થતંત્ર ગુલાબી બનશે

નર્મદા કંટ્રોલ ઓથોરીટીએ ડેમની ઉંચાઈ 17 મીટર વધારીને 121.92 મીટરથી 138.68 મીટર લઈ જવાની મંજૂરી આપી છે. સરદાર સરોવર ડેમમાં દરવાજા મુકવાની મંજૂરી મળી ગઈ છે. હવે બંધનું કામ પુરું થશે એટલે તેનાં લાભો મળશે. 55 ફૂટ ઊંચાઈ વધે એટલે જળસંગ્રહને કારણે 1450 મેગાવોટ જળવિદ્યુત આખા વર્ષ દરમિયાન મળી શકે છે. નર્મદાનાં જળસંગ્રહથી ઉત્પન્ન થનારી ઈલેક્ટ્રીસીટી પૈકી 57 ટકા ઈલેક્ટ્રીસીટી મધ્યપ્રદેશ, 27 ટકા મહારાષ્ટ્ર અને 16 ટકા ગુજરાતને મળશે. આ ઈલેક્ટ્રીસીટી વીજપ્રવાહની ગુણવત્તા સુધારે તેવી હશે. વીજ ઉત્પાદનથી પીકલોડ મેનેજમેન્ટ સરળ થશે અને ડેમનું વધારાનું પાણી ડ્રો કરવામાં મદદરૂપ થશે. પ્રોજેક્ટ સંપૂર્ણ પુરો થાય એટલે 18 લાખ હેક્ટર જમીનને સિંચાઈ મળશે. ડ્રીપ ઈરીગેશન, જળસંગ્રહ જેવી વિવિધ તકનીકથી ખેતીની 24થી25 લાખ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે. જમીન સિંચાઈમાં વધારો થતાં ખેત ઉત્પાદનમાં વધારો થશે અને પશુપાલન વધશે. દુધનાં ઉત્પાદનમાં વધારો થતાં ગ્રામ્ય અર્થતંત્રને વેગ મળશે. કચ્છ અને રાજસ્થાનનાં રણ વિસ્તારમાં પાણી પહોંચતા રણ આગળ વધતુ અટકશે. ગ્રામ્ય વિસ્તારોમાં ટેન્કરથી પાણી આપવાની વ્યવસ્થા બંધ થશે અને પીવાનાં પાણીની સમસ્યા રહેશે નહીં. કચ્છ, બાડમેર અને ઝાલોદ જેવા રણવિસ્તારમાં પાણીનાં કારણે અર્થવ્યવસ્થાને તેજી મળતા યુવાનોને રોજગારી મળશે અને ઘૂસણખોરી જેવી પ્રવૃત્તિઓ અટકશે.

### હાલની ઊંચાઈ મુજબ રાજ્યમાં લાભ મેળવતા ગામ અને શહેર

| વિસ્તાર | ગામડાં | શહેરો |
|---|---|---|
| સૌરાષ્ટ્ર/કચ્છ | 5825 | 100 |
| અમદાવાદ | 0377 | 012 |
| મહેસાણા | 0542 | 013 |
| બનાસકાંઠા | 0490 | 003 |
| સાબરકાંઠા | 0568 | 004 |
| પંચમહાલ | 0413 | 003 |
| કુલ | **8215** | **135** |



### નર્મદા ડેમની તવારીખ

સરદાર વલ્લભભાઈ પટેલે જે યોજનાનું સ્વપ્ન સેવ્યું હતું એ નર્મદા ડેમનો શિલાન્યાસ નેહરુએ કર્યો, પછી તેની આડે અનેક અવરોધો આવ્યાં હતાં. એક તબક્કે વર્લ્ડ બેન્ક અને જાપાને હાથ ખેંચી લેતા આ યોજનાનાં ભાવિ સામે પ્રશ્નાર્થ સર્જાયો હતો. ભારતે આપબળે આ યોજનાને આગળ ધપાવીને સરદારનાં સ્વપ્ને સાકાર કરી બતાવ્યું.



**1961** : જવાહરલાલ નેહરુએ 49.8 મીટરનાં ડેમ માટે સરદાર સરોવર પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો.

**1969** : કેન્દ્ર સરકારે ડેમની રચના આડેનાં અવરોધો દૂર કરવા નર્મદા વોટર ડિસ્પ્યુટ ટ્રીબ્યુનલની રચના કરી.

**1985** : પ્રોજેક્ટ માટે વર્લ્ડ બેન્કે 450 મિલિયન ડોલરની લોન મંજૂર કરી.

**1986** : નર્મદા બચાવો આંદોલનનો પ્રારંભ.

**1987** : સરદાર સરોવર પ્રોજેક્ટને કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયની મંજૂરી મળી. ડેમ વિરુદ્ધનું આંદોલન ઉગ્ર બન્યું.

**1988** : નર્મદા નદી પર ડેમનાં બાંધકામની કામગીરીનો પ્રારંભ થયો.

**1989** : ડેમ નજીક પાંચ હજારથી વધુ સ્થાનિક લોકોએ ઉગ્ર દેખાવો કર્યા.

**1990** : ડેમ વિરુદ્ધ આંદોલન તેજ બનતા જાપાને સરદાર સરોવર પ્રોજેક્ટ માટેની 27 અબજ યુઆનની લોન રદ કરી.

**1991** : બાબા આમ્ટે અને મેધા પાટકરનાં નેતૃત્વ હેઠળ નર્મદા બચાવો આંદોલનનાં કાર્યકરોએ ડેમનાં વિરોધમાં બાવીસ દિવસનાં અનશન કર્યા.

**1993** : વર્લ્ડ બેન્કે સરદાર સરોવર પ્રોજેક્ટમાંથી નીકળી જવાની જાહેરાત કરતાં ડેમનાં પ્રોજેક્ટ ખોરંભાઈ જવાની આશંકા સર્જાઈ.

**1993** : ગુજરાત સરકારે સરદાર સરોવર પ્રોજેક્ટ માટે 200 મિલિયન ડોલરનો ખર્ચ ઉપાડવાની જાહેરાત કરી.

**1994** : નર્મદા બચાવો આંદોલને સરદાર સરોવર પ્રોજેક્ટનાં વિરોધમાં સુપ્રીમ કોર્ટમાં રીટ પીટિશન દાખલ કરી.

**1999** : સુપ્રીમ કોર્ટે ડેમની ઊંચાઈ 80 મીટરથી વધારીને 88 મીટર કરવાનાં પ્રસ્તાવને મંજૂરી આપી.

**2002** : નર્મદા કંટ્રોલ ઓથોરિટીએ ઊંચાઈ 95 મીટર કરવાની મંજૂરી આપી.

**2006** : ઓથોરિટીએ ડેમની ઊંચાઈ 110.64 મીટરથી વધારીને 121.92 મીટર કરવાની મંજૂરી આપી.

**2013** : ભારે વરસાદને કારણે સરોવરની સપાટી 131.5 મીટરે પહોંચી, પાણી છોડતા 7 હજાર ગામો ડુબ્યાં.

**2014** : નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીએ ડેમની ઊંચાઈ 121.92 મીટરથી વધારીને 138.68 મીટર કરવાની અંતિમ મંજૂરી આપી.

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : મેઘરજ**

**જિ. અરવલ્લી**

**15મી ઓગષ્ટ**
**સ્વાતંત્ર્ય પર્વ નિમિતે સર્વેને હાર્દિક શુભેચ્છા...**

**શ્રી દિલીપ એન. ચૌહાણ**
**સેક્રેટરી**

**શ્રી જતીનકુમાર જી. પંડ્યા**
**વાઈસ ચેરમેન**

**શ્રી હિરાજી વી. ડામોર**
**ચેરમેન**

ફોકસ

Focus

પ્રિયા



# વર્લ્ડ હેરિટેજ સાઈટમાં પાટણની રાણકી વાવ

પાટણમાં 11મી સદીમાં બંધાયેલી જળ વ્યવસ્થાપનનાં ઉત્તમ નમૂના સમાન રાણકી વાવને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મળ્યું છે. દોહામાં યુનેસ્કોની સમિટ દરમિયાન આ અંગેની જાહેરાત કરાઈ હતી. અગાઉ ચાંપાનેરને આ ગૌરવ મળી ચૂક્યું છે.

**ખાસિયત :** સોલંકીકાળમાં ઈ.સ. 1063માં બંધાયેલી સાત માળની રાણકી વાવ પૂર્વ પશ્ચિમ 65 મીટર લાંબી, ઉત્તર દક્ષિણ 20 મીટર પહોળી અને 13 મીટર ઊંડી છે. વાવમાં કુલ 500 મૂર્તિઓ છે.

**કેમ સામેલ :** યુનેસ્કોએ આ વાવને ટેકનિકલ વિકાસનું એક એવું ઉત્કૃષ્ટ ઉદાહરણ માન્યું છે કે જેમાં ભૂગર્ભજળનો ઉપયોગ તથા જળ વ્યવસ્થાપનની સુંદર વ્યવસ્થા છે. અહીં સાતમાંથી પાંચ માળ હયાત છે.

➤ 31 હેરિટેજ સાઈટ દેશભરમાં છે. તેમાંથી 25 સાંસ્કૃતિક અને 6 કુદરતી.

➤ અગાઉ ચાંપાનેરને હેરિટેજ જાહેર કરાતાં રાજ્યમાં 2 હેરિટેજ સાઈટ છે.

**શું લાભ થશે?**

➤ વિદેશી ટુરિસ્ટોનું આગમન વધશે.

➤ ટુરિસ્ટને અનુરૂપ હોટેલ, ગેસ્ટહાઉસ અને ટ્રાન્સપોર્ટેશન ડેવલપ થશે.

➤ પાટણનાં પટોળાં, મશરૂ અને માટીનાં રમકડાંમાં પણ આવક વધશે.

➤ પાટણ આસપાસનાં પ્રવાસન સ્થળો મોઢેરા, અંબાજી, સિદ્ધપુરનો રૂદ્રમહાલય, વડનગરનું કીર્તિતોરણ અને તાનારીરી સહિતનાં ટુરિસ્ટ પોઈન્ટોને ટુરિસ્ટ સર્કિટમાં આવરી શકાશે.

➤ પાટણમાં વાવ તરફનાં રસ્તા અને સ્વચ્છતા સહિત માળખાગત સુવિધા ડેવલપ થશે. પાટણમાં ટુરિઝમ જમ્પથી રોજગારીની તકો વધશે.

# અમર પ્રેમનું પ્રતિક રાણકી વાવ

**બેનમૂન અને નજરાકર્ષક શિલ્પ સૃષ્ટિ ભર્યું ઐતિહાસિક નજરાણું**

ગુજરાતની પ્રાચીન પાટનગરી પાટણની અદ્‌ભુત અને ઐતિહાસિક રાણકી વાવ વિશ્વ વિરાસતમાં સ્થાન પામી છે. યુનેસ્કોની બેઠકમાં પાટણની આ વાવનો વર્લ્ડ હેરિટેજમાં સમાવેશ થતાં તે પાટણ કે ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વનું ઘરેણું અને ગૌરવનું પ્રતીક બની છે. ઈતિહાસનાં ઉલ્લેખો મુજબ રાજવી ભીમદેવ પ્રત્યેનાં અસીમ તેમજ અમીટ પ્રેમને રાણી ઉદયમતીએ વાવ સ્વરૂપે અમર બનાવ્યો હતો. એક સહસ્ત્ર કરતાં પણ વધારે વર્ષ પુરાણી આ વાવ સોલંકીકાળનાં સ્થાપત્યો પૈકીનું એક પ્રમાણ છે. ઈતિહાસની નોંધ લઈએ તો સોલંકી રાજાઓએ અણહિલવાડ રાજ્યમાં 7224 વાવો તેમજ 5125 તળાવોનું નિર્માણ કરાવ્યું હતું. રાણીની વાવ રાજઘરાનાની ઉપયોગી મિલકત હતી.

**વાવનું સ્ટ્રક્ચર અને સ્વરૂપ**

ઐતિહાસિક રાણકી વાવ સેન્ડસ્ટોન પથ્થરોથી બનેલી છે. વાવમાં ટોપ ટુ બોટમ પથ્થરોનું નિર્માણ છે. મુખ્ય વાવ ગોળાઈમાં અને ઉપરથી કૂવા જેવી દેખાય છે. વાવ 20 મીટર પહોળી, 68 મીટર લાંબી અને 28 મીટર ઊંડી છે.

**શિલ્પ સ્થાપત્યનો બેનમૂન ખજાનો**

રાણકી વાવને જળ મંદિર કહી શકાય. વાવને નજાકતભર્યા તેમજ જીવંત લાગતાં અદ્‌ભુત શિલ્પોથી સજાવવામાં આવેલી છે. વાવની તમામ દીવાલો પર જગ્યા છોડ્યા વગર હિન્દુ દેવી દેવતાઓનાં તેમજ સજીવ સૃષ્ટિને લગતાં શિલ્પો છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ગણેશજીનાં 10 અવતારો તેમજ રામાયણ મહાભારતનાં પ્રસંગોની પ્રતિમાઓ છે.

# વિશ્વનાં અનોખા અને આકર્ષક પુલ

**હેન્ડરસન વેવ્સ :** સિંગાપુરનો સૌથી ઊંચો પુલ. 2008માં પુલનું નિર્માણ કરવામાં આવ્યું. હેન્ડરસન વેવ્સની લંબાઈ 900 ફૂટ છે.

**વિશેષતા :** ત્રણ બગીચાને જોડતો હેન્ડરસન વેવ્સ પગપાળા જવા માટે બન્યો છે. દરેક જગ્યાએ બેન્ચીસ રાખવામાં આવી છે, કે જેથી પર્યટકો થાકી જાય એટલે આરામ કરી શકે. પુલનો નજારો રાત્રે માણવો એક લ્હાવો છે. રાત્રે LED લાઈટમાં પુલ રીતસરનો સાપ જેવો દેખાય છે.

**સનડાયલ :** અમેરિકાનાં કેલિફોર્નિયા સિટીમાં સનડાયલ આવ્યો છે. 4 જુલાઈ, 2004નાં રોજ સનડાયલનું નિર્માણ થયું. સનડાયલ તૈયાર કરવામાં આર્કિટેક્ટ સેંટિયાગો કાલાટ્રાવાનો ફાળો છે. પુલની લંબાઈ 213 મીટર અને ઊંચાઈ 66 મીટર છે.

**વિશેષતા :** પુલ ઉપર પગપાળા અથવા સાઈકલ લઈને જઈ શકાય છે.

**પ્યૂનેટ ધ લા મુજેર :** આર્જેન્ટિનાનાં બ્યૂનસ આયર્સમાં પુલની રચના થઈ છે. 20 ડિસેમ્બર, 2001માં નિર્માણ પૂરું થયું. પુલની લંબાઈ અંદાજે 170 મીટર અને ઊંચાઈ 6.20 મીટર છે.

**વિશેષતા :** પુલ 'વુમન્સ' નામથી પણ પ્રખ્યાત છે. પુલની સૌથી મોટી ખાસિયત એ છે કે તે 90 ડિગ્રીએ ફરી જાય છે.

**ગેટશેડ મિલેનિયમ :** ઈંગ્લેન્ડની ટાઈન નદી ઉપર 17 સપ્ટેમ્બર, 2001નાં રોજ તૈયાર થયેલો આ પુલ 126 મીટર લાંબો અને 8 મીટર ઊંચો છે.

**વિશેષતા :** ગેટશેડ અને ન્યૂ કાસલને જોડતો આ બ્રિજ પાંચ મિનિટમાં તો ઘડિયાળનાં કાંટાની માફક ફરી જાય છે. આ પુલ નીચેથી વિશાળ જહાજ પણ નીકળી શકે છે. સિંગલ પીસની માફક યુરોપની સૌથી મોટી ક્રેનથી પુલ ફિટ કરવામાં આવ્યો હતો.

**લંગકાવી સ્કાય :** 2005માં મલેશિયામાં 2000 ફૂટની ઊંચાઈ ઉપર આ પુલનું નિર્માણ કરવામાં આવ્યું. લંગકાવી સ્કાયની લંબાઈ 400 ફૂટ છે.

**વિશેષતા :** મલેશિયાનાં માઉન્ટ મેટ સિનસાંગ પર આ પુલ આવેલો છે. પુલ ઉપર જવા માટે કેબલકારનો ઉપયોગ કરવામાં આવે છે. વિશ્વની સૌથી ઊંચાઈ ઉપર તૈયાર કરવામાં આવેલો આ પુલ છે.

**રોલિંગ :** 2004માં ઈંગ્લેન્ડ ખાતે રોલિંગ તૈયાર કરવામાં આવ્યો. પુલ તૈયાર કરવામાં થોમસ હીથવીક નામના આર્કિટેક્ટનો બહુમૂલ્ય ફાળો છે.

**વિશેષતા :** આ પુલ છે નાનકડો, પણ બહુ ક્રિએટિવ રીતે તૈયાર કરાયો છે. પુલ જરૂર પડે ત્યારે ખુલી શકે છે, નહીંતર એ પૈડાંની માફક રોલ વાળીને ઊભો રહે છે.

**ટાઈનજિન આઈ :** આ ચીનમાં આવેલો પુલ છે. 2007માં ટાઈનજિનનું બાંધકામ પૂરું થયું. ઊંચાઈ લગભગ 394 ફૂટ છે.

**વિશેષતા :** પુલની ખાસિયત એ છે કે તેના ઉપર ફેરિસ વ્હીલ તૈયાર કરવામાં આવ્યું છે. અંદરથી નીકળતા કેબલ પુલને રોકી રાખે છે. દુનિયામાં ટાઈનજિનની ગણના અનોખા પુલ તરીકે થાય છે.

**જુસેલિનો કુબિટસ્કેચ :** 1200 મીટરની લંબાઈ અને 24 મીટરની ઊંચાઈ ધરાવતો આ પુલ 2002માં બન્યો હતો.

**વિશેષતા :** બ્રાઝિલનાં પૂર્વ રાષ્ટ્રપતિ જુસેલિનોનાં નામ પરથી આ પુલ બન્યો છે. પુલની રચનામાં સ્ટીલનાં આર્ક એક તરફથી બીજી તરફ જાય છે.

## વિશ્વનાં સૌથી મોંઘા ઘર

| ક્રમ નામ | ઘરનું નામ | મૂલ્ય |
|---|---|---|
| 01. મુકેશ અંબાણી | એન્ટિલિયા | 001 અબજ ડોલર |
| 02. લિલી સાફ્રા | વિલા લીઓપોલ્ડા | 750 મિલિયન ડોલર |
| 03. ઈરા રેનર્ટ | ફેર ફિલ્ડ | 248 મિલિયન ડોલર |
| 04. લક્ષ્મી મિત્તલ | કેન્સિન્ગ્ટન પેલેસ | 222 મિલિયન ડોલર |
| 05. રિનાત આખમેટોવ | તન હેદી પાર્ક | 221 મિલિયન ડોલર |
| 06. લેરી એલિસન | એલિઝન એસ્ટેટ | 200 મિલિયન ડોલર |
| 07. રોમાન આબ્રામોવિચ | કેન્સિન્ગ્ટન પેલેસ | 140 મિલિયન ડોલર |
| 08. કેન ગ્રિફિન | બ્લોઝમ એસ્ટેટ | 130 મિલિયન ડોલર |
| 09. બિલ ગેટ્સ | ઝાનાડુ | 120 મિલિયન ડોલર |
| 10. માસાયોશી સન | માઉન્ટેન હોમ | 117 મિલિયન ડોલર |

# મુકેશ અંબાણીનું 'એન્ટિલિયા' સૌથી મોંઘુ ઘર

**એક નઝર**

- 01 અબજ ડોલરથી વધુ બાંધકામ ખર્ચ
- 03 હેલિપેડ બિલ્ડીંગનાં ધાબા પર
- 06 માળનું અંડરગ્રાઉન્ડ પાર્કિંગ
- 600 નોકરો ઘરની માવજત માટે
- 4,00,000 સ્કવેર ફૂટ વિસ્તાર

**સ્ટીલ ટાયકૂન લક્ષ્મી મિત્તલનાં ઘરનો પણ ફોર્બ્સ યાદીમાં સમાવેશ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનાં ચેરમેન મુકેશ અંબાણીનું મુંબઈમાં આવેલું ગગનચુંબી ઘર 'એન્ટિલિયા' દુનિયાનું સૌથી મોંઘુ ઘર છે. ફોર્બ્સે બહાર પાડેલી યાદીમાં લંડનમાં આવેલા ભારતીય મૂળનાં સ્ટીલ ટાયકૂન લક્ષ્મી મિત્તલનાં ઘરનો પણ સમાવેશ કર્યો છે. ફોર્બ્સની યાદીમાં સૌથી ટોચનાં સ્થાને આવેલા મુકેશ અંબાણીનું 27 માળનું 4,00,000 સ્કવેર ફૂટ વિસ્તારમાં ફેલાયેલા ઘરનું નામ એન્ટિલિયા એટલાન્ટિકમાં આવેલા એક પૌરાણિક ટાપુ પરથી પાડવામાં આવ્યું છે. ફોર્બ્સે બહાર પાડેલા અહેવાલમાં જણાવ્યું છે કે દુનિયાની સૌથી મોંઘી સંપત્તિ મુકેશ અંબાણીનાં નામે છે. ફોર્બ્સનાં જણાવ્યાં અનુસાર એન્ટિલિયા બાંધવાનો ખર્ચ એક અબજથી બે અબજ ડોલરની વચ્ચે થયો છે. ઘરમાં છ માળનું અંડરગ્રાઉન્ડ પાર્કિંગ છે. ત્રણ હેલિપેડ્સ છે. રખાવટ માટે રોજ 600 જેટલા નોકરચાકરની જરૂર રહે છે. ફોર્બ્સ મેગેઝિને એન્ટિલિયાનાં કદ અને તેના ખર્ચની સરખામણી મેનહેટનમાં ગ્રાઉન્ડ ઝીરો નજીક બનાવાયેલા 17 લાખ સ્કવેર ફૂટ વિસ્તારમાં ફેલાયેલા 52 માળનાં '7 વર્લ્ડ ટ્રેડ સેન્ટર' સાથે કરી છે. '7 વર્લ્ડ ટ્રેડ સેન્ટર' બિલ્ડીંગ બાંધવાનો ખર્ચ લગભગ બે અબજ ડોલર આવ્યો હતો. અબજોપતિઓની યાદીમાં સૌથી મોંઘા 21 ઘરોમાં લક્ષ્મી મિત્તલનાં લંડનમાં આવેલા બે ઘરને અનુક્રમે 4થો અને 18મો ક્રમ આપવામાં આવ્યો છે.


**પ્રો. હીરાભાઈ એચ. પટેલ [MLA]**




68માં સ્વાતંત્ર્ય પર્વ પર
સૌને હાર્દિક શુભકામના...
આઝાદીનાં લડવૈયાઓએ સેવ્યું હતું
ઉન્નત દેશનું સપનું,
ગુજરાતે વિકાસની કેડી કંડારી પૂરું કર્યું
ઉન્નત દેશનું સપનું.

મહર્ષિ અરવિંદ માર્ગ, મુ.પો.તા. : લુણાવાડા, જિ. : પંચમહાલ : 389 230


# વૃંદાવનમાં 70 માળનું કૃષ્ણ મંદિર બનશે

**વૃંદાવનમાં** 70 માળનું કૃષ્ણમંદિર બનાવવાની યોજના છે. મંદિરનું નામ 'વૃંદાવન ચંદ્રોદય મંદિર' રાખવામાં આવ્યું છે. મંદિરમાં પ્રાચીન અને આધુનિક આર્કિટેકનો અદ્ભુત સમન્વય કરવામાં આવશે.

**એક નજર :**

213 મીટર ઊંચાઈ @ 62 એકરમાં ફેલાવો @ 16 માર્ચે શિલાન્યાસ

# ભારત આર્થિક રીતે સૌથી વિશ્વાસુ દેશ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં 'બિઝનેસ ફ્રેન્ડલી' સરકાર રચાઈ હોવાના કારણે આગામી છ માસ માટે ભારત આર્થિક રીતે વિશ્વનો સૌથી વિશ્વાસુ દેશ બની ગયો છે. સર્વેમાં જાણવા મળ્યાં મુજબ આશરે 60 ટકા લોકોએ સંભાવના વ્યક્ત કરી હતી કે આગામી છ મહિનામાં ભારતનું અર્થતંત્ર મજબૂત બનશે. આ કારણે વૈશ્વિક રિસર્ચ કંપની ઈપ્સોસની 25 દેશોની યાદીમાં ભારતને ટોચનું સ્થાન પ્રાપ્ત થયું છે. અગાઉનાં મહિનાની સરખામણીમાં ભારતનો આર્થિક આત્મવિશ્વાસ 6 ટકાથી વધીને 66 ટકા થઈ ગયો છે. સાઉદી અરેબિયા, જર્મની અને ચીન પછી ભારત વિશ્વનો ચોથો સૌથી આત્મવિશ્વાસુ દેશ બની ગયો છે. સાઉદી અરેબિયામાં 87 ટકા લોકોએ તેમના અર્થતંત્ર અંગે હકારાત્મક વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ભારત પછી કેનેડાનાં 65 ટકા લોકોએ અર્થતંત્ર અંગે આશાવાદ વ્યક્ત કર્યો હતો. ઈપ્સોસનાં અહેવાલમાં ભારત અંગે જણાવવામાં આવ્યું છે કે, 'નરેન્દ્ર મોદીની આગેવાનીમાં બિઝનેસ ફ્રેન્ડલી સરકાર બહુમતી સાથે ચૂંટાઈ હોવાના કારણે ભારતનો આર્થિક આત્મવિશ્વાસ ખૂબ જ ઊંચે ગયો છે. નરેન્દ્ર મોદીની સરકારે આર્થિક વિકાસ, ફુગાવાનું નિયંત્રણ અને રોકાણકારોનો વિશ્વાસ મેળવવા માટે કેટલાક નિર્ધાર વ્યક્ત કર્યા છે. ઈપ્સોસે 25 દેશોમાં 19,242 જેટલા લોકોમાં સર્વે હાથ ધર્યો હતો. આ સર્વેમાં સૌ પ્રથમ ભારતીયોએ ટોચ પર રહીને દેશનાં અર્થતંત્ર ઉપર સૌથી વધારે આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ભારત પછી બ્રાઝિલ બીજા, સાઉદી અરેબિયા ત્રીજા, ઈન્ડોનેશિયા ચોથા અને ચીન પાંચમાં ક્રમે રહ્યું હતું.

# ભારત દુનિયાની પહેલી ISO 9001 સરકાર બનશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારત સરકારને દુનિયાની પહેલી ISO 9001 સર્ટીફાઈડ સરકાર બનાવવા માંગે છે. કેન્દ્ર સરકારનાં પરફોર્મન્સ મેનેજમેન્ટ વિભાગનાં સચિવે તમામ મંત્રાલયો અને વિભાગોને પત્ર લખીને વડાપ્રધાનની ઈચ્છા અંગે જાણ કરી છે. પત્રમાં ટાંક્યું છે કે, આપણે સામૂહિક પ્રયાસોથી વિશ્વની પહેલી ISO 9001 અમલ કરનારી સરકાર બનાવીશું. મુખ્ય લક્ષ્ય સરકારનાં તમામ વિભાગોની નિર્ણય ક્ષમતામાં વેગ અને કામકાજમાં પ્રોફેશનલ વર્તન લાવવાનું છે. મોદી ગુજરાતનાં મુખ્યમંત્રી હતાં ત્યારે મુખ્યમંત્રી કાર્યાલયને ISO 9001 સર્ટિફિકેટ મળ્યું હતું.

**યુપીએ સરકારે શરૂઆત કરી હતી**

યુપીએ સરકારે આ દિશામાં પહેલ કરી હતી. પરફોર્મન્સ મેનેજમેન્ટ સિસ્ટમ બનાવીને વિભાગોનાં કામકાજની દેખરેખ થવાં લાગી હતી. કેટલાક વરિષ્ઠ મંત્રીઓનાં વિભાગોનાં રિપોર્ટ નેગેટિવ મળ્યાં હતાં.

**હવે આ પ્રક્રિયા થશે**

- તમામ વિભાગમાં ISO 9001 કન્સલ્ટન્ટ નિયુક્ત કરી નિર્ધારિત માપદંડ પર કામ કરવાનું રહેશે. કેન્દ્રનાં 72 વિભાગોમાંથી 37માં પહેલાથી જ આ પ્રક્રિયા ચાલી રહી છે.
- તમામ વિભાગોમાં ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝનાં તજજ્ઞો ગુણવત્તાનાં નિયમો શીખવશે.
- જે વિભાગ આ માપદંડોનાં પાલનમાં ખરા ઉતરશે તેમને પરફોર્મન્સ માટે 100 અંક મળશે.

# ક્રાંતિ કે ઉત્ક્રાંતિ




વિવિધ ક્ષેત્રે થતાં પ્રભાવશાળી પરિવર્તનો માટે ક્રાંતિ શબ્દ પ્રયોજાવા લાગ્યો છે. ઔધોગિક ક્રાંતિથી લઈને ભારતે માહિતી પ્રસારણ ક્ષેત્રે આણેલી ક્રાંતિની ભારે ચર્ચા છે. સાંસ્કૃતિક વિકાસની પ્રક્રિયામાં બે શબ્દોનું મહત્ત્વ છેઃ ક્રાંતિ અને ઉત્ક્રાંતિ. નેતાજી સુભાષચંદ્ર બોઝે ક્રાંતિની ઉત્ક્રાંતિ ઝડપી પ્રક્રિયા કહેલી; અને ઉમેરેલું કે ઉત્ક્રાંતિ એટલે કે લાંબા ગાળાની સુવ્યવસ્થિત ક્રાંતિ લાવનારી પ્રક્રિયા છે. ક્રાંતિ કે ઉત્ક્રાંતિનો આશય સમાજહિત, વિકાસ અને ઊર્ધ્વીકરણ હોય છે. આવી દરેક પ્રક્રિયામાં ઈષ્ટની સાથે અનિષ્ટ પણ થોડાઘણાં અંશે જોડાયેલું હોય છે. આવી રહેલાં પરિવર્તનનોમાં ઈષ્ટ ભાગ પ્રભાવી બને અને અનિષ્ટને સજાગ રહીને દૂર રખાય એવી દૃષ્ટિ જરૂરી છે. કોઈ પણ ક્ષેત્રે પરિવર્તન પાછળ વિચાર ક્રાંતિનો ઘણો ફાળો હોય છે. સમાજ સ્થગિત કેમ થઈ ગયો છે? બદલાતી પરિસ્થિતિ સાથે યુગાનુકૂળ પરિવર્તનની ગતિ મંદ કેમ પડે છે? સમાજનાં વિકાસની પ્રક્રિયા સામે કયાં અવરોધો છે? એ દૂર કરવા શું કરવું જોઈએ? આવા અનેક સવાલોમાંથી વિચાર વલોણું પેદા થાય અને તેના નિષ્કર્ષ રૂપે ઉત્ક્રાન્તિનું ભાથું મળે. આ દૃષ્ટિએ પહેલાં વિચાર આવે અને એમાંથી કૃતિ જન્મે, આમ ક્રાન્તિનો જન્મ વિચારમાંથી થાય છે. કૃતિ નવું નિર્માણ કરે છે. તેને યુગાનુકૂળ બનાવીને વધુ ઉચ્ચ કક્ષાનું બનાવે છે. જગતની પહેલી વિચારક્રાન્તિ ‘સમુદ્રમંથન’ કહેવાય છે. એ સમાજહિત માટે ચર્ચાનું વિચાર વલોણું હતું. વ્યાપક અને સર્વ પ્રથમ હતું. તેમાંથી લક્ષ્મી સહિત ઘણાં કલ્યાણકારી તત્ત્વો પ્રગટ થયાં, પરંતુ વિષ પણ એની જ નીપજ હતું. અમૃત અને વિષ ક્રાંતિનાં બે પાસાં છે. વિષ પચાવવું પડે, તેને બેઅસર કરવું પડે અને અમૃતનું સમાન ધોરણે વિતરણ કરવું પડે. ક્રાંતિની આ બે અનિવાર્ય આવશ્યકતાઓ છે. અમૃત પર સંપૂર્ણ કબજો જમાવવાની હોડ અનિષ્ટ સર્જે છે. આવા રાહુ કેતુઓને નિયંત્રણમાં રાખવાની ક્ષમતા સમાજે કેળવવી પડે છે.

**કાવેરી ગોદાવરી બેસિન ગેસને ગ્રહણ**

કાવેરી ગોદાવરી બેસિનમાં કુદરતી ગેસની શોધ અને શારકામ દ્વારા વિપુલ પ્રમાણમાં ગેસની પ્રાપ્તિનાં સફળ ઉપક્રમની પહેલ ગુજરાતે કરી. આ ગેસ ઊર્જા અને ઉત્પાદન ક્ષેત્રે ક્રાંતિ સર્જવાની ક્ષમતા ધરાવે છે. થર્મલ કે હાઈડ્રોજન વીજળીની અછતનો જવાબ એમાં છે, પરંતુ રિલાયન્સએ પેદા કરેલા ગેસ વિતરણનાં મુદ્દાને ડાબેરીઓ રૂપી રાહુ કેતુનું ગ્રહણ લાગ્યું છે. દેશને કુદરતી ગેસ અંગેની નીતિ મુજબ ગેસ અપાય તેની સામે બહું વાંધો ન હોઈ શકે. સરકારી કંપની આંતરરાષ્ટ્રીય ટેન્ડર બહાર પાડે, તેમાં રિલાન્યસનું ₹ 2.3 ડોલરનું ટેન્ડર મંજૂર થાય. ખુશ થઈને કંપની આભારપત્ર પણ પાઠવી દે, તે પછી તેને આ ભાવે ગેસ નહીં આપવાની વાત કેટલાં અંશે વ્યાજબી છે? ગેસનું ઉત્પાદન ખર્ચ માત્ર 89 સેન્ટ છે. રિલાયન્સનું ટેન્ડર આંતરરાષ્ટ્રીય ટેન્ડર પ્રક્રિયામાં 2.3 ડોલરનું મંજૂર થયુ છે. પછી 4.5 ડોલરમાં ખરીદવાની ફરજ પાડવી એ ક્યાંનો ન્યાય છે ? સવાલ અંબાણી બંધુઓની આંતરિક ખેંચતાણનો નથી, એને લોકહિતમાં ઉકેલીને ઊર્જા ક્ષેત્રે ક્રાંતિને વેગ આપવાનો છે. મુદ્દો અત્યારે સુપ્રીમ કોર્ટમાં છે. રાજ્યની શક્તિ ઓછી પડી તેથી ખાનગી ક્ષેત્રને આમંત્રણ અપાયું. તેણે સફળ શારકામથી ગેસ મેળવ્યો એટલે કહી દેવાનું કે તમારું કામ પૂરું થયું, હવે અમે સંભાળી લઈશું? આ તો રસોઈયાને ભૂખે પેટે તગેડી મૂકવા જેવી વાત થઈ !

**ક્રાંતિ તાત્કાલિક લાભ આપે જ એવું નથી**

ક્રાંતિ તાત્કાલિક અપેક્ષિત લાભ આપે એ જરૂરી નથી. ફ્રેન્ચ રાજ્યક્રાંતિ પછી એના નેતાઓ ગિલોટિનનો પહેલો શિકાર બન્યાં હતાં. ‘સમાનતા, બંધુતા અને લોકતંત્ર’, માત્ર સૂત્ર બની રહ્યું હતું. નેપોલિયન બોનાપાર્ટ જેવો મહત્ત્વાકાંક્ષી આપખુદ શાસક ચડી બેઠો. અન્ય ક્રાંતિઓમાં પણ આવાં પાસાં મળી શકે. રશિયાની સામ્યવાદી ક્રાંતિમાં સમાન વિતરણ, સંચિતો પાસેથી લઈને વંચિતોને આપવાનું સપનું જ રહ્યું. એવી જ રીતે સ્ટીમ એન્જિનની શોધનાં પગલે સર્જાયેલી ઔદ્યોગિક ક્રાંતિ પછી એકતરફી વિકાસ થયો હોય એવું અનુભવાયું. ગરીબ અમીરની ખાઈ પહોળી થઈ. શોષણનાં નવાં દ્વાર ખૂલ્યાં. ભારતને લાગેવળગે છે ત્યાં સુધી અંગ્રેજી રાજ વખતે સ્થપાયેલી રેલ્વેને મહાન વરદાન ગણાવાઈ. રેલ્વેનાં અસંખ્ય લાભ છે એનો ઈન્કાર ન થઈ શકે, પરંતુ સમાજનાં એક વર્ગ ઉપર તેની અસર કેટલી ઘાતક નીવડી હતી તેનું કમકમાટી ભર્યું ચિત્રણ ‘ભારતીય અર્થશાસ્ત્ર’નાં વિચક્ષણ પંડિત આર.સી. દત્તે કર્યું છે. રમેશચંદ્ર દત્ત વડોદરાનાં મહારાજા સયાજીરાવનાં દીવાન હતાં ત્યારે ઈંગ્લેન્ડ પ્રવાસ વખતે લખાયેલા તેમના પુસ્તક ‘ઈન્ડીયન ઈકોનોમિક્સ ઈન વિક્ટોરિયન પિરિયડ’ માં ચોક્કસ સરકારી આંકડા આપ્યાં છે. તેમણે નોધ્યું કે રેલ્વે ઘણી ઉપકારક છે, પરંતુ તેને કારણે યાતાયાત અને પરિવહન ક્ષેત્રે સ્થાનિક કક્ષાએ જે બેકારી સર્જાઈ તેની વિપરીત અસરો સમગ્ર અર્થતંત્ર ઉપર પડી હતી. આ પાસાં તરફ કોઈએ ધ્યાન આપ્યું નહીં.

**પ્રકૃતિનું શોષણ : પર્યાવરણનાં પ્રશ્નો**

સ્વતંત્ર ભારતે ભારતની મૂળભૂત પ્રકૃતિ છોડીને આર્થિક વિકાસ માટે વિદેશી મોડલ સ્વીકાર્યા. ભારતનાં વિકાસની સંકલ્પના સર્વસમાવેશક છે. સમગ્ર બ્રહ્માંડને આવરી લેતી પરાવલંબનનો સ્વીકાર કરતી સંકલ્પના છે. ભારતીય વિચાર મુજબ મનુષ્યની તમામ જરૂરિયાતો પૂરી કરવાની ક્ષમતા પ્રકૃતિમાં છે, પરંતુ તેના અમર્યાદિત લોભની પૂર્તિ તેનાથી શક્ય નથી. પ્રકૃતિનું દોહન કરાય, શોષણ નહીં. પશ્ચિમી વિચારધારા એથી વિપરીત છે. એ માત્ર ભૌતિક વિકાસ, માણસની ઈચ્છાઓની પૂર્તિ અને ધનસંપત્તિને જ વિકાસ માને છે. મનુષ્યની અમર્યાદિત બેફામ ઈચ્છાઓ સંતોષવા તેણે આદરેલા પ્રકૃતિનાં અપાર શોષણનું પરિણામ ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણનાં દઝાડતા પ્રશ્નો છે. કૃષિ ક્ષેત્રે ખેત ઉત્પાદન વધારવાનાં નવા તરીકા રાસાયણિક ખાતરો અને જંતુનાશકોની ભરમાર કરનારા છે. તેમાં પુષ્કળ પાણીની જરૂર પડે છે. આ પદ્ધતિએ શરૂઆતમાં ફાયદો બતાવ્યો, પણ વખત જતાં એ જ રાસાયણિક ખાતરો અને જંતુનાશકો જમીનની ઉત્પાદક શક્તિ ઘટાડવા લાગ્યાં. આ જંતુનાશકોની આડઅસરો સ્વાસ્થ્ય ક્ષેત્રે દેખાઈ છે. વધુ પેદાશ મેળવવાની લ્હાયમાં શરૂ થયેલા હાઈબ્રીડ ઉત્પાદનો ગુણવત્તાની દૃષ્ટિએ ઊતરતાં છે. સ્વાસ્થ્ય માટે તે લાભદાયી નથી એવું અનુભવાય છે.

**ટીવી ચેનલો અને વિકૃતિઓ**

આધુનિક સમયની વાત કરીએ તો ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને ઈલેક્ટ્રોનિક સંશોધનોમાં ભારતે જબરજસ્ત ક્રાંતિ કરી છે. અમેરિકાની સિલિકોન વેલી ભારતીય બુદ્ધિ પ્રતિભાઓથી છલકાય છે. વર્તમાન સમય માહિતીનો યુગ કહેવાય છે. આ દૃષ્ટિએ સેટેલાઈટ ફોન અને માહિતી કેન્દ્રો સુધી આપણે પહોંચ્યાં છીએ. ઈલેક્ટ્રોનિક માધ્યમ ટીવી, કમ્પ્યુટર અને મોબાઈલ જ્ઞાન પ્રાપ્તિનાં સમર્થ માધ્યમો ગણાવા લાગ્યાં છે. પુસ્તકો ગૌણ બની ગયાં છે. સાઈબર કાફેનું ચલણ વધ્યું છે. સાઈબર ક્રાઈમે માઝા મૂકી છે. ભારતમાં જેહાદી



ત્રાસવાદીઓ માટે ઈ મેઈલ, ઈ સંદેશા, SMS વગેરે હાથવગાં હથિયાર બન્યાં છે. કોઈને બદનામ કરવા માટે સેલફોનમાં વિકૃત ફિલ્મો ભરવાની ગંદી પ્રવૃત્તિ વધી છે. ટીવી ક્ષેત્રે જ્ઞાન અને સુવિચાર આપતાં કાર્યક્રમોનું સ્થાન હવે 'સચ કા સામના' અને 'ઈસ જંગલ સે મુઝે બચાવો' જેવા સેક્સી કાર્યક્રમોએ લીધું છે. જે સભ્યતા અને જીવનમૂલ્યોનાં આધારે ભારતનું સમાજ જીવન ઘડાયું તેમજ યુગો સુધી ટકી રહ્યું છે એનું લિલામ થવા લાગ્યું. આવા ઢગલાબંધ કહેવાતા રિયાલિટી શો છે, જેમાં જગતનું એકમાત્ર સત્ય અશ્લીલતા હોય એવું દેખાય છે. નચ બલિયેમાં એક મા, સફળ હાસ્ય અભિનેત્રી અને તેનો ગાયક પતિ કિશોર વયની પુત્રીની હાજરીમાં બેડરૂમમાં ડાન્સ કરે એ જ જીવનનું સત્ય છે? 'સચ કા સામના' નાં પ્રોડ્યુસરોની વાહિયાત દલીલો વિશે 'પ્રતિધ્વનિ'માં લખાઈ ગયું છે. ટીકાકારોનાં મતે આ કાર્યક્રમને સત્ય સાથે નહાવા નિચોવાનો પણ સંબંધ નથી. જાણીતા મનોરોગ ચિકિત્સક અરૂણા બ્રુટા કહે છે કે, "આ કાર્યક્રમને સચ્ચાઈમાં રસ નથી. એ તો ખાસ કરીને એવું સત્ય શોધવા મથે છે જે વ્યકિતનાં આત્મસન્માન અને આપસી સંબંધોને વિષાક્ત બનાવે. આપણે જીવનને આનંદિત કરતાં સત્યોની ઉજવણી કેમ નથી કરતાં? ઉત્તમતાનું રક્ષણ કરવાની ક્ષમતાનું પ્રદર્શન વધારે પ્રેરણાદાયક હોય છે." અરુણાનો આક્ષેપ છે કે આ ચેનલો અન્યોનાં વ્યકિતગત વિષાદ અને વ્યથાઓનું માર્કેટિંગ કરીને વિકૃત આનંદ મેળવવાનાં માધ્યમ બન્યાં છે. મારું રહસ્ય છાનું રહેતું હોય, તો બીજાની નગ્નતા જોવામાં રસ પડે એવી વાત છે. નૈતિક ધોરણોનાં મોટા દાવા કરતી આ ચેનલો વિકૃત રીતે સમસ્યા તો ઉછાળે છે, પણ ઉકેલ નથી સૂચવતી. આમ કરવાથી જીવન પ્રત્યેની શ્રદ્ધા ખતમ થઈ જવાનો ભય રહે છે. 'ઈસ જંગલ સે મુઝે બચાઓ' એક બીજી એવી શ્રેણી છે. જેમાં ટીવી ચેનલોનાં પુખ્ત અને ગંભીર પાત્રો તરીકે જાણીતા ચહેરા જંગલની ભયાનકતા વચ્ચે પોતાની આંતરિક મનોવૃત્તિ છતી કરે છે, એમાં નરી ગંદકી છે. અન્યોની ખાનગી વાતો બહાર પાડવી, એમની પ્રાઈવસીનો ભંગ કરવો એ સ્વસ્થ મનોરંજન નથી. એક મનોવૈજ્ઞાનિક કહે છે, કે લગ્નથી મૃત્યુ સુધી કૌમાર્ય પૈસા માટે ટીવીનાં પડદા ઉપર રાજ કરવા માંડ્યુ છે. આપણે પોતાના ગ્રાહક બનીએ છીએ, પોતે જ વેચાઈએ છીએ અને ખુદને ખરીદીએ છીએ ! બાહ્ય જગત માટે આપણો માહ્યલો ખાલી કરી રહ્યાં છીએ ! આમ જ ચાલ્યા કરશે તો સુસંસ્કૃત સમાજ ફરીથી જંગલિયતથી ઘેરાઈ જશે. આપણાં મૂલ્યો, જીવનદર્શનો, સહઅસ્તિત્વની ભાવના વગેરે ધરાશાયી થઈ જશે. જ્ઞાનનો મહિમા અપાર છે, પણ જ્ઞાનપ્રાપ્તિનું સાધન કે માધ્યમ જ વિકૃત બને તો આસુરી વૃત્તિ પ્રગટે. સાઈબર, ઈલેક્ટ્રોનિક અને આઈટી ક્ષેત્રની મર્યાદાઓ આંકવી અનિવાર્ય છે.

**મર્યાદિત ઉપભોગની સંસ્કૃતિ**

આર્થિક વિકાસ એ જ સંપૂર્ણ વિકાસ નથી. પૈસો મારો પરમેશ્વરને હું પૈસાનો દાસ' એ ભારતીય સંકલ્પના નથી. અહીં ઉપભોગનો ઈન્કાર નથી, પણ તેની મર્યાદા જરૂર અંકિત છે. બીજાનાં ભોગે વિકાસ નહીં. કોઈનું છીનવી લેવું એ વિકૃતિ છે. જીવન માટે જરૂરી હોય એટલું જરૂર સંઘરાય, પણ એથી વધારે બેફામ સંઘરાખોરી કરનાર માટે કહેવાયું કે એ ચોર છે. સજાને પાત્ર છે. ભારતમાં લક્ષ્મીપતિ માત્ર વિષ્ણુ છે. અહીં લક્ષ્મીદાસ અને લક્ષ્મીનંદનો મળશે, લક્ષ્મીપતિ નામવાળો કોઈ નહીં મળે. આ આપણી સંસ્કૃતિ છે. વિરાટ ઉદ્યોગોની સાથે મધ્યમ, નાના અને ગ્રામ્ય તથા કુટિર ઉદ્યોગોનાં વિકાસ માટે અવકાશ છોડવામાં આવે તો રોજગારની સમસ્યા હળવી બને. જે કુટિર ઉદ્યોગમાં બની શકે તે નાનો કે મધ્યમ ઉદ્યોગ ન બનાવે, નાનો ઉદ્યોગ બનાવી શકે તે મધ્યમ ન બનાવે અને મધ્યમ બનાવી શકે તે વિરાટ ઉદ્યોગગૃહો બનાવવાનું ટાળે એવી સ્થિતિ નિર્માણ થાય. સ્વાવલંબી સ્વાયત્ત વ્યવસાયોને પ્રોત્સાહન મળે અને બેકાર હાથને કામ મળે. બેકારનાં ખિસ્સામાં પૈસો આવે એટલે બજારમાં માંગ વધે, માંગ વધે તો ઉત્પાદન વધે, ઉત્પાદન વધે એટલે રોજગાર વધે. ટેકનોલોજી માણસની મદદગાર બને, માલિક નહીં. સાચી ક્રાંતિ ઉત્ક્રાંતિ સર્વસમાવેશક હોય અને છેવાડાનાં માનવીને જરૂર પૂરતું મળી રહે તે તેનું લક્ષ્ય હોય  આ દેશની ધરતીને માફક આવે તે સાચી ક્રાંતિ







# નાનાં અનુભવોનું વિરાટ વિશ્વ

અમેરિકાનાં રેલ્વે સ્ટેશનનાં એક પ્લેટફોર્મ પર મેન્ડલીનનાં મધુર સૂર હવામાં પ્રસરી રહ્યાં હતાં. સૂરની દિશા તરફ પગ વળ્યાં ત્યારે જોયું કે એક અંધ ભિખારી મેન્ડલીનનાં તાર પર આંગળીઓ રમાડી રહ્યો હતો. એણે કાળા ગોગલ્સ પહેર્યા હતાં. ભોંય પર એ તંતુવાદ્યનાં આકારની પેટી ખુલ્લી પડેલી હતી, જેમાં લોકો એક ડોલરની નોટ અને પરચૂરણ નાંખતા હતાં. પેટી પાસે એક કૂતરો બેઠેલો હતો. કૂતરાની પીઠ પર પટ્ટા સાથે પ્લાસ્ટીકનું હેન્ડલ હતું. જેને પકડીને સૂરદાસ ચાલી શકે અને માર્ગ ચૂક્યાં વગર ઘરે પહોંચી શકે. લોકો ટ્રેનની રાહ જોઈને સંગીત માણી રહ્યાં હતાં. અંધ ભિખારી અને દેખતા કૂતરાની ભાઈબંધી હૃદયસ્પર્શી હતી. ટ્રેન આવી કે તરત દૃશ્ય અલોપ થયું અને સંગીત બંધ થયું. કવિ વર્લ્ડઝવર્થ યાદ આવી ગયો. ‘સ્ટોપ હીઅર ઓર જેન્ટ્લી પાસ? આઈરિશ કવિ સીમસ હેનને કવિતા માટે નોબેલ પારિતોષિક મળ્યું. પારિતોષિક સ્વીકારતી વખતે એમણે પ્રવચન કર્યું. પ્રવચનનો પ્રારંભ નાનાં બાળક તરીકે પોતાનાં ખેતરાઉ ઘરમાં સાંભળેલા જાતજાતનાં અવાજોનાં વર્ણનથી કર્યો છે. સતત વૃદ્ધિ પામતા પરિવારમાં સૌથી મોટા સંતાન તરીકે આર્યલેન્ડનાં ગામડામાં કવિનું બાળપણ વીત્યું. 1940 પછીનાં વર્ષો દરમિયાન રેડીયો પરથી BBC ન્યુઝ સાંભળવા મળતાં. ઘરનાં ત્રણ ઓરડામાં ભરચક વસ્તી રહેતી. રાતે બેડરૂમની દીવાલની લગોલગ આવેલા તબેલામાંથી ઘોડાની હણહણાટી સંભળાતી. વચ્ચે મોટેરાઓની વાતચીત રસોડામાંથી સંભળાતી. વૃક્ષો પર વરસાદ પડે તેના અવાજ સાથે છત પર ઉંદરોની દોડાદોડીનો અવાજ પણ સંભળાતો. ઘરની પછવાડે માંડ એક ખેતરથી દૂર પાટા પરથી પસાર થતી આગગાડીનો અવાજ પણ સંભળાતો. આગગાડી પસાર થાય ત્યારે ધરતી ધ્રુજી ઊઠતી અને આસપાસની હવા પણ જીવંત બની રહેતી. કૂંડીમાં પાણી ભરેલું હોય અને આગગાડીની ધણધણાટીને કારણે એમાં નાજુક હળવી લહેર સર્જાતી. BBC પર સમાચાર વાંચનારનાં શુદ્ધ ઉચ્ચારો સાથે રસોડામાંથી આવતા ગામઠી અવાજો ભળી જતાં. કવિ લંબાણથી અનુભૂતિનાં વિશ્વની વાતો કરીને પ્રવચનમાં કવિતાની સાવ અનોખી વ્યાખ્યા આપીને કહે છે. “કવિતા બહારની વાસ્તવિકતાને વફાદાર હોય, તે સાથે કવિનાં માંહ્યલાની અંદરનાં નિયમો પ્રત્યે પણ સંવેદનશીલ હોવી જોઈએ.” નાનાં અનુભવોનું વિરાટ વિશ્વ આસપાસ સતત પ્રગટતું રહે છે. આદમી એમાં તરતો, તણાતો અને ડૂબતો રહે છે. સર્જકો એમાં ડૂબકી મારતા રહે છે. ક્યારેક એમના હાથમાં મોતીડા આવે ત્યારે જગતને કવિતા જેવું કંઈક મળે છે. કવિતા એટલે માણસની ગહનતમ અનુભૂતિનું મનોહર શિલ્પ? પ્રવચનનાં અંત ભાગે કવિ એક લોકકથા કહે છે. એક વાર ખ્રિસ્તી સાધુ કેવિન ગ્લેન્ડેલોહનાં મઠમાં પ્રાર્થના કરી રહ્યાં હતાં. આ મઠ કવિનાં ઘરથી થોડેક દૂર આવેલો છે. કેવિન ઘૂંટણીયે પડીને ક્રોસની મુદ્રામાં પોતાનાં બે હાથ પ્રસારીને ધ્યાનસ્થ હતાં. આસપાસ જંગલ હતું. એવામાં એક કાળું પંખી આવ્યું અને સાધુનાં પ્રસારેલા હાથને ડાળી સમજીને નીચે બેઠું. પંખીએ થોડાંક ઈંડા મૂક્યાં અને હથેળીમાં નાનકડો માળો રચી દીધો. અપાર કરૂણાથી પ્રેરાઈને એ સાધુ નિશ્ચેષ્ટ સ્થિતિમાં દિવસો સુધી બેસી રહ્યાં. ઈંડામાંથી જન્મેલા બચ્ચાંઓએ ચેતનાની પાંખો ફફડાવી ત્યાં સુધી તેઓ હલ્યા નહીં. ટ્રેનમાં જતો હતો ત્યારે જમણી બાજુએ પાછળ કાચની બારીમાં લાલચોળ સૂર્ય અસ્ત પામવાની તૈયારી કરી રહ્યો હતો. પાછળની સીટ પર મારી અને સૂર્યની વચ્ચે એક અમેરિકન સ્ત્રી બેઠી હતી. હું સૂર્યને ઈષ્ટદેવતા ગણીને પૂજુ છું. હું પાછું વળીને સૂર્ય ભણી જોઈને મનોમન મંત્ર બોલી રહ્યો હતો અને પેલી સ્ત્રીને હળવી અકળામણ થતી હતી. માંડ અડધી મિનિટ વીતી હશે ત્યાં એ સ્ત્રીને ખ્યાલ આવી ગયો. Oh? Now I know. બીજી મિનિટે મારી અને સૂર્યની વચ્ચે સ્મિત ગોઠવાઈ ગયું. સાવ નાની વાત, પણ કદીય ન ભૂલાય તેવી અનુભૂતિનું માધુર્ય જીવનની ઝોળીમાં ઠાલવતી ગઈ. હું કાશી જાઉં ત્યારે ઘણા કલાકો ગંગાને કિનારે ગાળું છું. કાશી કંઈ જોવા જેવું નગર નથી. એ તો સાંભળવા જેવું અને સૂંઘવા જેવું નગર છે. એક વાર મણીકર્ણિકા ઘાટ પર સાંજે એકલો બેઠો હતો. સૂર્ય આથમી ચૂકયો હતો. ઓવારા પર ચાર પાંચ ચિતાઓ સળગેલી હતી. કેટલીક ચિતાઓ ઠરી ગઈ હતી. ગંગાનાં જળ પર અંધારું છવાઈ રહ્યું હતું. હું આંખો મિંચીને મૌનને અજવાળે બેઠો હતો. વહેતી ગંગામાં સદીઓ વહી રહી હોય તેવો ભાવ મનમાં માણી રહ્યો હતો. અચાનક અંધારાની શાંતિ વટાવીને ડમરુનો અવાજ કાને પડ્યો. થોડીક વારમાં અવાજ બંધ થઈ ગયો. આંખો ખોલીને જોયું તો એક ચીંથરેહાલ માણસ ડમરુનાં ચામડાને ઠરેલી ચિતામાં પડેલા દેવતા પર શેકી રહ્યો હતો. બે ચાર મિનિટ થઈ ત્યાં તો એ આદમી ડમરું વગાડતો અંધારામાં અલોપ થઈ ગયો. મૌન, મૃત્યુ અને સંગીતને સથવારે ગંગા વહી રહી હતી. જીવન અને મૃત્યુ વચ્ચે જાણે હસ્તધૂન થઈ રહ્યું હતું. સ્વિસ નાટ્યકાર અને નવલકથાકાર મેક્સ ટેક્નોલોજીની મૌલિક વ્યાખ્યા આપે છે. નવલકથાનું મથાળું છે A Wilderness of Mirrors. તે લખે છે કે ટેક્નોલોજી વિશ્વની ગોઠવણ કરવાની એક કરામત છે. જેમાં આપણે વિશ્વનો અનુભવ કરવાની જરૂર નથી પડતી. આમ કવિતા અને ટેક્નોલોજી વચ્ચેની ટક્કર એટલે અનુભૂતિ અને કરામત વચ્ચેની ટક્કર. સૃષ્ટિ સાથેનો આપણો સ્પર્શ ખૂટતો જાય છે. અનુભવનું વિશ્વ સંકોડાતું જાય છે. યાંત્રિક કરામતોની દુનિયા વિકસતી જાય છે. ટેક્નોલોજી સાથે માર્કેટની દુનિયા જોડાઈ જાય છે. માર્કેટમાં સફળ થવાં માટે મેન્જમેન્ટ જોઈએ. ટેક્નોલોજીની આ મહામાયાથી બચવું શક્ય છે ખરું? તમે સ્ટીમરોલરનો ભોગ બનો કે પછી સડક બની જાવ. કવિતા હારી રહી છે. અનુભૂતિ હારી રહી છે. લાગણીનું વિશ્વ તૂટી રહ્યું છે. કરામતનું વિશ્વ પહોળું થતું જાય છે.


**રાણાવાવ આદિત્યાણા નગર સેવા સદન**

**તા.: રાણાવાવ, જી.: પોરબંદર, Tel.:** 02801 230624/231395

**સ્વચ્છતા ત્યા પ્રભુતા : નિર્મળ રાણાવાવ, નિર્મળ ગુજરાત**

**રાણાવાવ આદિત્યાણા નગર સેવા સદનની શહેરીજનોને નમ્ર અપીલ...**

**01.** રાણાવાવ શહેરનાં દરેક નાગરિકે શહેરને સ્વચ્છ, સુંદર અને સુઘડ રાખવા પોતાના ઘર આંગણાને સાફ રાખવું.

**02.** ઘર અને આંગણાની સફાઈથી એકઠો થયેલો કચરો જ્યાં ત્યાં નહીં ફેકતા નગર સેવા સદનએ નિયત કરેલી જગ્યાએજ નાંખવાનો આગ્રહ રાખવો.

**03.** ઘર વપરાશનું ગંદુ પાણી આંગણામાં ભરાય ન રહે તે માટે ઘર આંગણા સમતળ રાખી ગંદા પાણીનાં નિકાલ માટે શોષ ખાડો બનાવી લેવો.

**04.** પર્યાવરણ સમતુલા માટે શહેરીજનોએ વૃક્ષારોપણ કરી તેનું જતન કરવું.

**05.** દરેક શહેરીજનોએ નગરસેવા સદન દ્વારા પુરુ પાડવામાં આવતું ક્લોરીનેશન વાળુ પાણી પીવાનો આગ્રહ રાખવો.

**06.** જન્મમરણની નોંધ અચૂક નગર સેવા સદનમાં કરાવવી.

**07.** નગર સેવા સદનનાં ટેક્ષ નિયમિત ભરી સહકાર આપવો.

**08.** નગર સેવા સદનનાં વિકાસ કાર્યોમાં સાથ સહકાર આપવો.

**09.** લગ્ન નોંધણી નગર સેવા સદનમાં અવશ્ય કરાવવી.

**10.** વેપારી ભાઈઓએ વ્યવસાયવેરો નગર સેવા સદનમાં નિયમિત ભરવો.

**HAPPY INDEPENDENCE DAY**

**પરબતભાઈ એ. ચાવડા ✦ ઓસ્માણભાઈ નાઈ ✦ સામતભાઈ ઓડેદરા**

**ચીફ ઓફીસર** **ઉપપ્રમુખ** **પ્રમુખ**

**રાણાવાવ આદિત્યાણા નગર સેવા સદનનાં તમામ સદસ્યો...**

# લઈએ તેથી વધુ આપવાનો સંકલ્પ કરો

જીવન એક સંગ્રામ છે. જીવનની તકલીફોથી ભાગશો નહીં, તેને 'યસ' કહીને સ્વીકારી લેજો. રોજ નવી ચેલેન્જ આવે છે અને નવાં પ્રોબ્લેમ આવે છે. સંકલ્પ કરો કે તમે હારશો નહીં. આપણે વધુ પડતાં ઘોંઘાટથી ફટાકડા ન ફોડીએ અને ન પચે તેવી મીઠાઈઓ આરોગીએ છીએ તેને બદલે થોડાક સાત્વિક બનીએ.

વહી સચ્ચા વીર હૈ જો હારકર નહીં, વીર વહી જો કભી બિચારા નહીં. હું આજે સંકલ્પ કરું છું કે મને કદી કોઈ બિચારો કહે તેવો 2014માં મોકો નહીં આપું. આપણે થોડા સાત્વિક બનીએ. તમે જોયું હશે કે મહદઅંશે સાત્વિક લોકો સમૃદ્ધ હોય છે. શું કામ? કવિ વોલ્ટ વ્હીટમેને "લીવ્ઝ ઓફ ગ્રાસ" નામનું કાવ્ય લખેલું. આ કવિ દેખાવે ઋષિ જેવા હતાં. 'ચેરિટી ઈઝ ધ ગ્રેટ ફોર્સ, ઈટ ગીવ્ઝ એ મેન હીઝ સિક્સ્થ સેન્સ, ચેરિટી એન્ડ પર્સનલ ઓનેસ્ટી' આવી ચેરિટીની ભાવના દાનવીરોમાં હતી. ઉપવાસનો સાત્વિક અર્થ : માણસે "પોતાની પાસે જવું કે પોતાના આત્મા નિકટ રહેવું." વધુને વધુ અંતરમુખી થવું. ભૌતિક રીતે ઉપવાસ કરવાથી આપણી સિક્સ્થ સેન્સ જાગૃત થાય છે. જીવન એક સંગ્રામ છે. કદી જીવનની તકલીફોથી ભાગશો નહીં. જિંદગીની પીડાઓને 'યસ' કહીને સ્વીકારી લેજો. તમને સાહસ કરવાનું મન થાય તો સાહસ કરી લેજો. ફૂંકી ફૂંકીને જીવશો તો કંઈ નવું હાંસલ નહીં થાય. તમારા કરતાં બીજા માટે વધુ જીવજો.

જીવન સારી રીતે જીવવું જોઈએ, કદી છાકટા થઈને નહીં. ઉત્સવ કે ધર્મને નામે સંયમ ચૂંકવો નહીં. જિંદગીભર ખાવા પીવામાં કે ભોગવવામાં સંયમ રાખવો. મોરલ કન્ડક્ટ સારી રાખવી, જેથી સારા વિચારો આવે અને સારા કૃત્યો થાય. આથી સારું અને શાંત મૃત્યુ મળે. મહદઅંશે 99 ટકા લોકો લાંબી બીમારીમાં દુ:ખી થઈને જીવતાં છતાં મરેલા જીવે છે. છેલ્લા શ્વાસ સુધી આત્મજ્ઞાન મેળવવાં કર્મઠ જીવન જીવો. જેથી આસાન મૃત્યુ આવે. કોઈ વાચક પૂછશે કે દિવાળીને દિવસે જ્યાં વધુ જીવંત થઈને જીવવાનું છે ત્યાં નિર્વાણની વાત ક્યાં કરો છો. તમારે ઓશો રજનીશની વાત ધ્યાનમાં લેવી જોઈએ. જો જીવનને જાણવું હોય તો મૃત્યુને પણ જાણવું જોઈએ. હવે નવાં વરસ માટે દિવાળીની સંધ્યાએ કેવો સંકલ્પ લેવો તે કહું છું. તમને મહાન વાર્તાકાર અને ફ્રેન્ચ ફિલોસોફર એન્દ્રે ગીદની વાત કહીશ. 1947માં સાહિત્યમાં નોબેલ પ્રાઈઝ મેળવનારા એન્દ્રે ગીદે સરસ વાત કરેલી કે સમાજ દંભી છે. દંભી સમાજનાં સ્થાપિત મૂલ્યોને સ્વીકારશો નહીં. હંમેશા તમારી અંદર જે કુદરતી ઈમ્પલ્સ જાગે તેને અનુસરજો. ઈમ્પલ્સ એટલે કે માનસિક તરંગ, માનસિક પ્રેરણા જાગે તેમ લહેરથી જીવજો. એન્દ્રે ગીદએ ઈમ મોરાલિસ્ટ નામની નવલકથા લખેલી. વાર્તાનો મગરૂબ હિરો બીમાર પડે છે, પત્નીએ બીમાર પતિને કહ્યું કે હું દેવળમાં જઈને પ્રભુને તારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરું છું. વાર્તાનો અતિ મગરૂબ હિરો જે વાક્ય બોલે છે તેમાં અતિશયોક્તિ લાગશે. વાર્તાનો બીમાર હિરો પત્નીને કહે છે, મહેરબાની કરીને તું મારા માટે ભગવાન પાસે કંઈ જ ફેવર માગીશ નહીં. હું ઈશ્વરનું ઓબ્લિગેશન લેવા તૈયાર નથી ! આખી જિંદગી મેં જોયું છે કે કોઈની ફેવર લો તેની બમણી કિંમત ચુકવવી પડે છે, માટે કોઈની ફેવર લેવી નહીં. કોઈને આપવું, પરંતુ ઋણ ચઢાવવું નહીં. આ દિવાળીનો સંદેશ છે કે આજથી કોઈની પાસેથી લઈએ તેના કરતાં વધુ આપવું. દિલ રાજા કરતાં ય વધુ ઉદાર હોવું જોઈએ.


## રાજકોટ શહેરી વિકાસ સતામંડળ [RUDA]

**ચીમનભાઈ પટેલ વિકાસ ભવન, જામનગર રોડ, રાજકોટ.**

**પોસ્ટ બોક્સ નં.: 238**


1. સત્તામંડળનાં વિસ્તારમાં સને 2002થી આવરી લેવાયેલ 18 ગામો સહિત કુલ 54 ગામોમાં કોઈપણ પ્રકારની વિકાસ કામગીરી જેવી કે બીનખેતી કરાવવી, ખેતી સિવાયનાં ઉપયોગ કરવા માટે અને ઔદ્યોગિક/વાણિજય/રહેણાંક કે અન્ય તમામ બાંધકામની કામગીરી હાથ ધરતા પહેલા કાયદાની જોગવાઈ મુજબ વિકાસ પરવાનગી સત્તામંડળ પાસેથી મેળવવી ફરજીયાત છે. ગ્રામ પંચાયતો દ્વારા વિકાસ પરવાનગી આપવામાં આવે તો તે બિનઅધિકૃત ગણવામાં આવશે.
2. બાંધકામ/ લે આઉટ પ્લાન GDCR ની જોગવાઈ મુજબ રજૂ થાય તેની એન્જીનિયર/આર્કિટેક્ટ સાથે ખાત્રી કરી વિકાસ પરવાનગી બાબતે નિશ્ચિંત બનીએ.
3. વિકાસ પરવાનગી બાબતે જરૂરી સાધનિક રેકર્ડ તથા તાંત્રિક ક્ષતિઓ સમય મર્યાદામાં રજુ કરી વિકાસ પરવાનગી મેળવી લેવા કાળજી રાખવી.
4. સરકાર દ્વારા મંજૂર થયેલ વિકાસ નિયંત્રણ નિયમો મુજબ વિકાસ તથા ઉપયોગ પરવાનગીપાત્ર છે તેને અનુસરીએ.
5. બાંધકામ કરતી વખતે વિકાસ પરવાનગીની શરતો અને જોગવાઈનું પાલન કરી તુર્તજ વપરાશ અંગેનાં પ્રમાણપત્ર મેળવી લેવાની કાળજી રાખવી.
6. જમીનનાં પ્લોટસની અધિકૃતતા સંબંધમાં બિનખેતી હુકમની સઘળી શરતો તથા પ્લાનની ચકાસણી કરી ખાત્રી કરવી.
7. મકાન / પ્લોટસ ખરીદ કરતી વખતે મહેસુલી રેકર્ડ, વિકાસ પરવાનગી તથા પ્લાન અધિકૃતતા અંગે હંમેશા ખાત્રી કરવી.
8. પાણી અમુલ્ય સંપતિ છે. ભૂગર્ભ જળભંડાર જીવંત રહે તે માટે ચોમાસાનું વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતારવા ચોમાસા પહેલા આપના ઘરોમાં આવેલા બોર તથા ગામોનાં કુવાઓ રીચાર્જ કરવા કૃતનિશ્ચયી બનીએ તથા વૃક્ષો વાવી પર્યાવરણનું જતન કરીએ.

**પ્રભાતદાન કે. બારહટ [GAS]**
**મુખ્ય કારોબારી અધિકારી**

**વિજય નેહરા [IAS]**
**અધ્યક્ષ**

**HAPPY INDEPENDENCE DAY**

# વૈશ્વિક ગુજરાતી



સામાન્ય રીતે વાત ગુજરાતની આવે ત્યારે આપણી કલ્પનામાં સર્વ પ્રથમ ધંધાર્થી ગુજરાતી ઊભરે છે. તે ઘણે અંશે વાજબી પણ છે. ભારતમાં વસતી અનેક કોમોમાંથી ગુજરાતી અને રાજસ્થાની આ બે એવી કોમો છે જેમણે વ્યાપાર ક્ષેત્રે માત્ર ભારતમાં જ નહી, વિદેશોમાં પણ પોતાનું એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ બે કોમનાં માણસો વિવિધ પ્રકારનાં વ્યવસાયોમાં પડીને કરોડો કમાયા છે. જુદાં જુદાં સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પણ એમણે પોતાની રુચિ તથા આવડત દર્શાવી છે. નામના પણ પ્રાપ્ત કરી છે. કેટલાંક વર્ષોથી તેઓ અમેરિકા, બ્રિટન કે ન્યુઝીલેન્ડ જેવા દેશોમાં વસી ગયાં છે. તેઓ આ દેશોની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં આગળ પડતાં રહ્યાં છે. અંબાણી ભાઈઓ કે રતન તાતા જેવાં નામો હવે વૈશ્વિક થઈ ચૂક્યાં ગણાય. અઝીમ પ્રેમજી કે અર્થશાસ્ત્રી જગદીશ ભગવતી જેવા ગુજરાતી નામ દેશ વિદેશમાં પ્રતિષ્ઠા પામી ચૂક્યાં છે. એવાં પણ ગુજરાતી સમૂહ છે જે સાત સમંદર પાર પોતાનું સ્થાન જમાવી ચૂક્યાં છે. અમેરિકા એક એવો દેશ છે જ્યાં ધન પ્રાપ્તિની સંભાવના લોકોને સૌથી વધુ દેખાય છે. અમેરિકામાં વિકસિત મોટેલ ઉદ્યોગ આપણા પટેલ ભાઈઓએ હસ્તગત કર્યો છે એમ કહી શકાય. આ મોટેલ એટલે એક રીતે હોટલનો બીજો ભાઈ કહેવાય. મોટેલો મુખ્યત્વે હાઈવે પર હોય છે. કારમાં સફર કરતાં લોકોને રાતવાસો ગાળવા કે થોડો સમય વિશ્રામ કરવા વિશેષતઃ કામ આવે છે. ગાડી પાર્ક કરવા માટે ત્યાં ખાસ જગ્યા પણ હોય છે. અન્ય જરૂરી સુવિધાઓ હંમેશા ઉપલબ્ધ રહે છે. આવી હાઈવે હોટલો આપણે ત્યાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાતમાં હાઈવે પર મોટરમાં મુસાફરી કરનારાઓની સંખ્યા અન્ય રાજયો કરતાં વધારે છે. ગુજરાતની સમૃદ્ધિનું એ પણ એક સીમાચિન્હ છે.

અમેરિકાનાં મોટેલ ઉદ્યોગમાં ગુજરાતી પટેલ ભાઈઓએ સારો એવો પગ જમાવ્યો છે. સુદૂર વિશ્વનાં દક્ષિણ છેડા પર આવેલાં ન્યુઝીલેન્ડમાં ગુજરાતનાં કાછિયા પટેલ સમૂહે પોતાનો કરિયાણા અને ફળફળાદિનો વ્યવસાય પણ વિકસાવ્યો છે. નવસારી પાસેનાં સમુદ્રીકાંઠાનાં પટેલ કુટુંબો છેક ન્યૂઝીલેન્ડ સુધી પહોંચી ગયાં છે. મૂળતઃ આ કોમ ખેડૂત હતી, પણ એની ધંધાર્થી સાહસિકતાએ ન્યુઝીલેન્ડ જેવા અંગ્રેજી ભાષી મુલકમાં એક વિશિષ્ટ સ્થાન અપાવ્યું છે. આ પટેલ ભાઈઓ ન્યુઝીલેન્ડમાં વસીને સારું ધન કમાયા છે. ત્યાંની સાંસ્કૃતિક ધરોહર સાથે હળીમળી ગયાં છે. સાધનસંપન્ન ન્યુઝીલેન્ડવાસીઓ પાડોશી ઓસ્ટ્રેલિયનોની જેમ રમતગમતમાં વિશેષ રસ ધરાવે છે. રુબી, ક્રિકેટ અને હોકી ત્યાંની લોકપ્રિય રમતો છે. નવસારીનાં પટેલ બંધુઓ જેમણે હોકીનું નામ પણ નહોતું સાંભળ્યું. એ લોકો ન્યુઝીલેન્ડ ગયાં પછી હોકીની રમતમાં સારી પારંગતતા દાખવતા થયાં છે. હોકીની રમતમાં 15 જેટલા પટેલ બંધુઓએ એક યા બીજા સમયે ન્યુઝીલેન્ડની ટીમમાં સ્થાન મેળવ્યું છે. 1975-80નાં સમયગાળામાં રમેશ પટેલ ન્યુઝીલેન્ડની રાષ્ટ્રીય ટીમનો એક મહત્ત્વપૂર્ણ ખેલાડી હતો. ઓલિમ્પિક રમતોમાં ભાગ લેનારી ન્યુઝીલેન્ડની રાષ્ટ્રીય ટીમમાં પણ રમેશ પટેલ હતો. ક્રિકેટ ભારતમાં જ લોકપ્રિય છે એવું નથી, ન્યુઝીલેન્ડમાં પણ છે. જીતેન પટેલ આજે ન્યુઝીલેન્ડની ટીમમાં બોલર તરીકે નિયમિત ચૂંટાય છે. વ્યાપાર વ્યવસાયનાં ક્ષેત્રે ગુજરાતીઓનું પ્રદાન જાણીતું છે. અન્ય ક્ષેત્રોમાં પણ ગુજરાતીઓએ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. બહુ ઓછા લોકો જાણે છે, કે રિચાર્ડ એટેનબરોની ઓસ્કાર વિજેતા ફિલ્મ ‘ગાંધી’ માં ગાંધીજીનું પાત્ર ભજવનાર અભિનેતા બેન કિંગ્સલી મૂળ સૌરાષ્ટ્રનો છે. એનું અસલ નામ છે કરસન ભાણજી. બેન કિંગ્સલીનું કુટુંબ વર્ષોથી લંડનમાં વસી ગયું છે. આજે લંડનનાં નાટ્ય અને ફિલ્મ જગતમાં એક આગળ પડતું નામ છે. એવી જ એક બીજી NRG પ્રતિભા છે કેલ પેન. આ મહાશય અમેરિકન તખ્તા પર દેખા દે છે અને ત્યાંની ફિલ્મોમાં પણ કામ કર્યું છે. મૂળ નામ કલ્પેશ મોદી. કુટુંબ વર્ષોથી અમેરિકામાં વસી ગયું છે. સામ પિત્રોડા કે આઈ.જી.પટેલ જેવી ગુજરાતી પ્રતિભાઓનો પણ ઉલ્લેખ કરી શકાય. યુગાન્ડામાં માધવાણી કુટુંબે સારું વર્ચસ્વ જમાવ્યું હતું. વ્યાપાર ક્ષેત્રે ગુજરાતીઓનું આગવું સ્થાન છે. બેલ્જિયમનો હીરા ઉદ્યોગ આજે 60 ટકા ગુજરાતીઓના હાથમાં છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજીનાં ક્ષેત્રે ગુજરાતીઓએ પોતાનું મહત્ત્વ પુરવાર કર્યું છે. વર્ષોથી વિદેશમાં વસ્યા હોવા છતાં NRG ગુજરાતીઓએ પોતાના ગુજરાતીત્વને તિલાંજલિ નથી આપી. આજે પણ એ લોકો દિવાળી કે નવરાત્રી જેવા તહેવારો ઉત્સાહભેર ઉજવે છે. એમના ઘરમાં ગુજરાતી ભાષા બોલાય છે. એમના ખોરાકમાં ઊંધિયું કે ઢોકળાં જોવા મળે છે. ઈંગ્લેન્ડ કે અમેરિકામાં મંદિર ઊભાં કર્યાં છે અને વિધિવત ધાર્મિક ક્રિયાઓ થાય છે. ગુજરાતી લગ્ન પ્રસંગ વિદેશમાં પણ ગુજરાતી વિધિ પ્રમાણે ઉજવાય છે. ગુજરાતી ગુજરાત બહાર વસે કે ગુજરાતમાં, એનું ગુજરાતીત્વ અખંડ જાળવી રાખે છે.


**અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.**

હેડ ઓફીસ : ‘ભોજલરામભવન’ રાજમહેલ રોડ, અમરેલી.

Tel.: 02792 222601, 221938

**બેંકમાં મુકવામાં આવતી થાપણો પર ચુકવાતા વ્યાજનાં દરો**

| થાપણનો પ્રકાર | વ્યાજનો દર |
|---|---|
| બચત થાપણો [સેવિંગ્સ] | 4.00% |
| [A] 7 દિવસથી 14 દિવસની મુદત માટે | 7.25% |
| [B] 15 દિવસથી 45 દિવસની મુદત માટે | 7.25% |
| [C] 46 દિવસથી 89 દિવસની મુદત માટે | 7.50% |
| [D] 90 દિવસથી 179 દિવસની મુદત માટે | 7.50% |
| [E] 180 દિવસથી 1 વર્ષ કરતા ઓછી મુદત માટે | 8.25% |
| [F] 1 વર્ષની મુદત અને 2 વર્ષ કરતાં ઓછી મુદત માટે | 9.25% |
| [G] 2 વર્ષની મુદત અને 3 વર્ષ કરતાં ઓછી મુદત માટે | 9.25% |
| [H] 3 વર્ષની મુદત અને 5 વર્ષ કરતાં ઓછી મુદત માટે | 9.25% |
| [I] 5 વર્ષથી વધુ અને 8 વર્ષ સુધીની મુદત માટે | 9.25% |
| [J] સ્પેશ્યલ ફીકસ ડીપોઝીટ (ડબલ) 7 વર્ષ અને 7 માસ | 9.25% |

**નોંધ :** 60 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં સીનીયર સીટીઝનને 0.50% (અડધો ટકો) વ્યાજ વધારે આપવામાં આવે છે.

✦ 1999-2000માં નાબાર્ડ પુરસ્કૃત ‘બેસ્ટ પરફોર્મન્સ એવોર્ડ’ વિજેતા બેંક ✦ 1951 નાં વર્ષથી સતત ‘અ’ ઓડીટ વર્ગ ધરાવતી બેંક ✦ સરકારશ્રીની નીતિ અન્વયે પ્રથમવર્ષથી 100% કિસાન ક્રેડીટ કાર્ડ દ્વારા ખેડૂતોને ₹ 3,00,000/- સુધીનુ ધિરાણ, 7%એ ખરીફ અને રવિ પાકનું ધિરાણ કરતી પ્રથમ બેંક ✦ ધિરાણ લેતા ખેડૂત ખાતેદારોને ₹ 2,00,000/- સુધીનુ આકસ્માત વિમા કવચ આપતી બેંક ✦ બેંકની મુખ્ય કચેરી ઉપરાંત 71 શાખાઓ સાથે ખેતી આધારિત ઉદ્યોગોને ઉતમ સેવા આપતી બેંક ✦ ખેડૂતોને હાઉસીંગ, ગોડાઉન, ટ્રેકટર તથા દ્વીચક્રી વાહન ખરીદવા માટે લોન આપે છે ✦ બેંક ING Vysya Life Insurance Co. Ltd. સાથે જીવન વીમાનાં તથા IFFCO TOKIO General Insurance Co. Ltd. સાથે જનરલ વીમાનાં કામકાજ માટે કરાર કરેલ છે ✦ ₹ 1,00,000/- સુધીની આ બેંકમાં મુકેલ ડીપોઝીટ વીમાથી સુરક્ષિત ✦ વિદ્યાર્થીઓ તથા મહિલાઓને ₹ 1/- થી બચત ખાતાઓ ખોલી આપે છે.

| બી.એસ. કોઠીયા | સી.એન. સંઘાણી | અરૂણભાઈ પટેલ | દિલીપભાઈ સંઘાણી |
|---|---|---|---|
| મેનેજર | મેનેજીંગ ડીરેકટર | વાઈસ ચેરમેન | ચેરમેન |

# જગતભરમાં 'પટેલ' અટકનો વટ

ભારતની વર્ણ વ્યવસ્થા મુજબ બ્રાહ્મણો શિક્ષણ, લેખન અને ધર્મકાર્યમાં પ્રવીણ હતાં. ક્ષત્રિયો માતૃભૂમિની રક્ષા કરતાં હતાં. વણિકો વેપાર અને નાણાંતંત્ર ચલાવતા. પટેલો ખેતી કરતાં અને ગ્રામ પંચાયતનાં પટેલો હતાં. ડૉ. ઉર્જિત પટેલ રિઝર્વ બેન્કમાં ડે. ગર્વનર હતાં. તે પહેલા ગર્વનર ડૉ. આઈજી પટેલ હતાં. ડો. આઈજી તો લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સનાં ડીન પણ હતાં. 21મી સદીમાં ગુજરાતનાં પટેલો દુનિયાભરમાં ફરી વળ્યાં છે. ખેડૂત નહીં પણ ઓલરાઉન્ડર બન્યાં છે. પરદેશમાં આફ્રિકા, બ્રિટન, અમેરિકા કે ન્યૂઝીલેન્ડમાં પટેલ અટકનાં ડંકા વાગે છે. ફિલાડેલ્ફીયામાં ડેન્ટિસ્ટ તરીકે કામ કરતાં ડો. પીજી પટેલ 40 વર્ષ પહેલાં અમેરિકા ગયાં પછી તેમણે અમરેલી અને આખા સૌરાષ્ટ્રનાં 150 થી વધુ પટેલોને ડેન્ટિસ્ટ અને કરોડપતિ બનાવ્યાં છે. અમેરિકાનાં અવકાશ ખાતામાં વિજય ભીમાણી ઈજનેર બન્યાં છે. ફિલાડેલ્ફીયાનાં ડો. ભાસ્કર પટેલ પોતાની ડેન્ટીસ્ટ્રી ચલાવે છે. અમેરિકન સરકાર સાથે વગ વાપરીને અમેરિકામાં કેસર કેરીની આયાત માટેનાં દરવાજા ખુલ્લા કરાવ્યાં છે. અમેરિકાની સરકારમાં CIAની જાસૂસી સંસ્થામાં એનસી પટેલ ઈન્ટેલિજન્ટ ઓફિસર છે. તમે સ્લમ ડોગ મિલિયોનેર ફિલ્મ જોઈ હશે તેના પ્રણેતા અમેરિકા વસેલા દેવ પટેલ હતાં. પરેશ પટેલ ફિલાડેલ્ફીયામાં રેસ્ટોરા અને બાર ચલાવે છે. અભિષેક પટેલ ફિલાડેલ્ફીયાની ક્રિકેટ લિગ ચલાવે છે. ઘણાં કહે છે, કે જવાહરલાલ નહેરુને બદલે વલ્લભભાઈ પટેલ પ્રથમ વડાપ્રધાન હોત તો દેશની સિકલ જુદી હોત. તેમનું ચાલતું તો પાકિસ્તાન થવા ન દેત. તેથી જ અમેરિકામાં સરદાર પટેલ વિદ્યાલય છે. ગુજરાતથી પહેરેલ કપડે ગયેલા પ્રેમજીભાઈ પટેલે કેલિફોર્નિયામાં મોટેલ શરૂ કરી પછી કેટલાંય પટેલોને અમેરિકા બોલાવ્યાં. એટલું જ નહીં તેમના અમેરિકન ઘરે ગુજરાતી કવિઓ, સાહિત્યકારો અને પત્રકારોને બોલાવી તેમને પુસ્તકો ભેટ આપતાં. ઘણાં 'પટેલો' ની અટક ભક્ત પણ છે. નીલ સવાણી સૂર્યશક્તિ ઉપર PhD થયાં છે. અમેરિકામાં મોટેલ સાથે પટેલ અટક જોડાઈ ગઈ છે. BBCનાં અહેવાલ પ્રમાણે અમેરિકાની જે મધ્યમ કદની મોટેલો કે હોટેલો છે તેમાં 60 ટકા મૂળ ભારતીય લોકોની છે. 60 ટકામાં 80 ટકા મોટેલો પટેલોની છે. 1940નાં દાયકાથી આ ટ્રેન્ડ ચાલે છે.

કનેક્ટીવનાં દીનુ પટેલ કહે છે, કે 1981માં એક અમેરિકનની મોટેલ ચાલતી નહોતી તે ખરીદી. ગુજરાતમાંથી સગાંઓને બોલાવ્યાં. આજે તેની પાસે 22 પ્રોપર્ટી છે. BBC કહે છે કે સીઝેડ પટેલે મોટેલ ખરીદી ત્યારે જાતે રૂમો સાફ કરતાં અને ઘરાકોને ચા પાણી દેવા જતાં. આજે એશિયન અમેરિકન હોટેલ ઓનર્સ એસોસિયેશનનાં પ્રમુખ માઈક પટેલ છે. ચંદ્રકાન્ત પટેલ ઉર્ફે ચાન પટેલ આજે ડલ્લાસ બેન્કર તરીકે ઓળખાય છે. 1905માં ગુજરાતમાં જન્મેલા ચાન પટેલ મુંબઈ યુનિ.નાં એન્જિનિયર હતાં. અમેરિકા જઈને ઈજનેરીની માસ્ટર ડિગ્રી મેળવી. હોટેલ માલિક થયાં પછી 20 લાખ ડોલરની સંપત્તિ સાથે બેન્કનાં માલિક છે. આખા જગતમાં પટેલો પથરાયેલા છે. અમેરિકામાં સૌથી વધુ પોપ્યુલર સરનેઈમ પટેલ છે. મુસ્લિમોમાં પણ પટેલ અટક મોભાદાર કે સાહસિક ગણાય છે. કોંગ્રેસનાં પૂર્વ મહાસચિવ મૂળ ભરૂચનાં મુસ્લિમ અહમ્મદ પટેલથી માંડીને મુંબઈનાં પ્રતિષ્ઠિત દાણચોર યુસુફ પટેલ છે. ન્યુઝીલેન્ડની ટેસ્ટ ટીમનાં ક્રિકેટર દીપક પટેલ પ્રખ્યાત છે. રમેશ પટેલ અને મોહન પટેલ ન્યુઝીલેન્ડની ઓલમ્પિક્સ ટીમનાં ખેલાડી હતાં. ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમમાં મીન પટેલ છે. કેન્યાની નેશનલ ટીમમાં બીજલ પટેલ હતાં. યુગાન્ડાનાં પ્રફુલ્લ પટેલ સાઉથ એશિયા બેન્કિંગનાં ઉપપ્રમુખ હતાં. ચરોતરનાં ડો. મોહન પટેલ મુંબઈનાં મેયર હતાં. તેમણે ટીના મુનીમ અને અનિલ અંબાણીનાં પ્રેમલગ્નમાં સારો સહકાર આપેલો. અમેરિકામાં ફ્લોરિડા અને કેલિફોર્નિયામાં પંજાબનાં ઘણાં 'સિંધનાં' ડંકા વાગતાં હતાં. હવે સિંધથી ડબલ પટેલો અમેરિકામાં થઈ ગયાં છે. અમેરિકામાં હોટેલ, મોટેલ, ફાસ્ટફૂડ રેસ્ટોરા, પરચુરણ સ્ટોર અને સ્ટેડિયમનાં બિલ્ડરો પણ પટેલ છે. પ્રદીપ પટેલે બે અમેરિકન



સ્ટેડિયમો બાંધેલા છે. ગોરધન પટેલ જયોર્જિયા યુનિવર્સિર્ટીની કોલેજનાં ડીન છે. ભારતની રિઝર્વ બેંકનાં ગવર્નર ડો. આઈજી પટેલ હતાં. અમેરિકામાં અજય પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટનાં ડીન છે. પૂર્વપ્રમુખ જયોર્જ બુશનાં સ્ટાફમાં નીલ પટેલ હતાં. ડેલાવરની બ્યુટી કોન્ટેસ્ટમાં મિસ ડેલાવર તરીકે શોભા કીર્તિ પટેલ પસંદ થયેલાં. ન્યૂજર્સીનાં એડીસન ગામે પોલીસ ઓફિસર મીનળ પટેલ હતાં. પટેલો સાહસિક છે, ધાર્યુ પાર પાડે છે. પટેલોએ જાણે દુનિયા જીતી લીધી છે. બ્રિટનમાં પિકસમેનિયા નામનાં દુર્લભ ઈલેક્ટ્રોનિક સાધનોનાં સ્ટોર છે. બ્રિટનમાં 24મી સૌથી પોપ્યુલર અટક પટેલ છે. ઘણાં પટેલો સંત જેવા છે તે માટે ગેરંટી આપી શકાય. અમેરિકાનાં વોશિંગ્ટનમાંથી પ્રગટ થતાં 'ધ નેશન' નામનાં પ્રતિષ્ઠિત સાપ્તાહિકનાં લેખક ડો.રોબર્ટ શિયર કહે છે, કે અમેરિકાની સમૃદ્ધિ અને ઉદ્યોગોનો ધમધમાટ ઈમિગ્રન્ટ વર્કરો અને ઈમિગ્રન્ટને કારણે છે. અમેરિકામાં પટેલો સૌથી વધુ સંપત્તિ પેદા કરે છે. અમેરિકામાં ગેરકાનૂની રીતે ઘણાં પટેલો ઘૂસ્યાં છે. બીજા દેશનાં લોકો પણ ગેરકાનૂની રીતે આવ્યાં છે. વાસ્તવિકતા એ છે કે ગેરકાનૂની વર્કરોને કાઢી મુકાય તો અમેરિકાની ખેતીવાડી અટકી જાય. રેસ્ટોરાઓ બંધ કરવી પડે. ગેરકાનૂની પટેલોને કારણે જ અમેરિકનોને સસ્તી ચીજો મળે છે. સસ્તો ખોરાક, સસ્તા કપડાં અને કારખાનાં માટે ડર્ટ ચીપ લેબર ઈમિગ્રન્ટોને કારણે છે.





**તિરૂપતિ નેચરલ પાર્ક આપનું હાર્દિક સ્વાગત કરે છે**

**Happiness, Hope & Magic for the Children**

કુદરતી કરિશ્મા તથા સૌથી વધુ ખૂબીઓ ધરાવતો અને સૌંદર્યથી ભરપૂર તેમજ પ્રદૂષણ મુક્ત વાતાવરણનાં સાનિધ્યમાં, હરિયાળી પ્રકૃતિ વચ્ચે મોજમજા, મનોરંજન, યાદગાર પ્રસંગોની ઉજવણી, શૈક્ષણિક પ્રવાસ, ફિલ્મશૂટિંગ, પિકનિક માટેનું રમણીય સ્થળ એટલે તિરૂપતિ નેચરલ પાર્ક.

**તિરૂપતિ નેચરલ પાર્ક હવે એક નવા રૂપરંગમાં નિહાળો**

આ પાર્કમાં મનોરંજન માટે વોટર પાર્ક, નૌકા વિહાર, રિવર બોટિંગ, શિશુવન, ઝૂલાવિહાર, રેલ્વે, પંખી તથા માછલીઘર, વિવિધ રાઈડર્સ, થ્રીડી ફિલ્મ, લેન્ડસ્કેપ બગીચા, ફૂવારા, ડોરમેટરી, ગેસ્ટ હાઉસ, રેસ્ટોરન્ટ જેવી સુવિધાઓથી ભરપૂર વેસ્ટમાંથી બેસ્ટ કલાકૃતિ તથા નવી જનરેશનની આશાઓ અને અરમાનો સજાવતો જાદૂઈ પાર્ક.

વોટરપાર્ક કોસ્ચ્યુમચાર્જ ફક્ત ₹ 120 રાઈડર્સ ગ્રુપ પેકેજ સુવિધા
તિરૂપતિ નેચરલ પાર્ક એન્ટ્રી ફી જનરલ : ₹ 20, બાળકો : ₹ 10

વિસનગર ઊંઝા રોડ, વિસનગર : 384 315, જિ. મહેસાણા
Tel. : 02765-264110, 264111, Fax : 02765-285695 M. : 9408197926
**Website :** www.tirupatinatural.co.in **Email :** naturalpark@yamail.com

જિતેન્દ્ર



## લોન અને રોકાણ વચ્ચે સંતુલન રાખો

ગયાં સપ્તાહે હું એક મિત્રને મળ્યો. તે ખરાબ સમયમાં લીધેલી લોનને કારણે સર્જાયેલી માનસિક તંગદિલી વિશે ફરિયાદ કરી રહ્યો હતો. તે ફાઈનાન્શિયલ ક્ષેત્રમાં કામ કરી રહ્યો છે. તેને સતત બે વર્ષથી બોનસ નથી મળ્યું. બચત અને રોકાણની સુવિધા હોવાં છતાં મધ્યમવર્ગનાં લોકો નોકરી તેમજ સ્થિર આવકનાં મુદ્દે પરેશાન છે. તેણે કહ્યું કે ગયાં વર્ષે વધુ ખર્ચ થતાં ક્રેડિટ કાર્ડની અને પર્સનલ લોન વધી ગઈ. વાસ્તવમાં તેની પાસે એટલું ધન જમા હતું કે તે પોતાની બધી જ લોન ચૂકવી શકે, પરંતુ એ તરફ તેનું ધ્યાન નહોતું. તેની પાસે પાંચ લાખ રૂપિયા જમા હતાં. ક્રેડિટ કાર્ડ અને પર્સનલ લોનનો ભાર ત્રણ લાખ રૂપિયા હતો. જમા રકમ પર તેને નવ ટકા વ્યાજ મળી રહ્યું હતું. લોનની રકમ પર તે 36 અને 12 ટકાનું વ્યાજ ભરતો હતો. જમા મૂડી અને લોન એમ બંન્ને સાથે રાખવાનો કોઈ અર્થ નહોતો. ઉધાર રકમ પર અનેકગણું વ્યાજ ભરી રહ્યો હતો. જમા મૂડી પર નવ ટકા વ્યાજ મેળવવાનો શું અર્થ? ઘણાં લોકો નાંણાકીય જરૂરીયાતો તરફ ધ્યાન નથી આપતાં. આપણે બચત અને લોન બંનેને અલગ દૃષ્ટિકોણથી જોઈએ છીએ. બચત કરવા લાંબો સમય રોકાણ કરવું જોઈએ, પરંતુ તે દરમિયાન લેવાયેલી લોન નુકસાન પહોંચાડે છે. બચત ક્ષમતા ઘટાડે છે. રોકાણ પર ઓછું વ્યાજ મેળવીને અને લોન પર વધુ વ્યાજ ભરીને આપણે નુકસાન કરીએ છીએ. તેના બદલે લોન ચૂકવી દઈએ તો વ્યાજ ચૂકવણીથી બચી શકાય. લોન ક્યારે લેવી જોઈએ? કોઈ મિલકત માટે લોન લેવાની થાય તો લેવી જોઈએ. લોન વ્યાજદર ઓછો હોય અને મિલકત લેતા મળનારી ભાડાની રકમ વધુ હોય તો લોન લેવી ઠીક છે. કાર લોન, પર્સનલ લોન કે ક્રેડિટકાર્ડ લોનથી કોઈ સંપત્તિ નથી બનતી. જે ભાવી આવકને ઘટાડે છે. સુવિધા માટે કાર લઈ શકાય, પરંતુ એ એવી સંપત્તિ છે કે જેનું મૂલ્ય ઘટે છે. મોંઘી લોન લેવી અને બચત કરતાં રહેવું સારો આઈડિયા નથી. આપણે રીંકરિંગ, SIP કે PPF જેવા વિકલ્પ પસંદ કરી શકીએ છીએ. વ્યાજ પર વધુ પેનલ્ટી આપ્યાં વિના બચતને ફરી ઊભી કરી શકો છો.

**ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંક લિ.**

રજી. ઓફિસ : શ્રી પ્રમોદભાઈ દેસાઈ સહકાર સદન, જે.પી. રોડ, સુરત

**સ્વાતંત્ર્ય પર્વ નિમિતે સર્વેને હાર્દિક શુભેચ્છા...**

વ્યાપાર [₹ કરોડમાં]
2011 : 2647
2012 : 3030
2013 : 3627
2014 : 4533

સહકાર
સુ.ડિ.કો.બેંક
સ્થાપના : ૧૯૦૯

[₹ કરોડમાં]
ડિપોઝીટ : 3549.82
ધિરાણ : 983.99
ચોખ્ખો નફો : 11.00

દિલીપભાઈ ભક્ત [ચેરમેન] તથા સંચાલક મંડળ

## ગોલ્ડ ETFમાં રોકાણ કરી શકો

આ તહેવારોની મોસમ છે. કેટલાંક પરિવાર આ મોસમમાં સોનાની ખરીદી કરે છે. સોનાનાં ઘરેણાં પહેરવા સારા લાગે, તેનાથી તમારી સંપન્નતા પણ દેખાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં સોનાનાં ભાવ ઘણાં વધ્યાં છે. સોનામાં ઝડપથી જોવા મળતાં ભાવવધારાને કારણે રોકાણકારોને અન્ય કોઈપણ માધ્યમ કરતા સોનું રોકાણનું શ્રેષ્ઠ માધ્યમ લાગે છે. સોનું ખરીદતા પહેલાં આ પાંચ બાબતોનું ધ્યાન રાખો.

**1.** સોનું કોઈ પ્રોડક્ટીવ એસેટ નથી, એટલે કે તેના પર વ્યાજ કે ડિવિડન્ડ મળતું નથી. રોકાણનાં સ્વરૂપમાં તેનું આકર્ષણ સોનાનાં સ્થિર ભાવને કારણે હોય છે. માની લો કે તમે કોઈ મુશ્કેલીમાં છો આવી પરિસ્થિતિમાં તમારી પાસે સોનું છે તો તમારું કામ સરળ થઈ જશે. આથી વડીલો પોતાની પુત્રીઓને નવાં ઘરે સોના સાથે મોકલે છે. છેલ્લાં કેટલાંક સમયથી લોકોને સોનામાં રોકાણ કરવું વધુ લાભદાયી લાગ્યું છે.

**2.** સોનું શુદ્ધ સ્વરૂપમાં કિંમતી હોય છે. અન્ય કોઈ સ્વરૂપમાં તેની ખરીદી કે વેચાણ મોંઘું હોય છે. જે લોકો સોનાનાં આભૂષણોને રોકાણ સમજીને ખરીદે છે, તેઓ સોની દ્વારા વસૂલવામાં આવેલા ભાવ પર ધ્યાન આપતા નથી. ઘરેણાં બનાવવાની મજૂરી અને ક્ષતિને બહુ વસૂલવામાં આવે છે. જો તમે રોકાણ કરવા માગો છો તો સોનાનાં સિક્કા અથવા બિસ્કીટ ખરીદો. રોકાણ અને ખરીદીને ભેગી ન કરો.


**3.** ઓછા સમયમાં પૈસાની જરૂરિયાતને સોનું સરળ રીતે પૂરી કરી શકે છે. ગરીબ લોકો સોનું ગીરવે મૂકીને શાહુકાર પાસેથી નાણાં ઉછીના લે છે. પછી તેને હપ્તામાં ચૂકવે છે. અન્ય જરૂરિયાતો કે પૈસા મેળવવા માટે તમે સોનાનો ઉપયોગ કરી શકો છો અને હપ્તામાં ચૂકવણી કરીને પોતાનું સોનું પાછું મેળવી શકો છો. મોંઘી લોન લેતાં પહેલાં ઈમરજન્સી અને ઓછા સમયમાં પૈસાની જરૂરીયાત માટે રાખવામાં આવેલા સોનાનાં ઉપયોગ અંગે વિચાર કરો.

**4.** જો ભવિષ્ય માટે સોનું ખરીદવા માગો છો તો સોનું ફિઝિકલ સ્વરૂપમાં ખરીદવું જરૂરી નથી. ગોલ્ડ ETF જેવી ફાઈનાન્શિયલ પ્રોડક્ટ ખરીદી શકો છો. એક ETF માં એક ગ્રામ સોનું હોય છે. તેને બ્રોકર અથવા ફાઈનાન્શિયલ એડવાઈઝર દ્વારા ખરીદી શકો છો. તેની કિંમત સોનાનાં ભાવની સાથે વધતી ઘટતી રહે છે. જો તમે પુત્રીનાં લગ્ન માટે બચત કરવાનું વિચારી રહ્યાં છો તો જ્વેલરી ખરીદવાને બદલે ETF ખરીદો.

**5.** સામાન્ય પરિસ્થિતિમાં કુલ સંપત્તિનું 10 ટકાથી વધુ સોનામાં રોકાણ હોવું જોઈએ નહી. સોનાનું રિટર્ન અન્ય સંપત્તિઓની સરખામણીમાં ઓછું આવે છે. અનિશ્ચિતાનાં સમયમાં સંપત્તિનું 20 ટકા સોનું રાખી શકો છો. સોના વિશે અટકળો ન કરો. તમે તેના ભાવ વિશે ભવિષ્યવાણી કરી શક્તા નથી. યોગ્ય સમયે સોનું વેચી નાંખો.

ઈસુ ગઢવી

# શ્રી કૃષ્ણ એક વિરાટ વ્યક્તિત્વ




શ્રી કૃષ્ણનાં વિરાટ વ્યક્તિત્વની વાતો વિચારીએ ત્યારે મુસ્લિમ કવિ રસખાનની કૃષ્ણ વંદના યાદ આવે.

"શેષ, મહેશ, ગનેશ, દિનેશ, સુરેશ, જયુ, નિરંતર ગાવે,
તારી અહીંર કી છોહરીયા છછીયા ભરી છાશ પે નાચ નચાવે"

સમસ્ત ધરતીનો ધારક શેષનાગ જેને શરણાગત થવાં માંગતો હોય, દેવાધિદેવ મહાદેવ જેની સ્તુતિ કરતાં હોય, સિદ્ધિદાતા ગણેશ જેના કલ્યાણનું જતન કરતાં હોય, સૃષ્ટિનાં સર્જક બ્રહ્મા જેના બ્રહમભાવને ઝંખતા હોય, પૃથ્વીનાં પોષક વિષ્ણુ આઠમાં અવતાર તરીકે અવતરવા ઈચ્છતા હોય એવા પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણ એક છાલીયા છાશ માટે ગોકુળની ગોવાલણોને કરગરે ! કૃષ્ણ વિવિધતાઓ, વિષમતાઓ, વિસંવાદીતાઓ, વિચિત્રતાઓ અને વિવાદોનું એક સાથે જીવતું વિરાટ વ્યક્તિત્વ છે. રજનીશે કૃષ્ણને 'મલ્ટી ડાયમેન્શનલ પર્સનાલીટી' તરીકે ઓળખાવ્યાં છે.

કૃષ્ણ કાયમ દ્વંદો, દ્વીધાઓ અને સંદેહો સાથે વણાયેલા રહ્યાં છે. કૃષ્ણનાં બહુ આયામી વ્યક્તિત્વને જગતે એની ગેરસમજથી ગોબરું કરી નાખ્યું છે. દુનિયાની સ્થૂળ માપપટ્ટી અને સમાજનાં છાપેલાં કાટલાંથી કૃષ્ણનાં જીવતરને માપવાનાં કે તોળવાનાં છીછરા પ્રયત્નો થયાં છે. મોટા ભાગે કૃષ્ણનાં ઊંડાણમાં ઉતરવાનો પ્રયત્ન થયો નથી, પરિણામે કૃષ્ણની બાહ્ય અને બેહૂદી મૂલવણી થઈ છે. જેટલો વડલો વખંભર એટલાં એનાં મૂળીયાં પણ ઊંડા હોય. વડલાની બહાર દેખાતી આડી અવળી કે વાંકી ચૂંકી ડાળીઓથી વડલાનું મૂલ્યાંકન ન થઈ શકે. વડલાનાં નાનકડા ટેટાને જોઈને જેમ વડલાનાં કદની વિમાસણમાં પડી જવાય છે. એમ કૃષ્ણનાં સ્થૂળ જીવતરને જોઈને એને ઓળખવામાં મોટી થાપ ખવાઈ જાય છે.

'યદા યદા હી ધર્મસ્ય ગ્લાનીર્ભવતી ભારતઃ ।
અભ્યુથાનમ્ અધર્મસ્ય તદાત્માન્મ સૃજામ્યહમ્ ।।
પરિત્રાણાય સાધુનામ્, વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મ સંસ્થાપનાર્થાય, સંભવામિ યુગે યુગે ।।'

સમગ્ર વિશ્વને યોગક્ષેમનું આવું વચન આપનાર અને જીવમાત્રને જગબંધનની જેલમાંથી મુક્ત કરનાર સમર્થ ઈશ્વરી તત્વ નિઃસહાય દશામાં જેલમાં જન્મે! અને જીવ બચાવવા અડધી રાત્રે ભાગી જાય! સર્વેને આશરો આપનાર સમ્રાટ માલધારીનાં નેસડામાં આશરો લે! દુન્યવી દ્રષ્ટિએ સંદેહ પેદા કરનારી આ ઘટના છે. ઘટનાઓનાં ગર્ભમાં રહેલી લીલા ભાગ્યે જ સમજાય છે. કૃષ્ણ લીલાપુરૂષ છે. એમનું જીવન માત્ર લીલાસભર છે. જન્મલીલા, બાળલીલા, પ્રેમલીલા, રાસલીલા, લગ્નલીલા, સંસારલીલા, યુદ્ધલીલા અને મૃત્યુલીલા કૃષ્ણની અનેકવિધ ભૂમિકાઓનાં સૂક્ષ્મ સ્વરૂપને ઉજાગર કરે છે. ઈસુખ્રિસ્ત ભરવાડની ગમાણમાં જન્મે તેથી ઈસુની તત્વમહત્તા ઓછી થઈ જતી નથી. સાંસારિક સમજણની પાપાપગલી ભરતો સાત વર્ષનો બાળક વીસ પચીસ વર્ષ મોટી વિવાહીત અને કુંવારી સ્ત્રીઓને અડધી રાત્રે જમના કાંઠે બોલાવે, જેમાં પોતાનાથી બાવીસ વર્ષ મોટાં અને પરણિત રાધાજી પણ હોય! આ બધાંને મરજી પ્રમાણે રાસ રમાડે એ 'રાસલીલા'માં ક્યું કૃષ્ણત્વ હશે! કૃષ્ણનાં સગા પરીક્ષિતને પણ પોતાના પૂર્વજની આવી લીલાઓ માટે સંદેહ થયો અને શુકદેવજીને પૂછી નાખ્યું કે પરમ તત્વ પણ આમ કરે!

કૃષ્ણ એ એન્ડ્રોજીનિયસ પર્સનાલીટી હતાં. 'એન્ડ્રો' એટલે પુરુષ અને 'જીની' એટલે સ્ત્રી. પુરુષમાં સ્ત્રીતત્વ અને સ્ત્રીમાં પુરૂષતત્વનું સાયુજય સધાય પછી સ્વરૂપભેદ રહેતો નથી. એક જ તત્વમાં બેય તત્વો આત્મસાત થતાં અનુભવાય. ભગવાન શિવનો અર્ધનારીશ્વરનો સ્વરૂપભાવ આ પ્રકારનો છે. ચીની દર્શનમાં પણ 'યાંગ' અને 'યીન' સ્વરૂપધારા પ્રચલિત છે. 'યાંગ' એટલે પુરુષ અને 'યીન' એટલે સ્ત્રી. આ બન્ને તત્વોનું એકાત્મપણું એટલે વિજાતીયતાનો અભાવ. ચીનમાં યાંગ યીનનાં એકાકાર સ્વરૂપને આરાધ્ય માનવામાં આવે છે. નગ્નાવસ્થામાં ફરતા જુવાન શુકદેવજીને જોયા પછી પણ સરોવરમાં નિર્વસ્ત્ર નહાતી સ્ત્રીઓ શુકદેવજીને પ્રણામ કરતી, એનું કારણ શુકદેવજીમાં લીંગ ભાવનો સંપૂર્ણ અભાવ હતો. જૈન દિગંબર સાધુને સ્ત્રી તત્ત્વ પ્રત્યે સહજ આકર્ષણ થતું નથી અને નગ્નાવસ્થામાં વિચરતા સાધુને જોઈને કોઈને વિજાતીય ભાવ પેદા થતો નથી તેનું કારણ એ સાધુમાં સ્ત્રી પુરુષનું સમભાવપણું છે.

કૃષ્ણમાં આ સમભાવનું ઉર્ધ્વીકરણ થયેલું છે. રાસલીલામાં કૃષ્ણ દરેક સ્ત્રી સાથે જોડ બનાવીને અનાસક્ત ભાવે રાસ રમી શકે છે. જમનામાં નહાતી ગોપીઓના વસ્ત્ર સંતાડીને કદંબનાં જાડ ઉપર બેઠાં બેઠાં ગોપીઓની નિર્વસ્ત્રતામાં પણ વીરક્તતા જાળવી શકે છે. આવી અનાસક્ત વસ્ત્રાહરણ લીલા ગોપીઓને પણ ગમે છે. ડૉ. રામમનોહર લોહીયાએ લખ્યું 'વસ્ત્રાહરણ પછી કૃષ્ણ ક્યારેય વસ્ત્રલીલા કરવા આવ્યાં નહી. તેથી ગોપીઓ સ્વયં

એમનાં વસ્ત્રો ઉતારીને કદંબનાં ઝાડમાં સંતાડવા લાગી. એમ વિચારીને કે ક્યારેક કૃષ્ણ વસ્ત્રો પાછાં આપવાં અવશ્ય આવશે. ગોપીઓને કૃષ્ણનાં અનાસક્ત ભાવમાં કેટલો ભરોસો હશે ! શાસ્ત્રોનાં મતે કૃષ્ણ રસસ્વરૂપા છે. ઈશ્વર રસ સ્વરૂપ છે એ ન્યાયે કૃષ્ણની રાસલીલા અને વસ્ત્રલીલા સૂક્ષ્મભાવમાં 'રાસલીલા' છે. આત્મા અને પરમાત્મા વચ્ચે જ્યારે એકાત્મતા સધાય પછી ઊંમરની અવસ્થાઓ ઓગળી જાય છે. શારીરિક સ્થિતિઓ સુષપ્ત થઈ જાય છે. આંતર ચેતના જાગૃત બને છે. રાસલીલા એ ભૌતિક ભૂમિકામાંથી અલગ થઈને આત્મિક અવસ્થામાં ઓગળવાની જીવનલીલા છે.

આમેય કૃષ્ણ તો રાગપુરૂષ, આગપુરૂષ અને ત્યાગપુરૂષ છે. આગને રાગ અડી શકે! સંબંધોની સાર્થકતા સ્થાપવા અવતરેલ કૃષ્ણ અગિયાર વર્ષની ઊંમરે સગા મામાનો નિર્દયતાથી વધ કર્યો અને સગી ફૂઈનાં દીકરા શિશુપાલની નિર્મમ હત્યા કરી. બકાસુર, વત્સાસુર, અઘાસુર, ધેનુકાસુર, પ્રલંબાસુર, વ્યોમાસુર, કેશી, અરિષ્ઠાસુર, કાળીનાગ, શંખચૂડ, હંસ બલ્લ, કુવલયાપીડ, ચાણુર, કાળયવન, ભૌમાસૂર, ચૂર, બાણાસુર, શાલ્વ, વિદુરથ, મૌડ્રક અને કાશી નરેશ જેવા અનેક અસુરોનો સંહાર કર્યો! મહાભારતનાં યુદ્ધમાં ભીષ્મ, કર્ણ, દૂર્યોધન, દુઃશાસન, શકુની સહિત નિકટનાં સગા એવા સો કૌરવોનો નાશ કરાવ્યો! એમાં કૃષ્ણની કઈ વિનાશલીલા હતી!

શાસ્ત્ર વચન છે કે બહું મોટા ઈષ્ટનાં સ્થાપન માટે ઓછા અનિષ્ટનો આશરો લેવો ન્યાયી છે. આતંકવાદીઓનો નાશ કરવા માટે અમુક હદની હિંસા આચરવામાં આવે તે 'કૃષ્ણકર્મ' છે. કૃષ્ણની વિચારધારા જડવાદી નથી, પરંતુ ક્રાંતિકારી છે. એ પરંપરાનાં પૂજક અને પરિવર્તનવાદી પણ છે. રામને જીવન જીવવામાં 'ધર્મ' નડયો છે. ધર્મથી ઉપરવટ જઈને રામ એક પણ પગલું ભરી ન શકે. અધર્મનાં ઉત્થાન માટે કૃષ્ણને કાયમ 'અધર્મ' નડ્યો છે ધર્મની મર્યાદાઓ નડી નથી. તેથી કહેવાણું કે ધર્મ પ્રમાણે જીવે એ રામ અને કૃષ્ણ જે જીવે એ ધર્મ. રામ મર્યાદા પુરૂષ છે અને કૃષ્ણ પૂર્ણ પુરૂષ છે. રામને વંદન કરી શકાય, જ્યારે કૃષ્ણને ભેટી શકાય. કૃષ્ણ યુદ્ધખોર નથી, પરંતુ બંડખોર છે. અહમી ઈન્દ્રને પડકારીને કૃષ્ણ ગોકુળમાં આત્મ ગૌરવનું સ્થાપન કરી શકે. શાસ્ત્ર નિહિત મૂલ્યોનાં સંરક્ષણ માટે કૃષ્ણ શસ્ત્રનો સહારો પણ લઈ શકે એમાં કૃષ્ણની ક્રૂરતા નથી. સમર્થ હોવા છતાં અનિષ્ટ ને શરણાગત થવાની મનોવૃત્તિને કૃષ્ણ કેવળ કાયરતા માને છે. જેમ નિર્બળ દ્વારા અપાતી ક્ષમા વ્યર્થ છે, એમ સબળ દ્વારા સમય આવે છુપાવાતી સમર્થતા અક્ષમ્ય છે. બહુજનહિતાય માટે ક્યારેક આક્રમતા અનિવાર્ય છે. ભારતની સવા અબજ પ્રજાનાં રક્ષણ માટે યુદ્ધનાં આંગણામાં કેટલાકનું બલિદાન લેવાય કે દેવાય એમાં બુદ્ધ અને મહાવીરનો અહિંસા કે કરૂણાવાદ અપ્રસ્તુત છે. એમાં તો કૃષ્ણવાદ જ આવકાર્ય હોય.

રામ જેવા મર્યાદા પુરૂષને પણ આખરે 'લંકાકાંડ' કરવા મજબૂર બનીને કૃષ્ણવાદનું અનુસરણ કરવું પડ્યું હતું. રામવાદ પ્રાસંગિક રહ્યો છે, જ્યારે કૃષ્ણવાદ કાયમી રહ્યો છે. કૃષ્ણ ઉપર કાયમ બહુપત્નીત્વનો આરોપ મૂકાય છે. રૂક્ષ્મણિ, મિત્રવંદા અને લક્ષ્મણા આ ત્રણનું હરણ કરીને લગ્ન કર્યા. જાબુવંતી, કાલિંદી, સત્યા, ભદ્રા અને સત્યભામા આ પાંચ સાથે સંમતિથી લગ્ન કર્યા. બીજી સોળ હજાર એકસોને પ્રાગજ્યોતિષપુર નામના નગરમાંથી લાવી પત્નીનો દરજ્જો આપી દ્વારકામાં વસાવી. આવડી મોટી લગ્નલીલા પાછળ કૃષ્ણની કઈ સામાજિકતા હશે ! આ ઉપરાંત પોતાના કરતાં બાવીસ વર્ષ મોટાં અને પરણિતા એવા રાધા સાથેનો સંબંધ તો ખરોજ ! આ કૃષ્ણલીલા સમજવા એના પૂર્વાર્ધમાં ડોકીયું કરવું પડે.

કૃષ્ણને જેટલાં પોતાના નડ્યાં છે એટલાં પારકાં ઓછાં નડ્યાં છે. જન્મવેળાથી માંડીને સ્વધામગમન સુધી કૃષ્ણને અંગતોએ જ આઘાત પહોચાડ્યાં છે. સગા મામા કંસથી શરૂ કરીને મથુરાનાં નગરજનો, પત્ની રૂક્ષ્મણિ, ફૂઈનો દીકરો શિશુપાલ, પૌત્ર સાંબ, નિકટનાં સગા કૌરવો અને એના કુળવંશી યાદવો દ્વારા મળેલી પીડાઓ કૃષ્ણ જેવાને પણ વસમી લાગી છે. બાર વર્ષનાં મથુરા વાસ દરમિયાન વ્યક્તિગત તેજોદ્વેષથી પીડાતા કંસનાં સસરા રાજા જરાસંઘે મથુરા ઉપર સત્તર વખત આક્રમણ કરીને મથુરામાં તબાહી મચાવી દીધી. સત્તર વખત કૃષ્ણએ જરાસંઘને હરાવ્યો અને જીવતો જવાં દીધો હતો. જે ભૂમિમાં ભગવાને જન્મ લીધો એ ભૂમિવાસીઓએ મથુરાની સુખશાંતિ માટે મથુરા છોડીને ગમે ત્યાં જતાં રહેવાની કૃષ્ણને વિનંતી કરી અને કૃષ્ણએ પોતાની જનમ ભોમકાનાં ભલા માટે અડધી રાતે બે પાંચ યાદવોને સાથે લઈ મથુરા છોડી દીધું. આ સ્થૂળ ઘટના નિમિત્તે જગતે કૃષ્ણને 'રણછોડ'નાં અળખામણા વિશેષણથી નવાજ્યાં. કૃષ્ણનાં ઈશ્વરીય તત્ત્વનાં અનેક પરચાઓ મથુરાવાસીઓએ સગી આંખે જોયેલ છતાં એના ભગવાન પણા ઉપર એની જનમ ભોમકાનાં વાસીઓને ભરોસો ન રહ્યો એ કેવું દુઃખદ આશ્ચર્ય ગણાય! મથુરા છોડીને કૃષ્ણ આર્યાવર્તમાં અનેક ઠેકાણે ગયાં. બધેથી જરાસંઘનાં ભયે જાકારો મળ્યો. આખરે કૃષ્ણ સૌરાષ્ટ્રનાં સાગરકાંઠે વસેલ કુશસ્થલીનાં રાજ્યમાં આવ્યાં. સ્થાયી થવાં થોડીક ભૂમિ કુશસ્થલીનાં રાજા પાસે માંગી, પણ ન મળી. દરિયો પૂરીને જમીન ઉભી કરવા સલાહ મળી. કૃષ્ણએ આપબળે દરિયામાંથી ભૂમિ ઉભી કરી અને દ્વારકાનું નિર્માણ કર્યું. રણછોડ બનવામાં કૃષ્ણની કાયરતા ન હતી, પરંતુ જન્મ ભૂમિનાં વાસીઓનું કલ્યાણ હતું. જરાસંઘનાં આક્રમણનો ભય દ્વારકા માટે પણ હતો. કૃષ્ણ એકલ પંડે કોઈ પણ અનિષ્ટને પડકારવા સમર્થ હતાં, પરંતુ એમને સંઘબળનું સર્જન કરીને પ્રજાને વીર્યવાન બનાવવી હતી.

આર્યાવર્તનાં તમામ રાજાઓ અને સત્તાધીઓને એક જૂટ કરી સંઘરાજયમાં જોડવાની કૃષ્ણની નેમ હતી. વિનંતી કે સમજાવટથી કોઈ માનતાં ન હતાં. કૃષ્ણએ દૂરંદેશી વાપરી એ રજવાડાની કન્યાઓ સાથે વૈવાહીક સંબંધ બાંધ્યો, જેથી એ રજવાડા જમાઈનાં સંઘ રાજ્યનાં સહભાગી બની રહે. કૃષ્ણએ વિદર્ભ રાજ્યની કુંવરી રૂક્ષ્મણિ, અવંતી રાજ્યની કુંવરી મિત્રવંદા, અયોધ્યા નરેશની કુંવરી સત્યા, કૈકય દેશની કુંવરી ભદ્રા, ભદ્ર રાજ્યની કુંવરી લક્ષ્મણા, સત્રાજિત રાજાની કુંવરી સત્યભામા અને જંગલનાં રાજા જાંબુવંતની કન્યા જાંબુવંતી સાથે લગ્ન કરવા પાછળ કૃષ્ણની એક મહારાજા તરીકે વિષયાસક્તિ ન હતી, પરંતુ ભિન્ન ભિન્ન રજવાડાને સંઘરાજ્યમાં સંબંધનાં નાતે જોડીને એમનામાં સંઘશક્તિ ઉભી કરવાનો ઉમદા આશય હતો. જેથી બધા સાથે મળી જરાસંઘ જેવા તમામ અનિષ્ટ તત્ત્વોનો મુકાબલો કરી શકે.

સોળ હજાર એકસો પત્નીઓ કરવાની ઘટનાએ પણ કૃષ્ણને ખૂબ વગોવ્યાં છે. પ્રાગજ્યોતિષપુરનાં રાજા ભોમાસૂરને એવી વિષ વાસના હતી કે એના રાજ્યમાં પરણીને આવતી પરણિતાને પ્રથમ રાત્રિ ભોમાસૂર સાથે ગુજારવી પડતી. આવી સોળ હજાર એકસો પરણિતાઓ ભ્રષ્ટ થતાં એમના પતિઓએ ત્યાગ કરી દેતાં એ બધી વર્ષોથી ભોમાસૂરનાં દોઝખમાં જીવતી હતી. કૃષ્ણને તેની જાણ થતાં રાણી સત્યભામાને સાથે રાખી કૃષ્ણએ ભોમાસૂરનો નાશ કર્યો. કૃષ્ણનાં વીરત્ત્વથી આકર્ષાઈને સોળ હજાર એકસો પરણિતાઓએ કૃષ્ણને મનથી પતિ માની લીધાં. ભોમાસૂરનાં મોત પછી એમણે કૃષ્ણ અને સત્યભામાને વિનંતી કરી કે "આજ સુધી તો અમે માત્ર ભ્રષ્ટ હતી, હવે તો નિરાધાર થઈ ગઈ. હવે અમે ક્યાં જઈશું ? સમાજ અમને સ્વીકારશે નહીં. શું કરીએ અમે ? અમારી ભ્રષ્ટતાથી સમાજને ભરી દઈએ ? કે પછી આત્મઘાત કરી લઈએ ?" સમાજનાં યોગક્ષેમનું વહન કરવા આવેલ કૃષ્ણ સત્યભામાની સંમતિથી આ સોળ હજાર એકસો સ્ત્રીઓને પત્નીનો દરજ્જો આપી દ્વારકામાં લઈ આવ્યાં. એવી શરત રાખી કે પત્ની તરીકે નો દરજ્જો સ્વમાન ખાતર અપાય છે, પરંતુ એમની સાથે કોઈ વૈવાહીક સંબંધ રહેશે નહીં. આમ આ લીલામાં કૃષ્ણનો કોઈ 'ભોમાસૂર ભાવ' ન હતો, પરંતુ શુદ્ધ કૃષ્ણભાવ હતો. કૃષ્ણ શબ્દમાં નિહીત "કૃષ" ધાતુનો એક અર્થ પોષણ કરવું એવો થાય છે. એ રીતે કૃષ્ણએ સમાજમાં ભૂરાંટી થયેલી ભોમાસૂર વૃત્તિને નિર્મૂળ કરી એક શુદ્ધ સમાજનાં મૂલ્યોને પોષવાનું સિમાચિહ્નરૂપ કાર્ય કર્યું. કૃષ્ણ સાથે વિરોધાભાસો અને વિવાદોને ભેરૂબંધી છે. અઢાર અક્ષૌહિણી સેના દારુણ નરસંહાર માટે કુરુક્ષેત્રનાં સમરાંગણમાં યુદ્ધનાં આરંભની રાહ જોઈને ઉભી હોય એવા ટાણે યુદ્ધની રણનીતિઓ, અસ્ત્ર શસ્ત્રની ઓળખાણો, વ્યૂહ રચનાઓ, અશ્વોની હણહણાટીઓ, હસ્તીઓની ચિચિયારીઓ, યોદ્ધાઓનાં રણટંકારો, ગગન ગજવતા શંખનાદો અને મારો કાપોની કિકિયારીઓનાં

યુદ્ધ તાંડવ સમયે કૃષ્ણ અર્જુનનાં સારથિ તરીકેની ભૂમિકા ભજવાને બદલે તત્વજ્ઞાનનો પાઠ શિષ્યને શીખવે કે ધર્મ અધર્મ, નીતિ અનીતિ, રાગ દ્વેશ, આસક્તિ અનાસક્તિ, જન્મ મૃત્યુ, પાપ પૂણ્ય, સ્વર્ગ નર્ક, કર્તવ્ય અકર્તવ્ય, મોહ નિર્મોહ, સાર્થકતા નિરર્થકતા જેવા ગહન વિષયો ભણાવા બેસે એમ કૃષ્ણ યુદ્ધનાં ઓટલે ઉભા રહીને અર્જુનને યુદ્ધલીલા સમજાવવાને બદલે સાતસો શ્લોકોમાં પથરાયેલી ભગવદ્‌ગીતાની 'તત્ત્વ લીલા' કરવા બેસે એમાં કૃષ્ણનું કયું સારથિપણું સાર્થક હતું !

કૃષ્ણ દ્વિધાપુરુષ અને દ્વંદપુરુષ કહેવાયા છે. વિષમતાઓ અને વિચિત્રતાઓનાં પ્રવાહમાં તરણાની જેમ તરવું કૃષ્ણની લાક્ષણિકતા છે. સ્વધર્મ અને નિજ કર્તવ્યનાં પાલન સામે આવતાં અનિષ્ટોને ઓળખી સંબંધ અને સગાવાદથી નિર્લેપ થઈને સમાજનાં શ્રેય માટે નિર્ધારિત સ્થિતિનું નિર્માણ કરવા, હાથવગાં તમામ સાધનોનો સંપૂર્ણ ઉપયોગ કરીને લક્ષ્યની પ્રાપ્તિ કરવી એવી સીધી સાદી જીવન દૃષ્ટિ કૃષ્ણની છે. યુદ્ધનાં મેદાનમાં મોહથી ઘેરાયેલા અર્જુનનાં અંધકારને દૂર કરવાનું સૂર્યકામ કૃષ્ણએ કર્યું છે. કૃષ્ણ યોદ્ધા અને બોદ્ધા પણ છે. નદીનાં સામા કાંઠે રાજના અતિથિ તરીકે ઉતરેલા દુર્વાસા ઋષિને ભોજન પહોંચાડવા જતાં સેવકોને નદીનું પૂર નડે ત્યારે કૃષ્ણ કહે કે "નદીની આગળ ઉભા રહીને કહેજો કે કૃષ્ણ કાયમ બ્રહ્મચારી રહ્યાં હોય તો નદી માર્ગ આપે" અને નદી માર્ગ આપી દે. આ ઘટનામાં કૃષ્ણની કેવી બ્રહ્મચારીતા સમજવી! આઠ રાણીઓ અને આઠેયને દસ દસ પૂત્રો બ્રહ્મચારીપણાનાં પ્રમાણો છે? આ દ્વિધાનો ઉત્તર દુર્વાસાને ભોજન ખવરાવ્યાં પછી પરત ફરતાં નદીનું પૂર નડતાં મૂંઝાયેલા સેવકોને ભરપેટ જમેલા દુર્વાસા એમ કહે કે "નદી આગળ જઈને કહો કે દુર્વાસા કાયમ ઉપવાસી હોય તો નદી માર્ગ આપે" અને નદી માર્ગ આપી દે આ ઘટનામાંથી કૃષ્ણનાં બ્રહ્મચારીપણાનાં સંદેહનો ઉત્તર મળશે. એક ચોક્કસ ભૂમિકા નિભાવ્યાં પછી કે એક અવ્વલ ઊંચાઈ મેળવી લીધાં પછી કૃષ્ણની ત્રણ અવસ્થાઓ અંતઃકરણનાં ત્રણ ગુણોથી પર થઈ જાય છે. દેહાતીત અને ગુણાતીત ભૂમિ ઉપર ઉભેલાને જમીન ઉપરનાં ખાડા ટેકરા સ્પષ્ટ દેખાય, પરંતુ આકાશની ચોક્કસ ઊંચાઈએ પહોંચ્યા પછી જમીન ઉપરની તમામ સ્થિતિ સમથળ લાગે. જગત જેને વિષયોનો ભોગવટો કહે છે એને કૃષ્ણ આગવટો કહે છે. વિષયાસક્તિ વિકાર છે. સ્વધર્મ નિહીત વિષયાચરણ એ ધર્માચરણ છે. કોઈ પણ વિષય કે વસ્તુ પ્રત્યેની વાસના એ વિકૃતિ છે. સહજ ધર્મ પ્રમાણેનું સંધાન એ નિર્વિકાર જીવન વૃત્તિ છે. મહારાજા જનકની વૈદેહી સ્થિતિ આ ભૂમિકાનું પ્રમાણ છે. કૃષ્ણ તો રાગપુરૂષ અને આગપુરૂષ છે. આગ સાથે રાગ કયાં સુધી રમી શકે !

ઉત્તરામાં ગર્ભસ્થ અભિમન્યુનાં છેલ્લા અંશનો અશ્વસ્થામાએ નાશ કરતાં, ગર્ભને જીવતો કરવાની ઉત્તરાની જીદને જોઈ કૃષ્ણ એમ કહે કે "મે ક્યારેય જૂઠનો સહારો લીધો ન હોય તો મૃત ગર્ભ સજીવન થાય અને મૃત ગર્ભ જીવતો થાય એ ઘટના પાછળ કૃષ્ણની કઈ વચનબદ્ધતા છતી થાય છે !

મહાભારતનાં યુદ્ધ પૂર્વે દૂર્યોધને કૃષ્ણની સાત અક્ષૌહિણી સેના માંગી અને અર્જુને એકલા કૃષ્ણને માંગ્યા, ત્યારે કૃષ્ણએ જગ જાહેર પ્રતિજ્ઞા કરી કે યુધ્ધનાં મેદાનમાં કોઈ પણ સ્થિતિમાં તેઓ શસ્ત્ર ઉપાડશે નહિ, માત્ર સારથિ બનીને જ રહેશે. કૃષ્ણ મહાભારતનાં યુદ્ધમાં વચનભંગ કરીને શસ્ત્ર ઉપાડે અને ધર્મપુરૂષ યુધ્ધિષ્ઠિરનાં મુખે દ્રોણપુત્ર અશ્વસ્થામા હણાયો ન હોવા છતાં 'અશ્વસ્થામા હણાયો' એવી જૂઠી જાહેરાત કરાવે ત્યારે કૃષ્ણની વચન બધ્ધતા કેટલી વિશ્વાસપૂર્ણ કહેવાય ! આટલી હદે જૂઠ અને વચનલોપ વર્તનાર કૃષ્ણ ક્યારેય જૂઠ નહીં બોલ્યાની દુહાઈ આપીને ઉત્તરાનાં ગર્ભને સજીવન કરે એ ઘટના કેટલી આશ્ચર્યકારક છે ! ઘણીવાર નરી આંખે દેખાતા દશ્ય પણ ઝાંઝવાઈ બનતાં હોય છે. સત્યનાં પ્રતિપાદન માટે ઓછા સત્ય કે છેતરામણા સત્યનો આશરો લેવાય એમાં કૃષ્ણની રીતે કોઈ અનીતિ નથી. દ્રોણ અને ભીષ્મ જેવા સત્યપ્રિય ધર્મપુરૂષો જ્યારે અધર્મી કૌરવોનો પક્ષ લઈ કૃષ્ણની સામે પડે અને તેઓ શાસ્ત્રવચનોથી સમજી ન શકે ત્યારે યુધ્ધનીતિ પ્રમાણે ક્યારેક કુટીલતા પણ ધર્મ માન્ય છે. એવી કૃષ્ણધારા "ધર્મ સંસ્થાપનાર્થાય"નાં અભિયાન માટે અનિવાર્ય છે. રજનીશને કહેવું પડ્યું કે કૃષ્ણને આપણે પાંચ હજાર વર્ષથી સમજવાનો પ્રયત્ન કરીએ છીએ, પરંતુ કૃષ્ણ હજી પાંચ હજાર વર્ષ પછી યથાર્થ સમજાશે. તલવારનાં વાર સામે શેરડીનો સાંઠો ઉગામવાની મૂર્ખાઈ કૃષ્ણપણામાં સંભવી ન શકે. કૃષ્ણનાં જન્મે, કૃષ્ણનાં અસ્તિત્વને અને કૃષ્ણનાં ઈતિહાસને નકારવાની એક નફ્ટાઈ કહેવાતા બુધ્ધિજીવીઓમાં વર્તાઈ રહી છે. કૃષ્ણનો અવતાર થયો જ નથી. કૃષ્ણ તો કાલ્પનિક અને પૌરાણિક પાત્ર છે. કૃષ્ણ તો લોકકથા અને દંતકથાનાં નાયક છે. કૃષ્ણની હયાતીનાં કોઈ દસ્તાવેજી પુરાવા મળતાં નથી. આવી વાહિયાત વાતો કરવામાં આપણા ઈતિહાસકારો અને પુરાતત્ત્વવિદોને ગૌરવ થાય છે. જગતમાં બધુ જ પુરાવા આધારિત નથી હોતું. મારી તમારી દશમી પેઢીનાં પૂર્વજનો કોઈ દસ્તાવેજી પુરાવો મળતો નથી. માત્ર પેઢી દર પેઢીનાં અસ્તિત્વને સ્વીકારીએ છીએ. આજે આપણી હયાતી એજ પુરાવો છે કે આપણો વંશવેલો પચીસમી પેઢીનાં પૂર્વજ થી શરૂ થયો હતો. સાંયોગિક અને ભૌગોલિક ઉપલપાથલોનાં કારણે વર્ષો પહેલાંનાં પુરાવા નામશેષ પણ થયાં હોય.

બે હજાર વર્ષ પહેલાં જન્મેલ ઈસુ ખ્રિસ્ત કે પંદરસો વર્ષ પહેલાં જન્મેલ મહમદ પયગંબરનો કોઈ દસ્તાવેજી પુરાવો ઉપલબ્ધ નથી. બાઈબલમાં ઈસુ ખ્રિસ્ત કે કુરાનમાં મહંમદ પયગંબરનાં હસ્તાક્ષર નથી, તો પણ આખુ જગત એમના અસ્તિત્વને સ્વીકારે છે. મુસ્લિમ સમાજમાં જઈને કહી તો જુઓ કે મહંમદ પયગંબર જન્મ્યા નથી કે ઈસાઈ જગતમાં જઈને જાહેર તો કરી જુઓ કે ઈસુની હયાતી ન હતી તો પ્રત્યાઘાતમાં આવું પૂછનારનું અસ્તિત્વ કદાચ ઈતિહાસ બની શકે છે. કૃષ્ણનાં અસ્તિત્વને પુરવાર કરવાની ભારતને ભલે પડી ન હોય, પરંતુ પરદેશનાં એક સંશોધકે કૃષ્ણની હયાતીને પુરવાર કરી દીધી. અમેરિકા સ્થિત 'મેમફીસ' યુનિવર્સીટીનાં ભૌતિક વિજ્ઞાની ડૉ. એન. આચર દ્વારા મહાભારત ગ્રંથની દોઢસોથી વધુ ખગોળીય અને ભૂગોળીય ઘટનાઓને પ્લેનેટોરીયમ અને સોફ્ટવેરની મદદથી ગાણિતિક સંશોધન કરીને અધિકૃત રીતે પુરવાર કરી દીધું કે કૃષ્ણ ભારતની ભૂમિ ઉપર ઈ.સ.પૂર્વે 3112 વર્ષ પહેલાં 21મી સપ્ટેમ્બરનાં દિવસે જન્મ્યા હતાં. 125 વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતુ. સામાન્ય રીતે ઓગસ્ટમાં આવતી જન્માષ્ટમી અને ડૉ. આચર પ્રમાણે સપ્ટેમ્બરમાં આવતો કૃષ્ણ જન્મ ખૂબ નજીકનો સમયગાળો છે. લોકમાન્યતા પ્રમાણે કૃષ્ણ જન્મ પાંચ હજાર વર્ષ પહેલાં થયો હતો. ડૉ. આચરની શોધ પ્રમાણે ઈ.સ. પૂર્વે 3112માં ચાલુ સદીનાં 2014 વર્ષ ઉમેરતાં કુલ વર્ષ 5,126 થાય છે. તે હકીકત બંધબેસતી છે. પ્રણામ આ વિદેશી વૈજ્ઞાનિકને કે જેણે ભારતમાં જન્મેલ ભગવાનનાં જન્મની ભ્રમણાઓને ભાંગી નાંખી. પરદેશની ભૂમિ ઉપરથી વૈજ્ઞાનિક રીતે પ્રસ્થાપિત કરી દીધું કે ભારત માને કે ન માને અમે પ્રમાણિત કરીએ છીએ કે કૃષ્ણ ભારતની ભૂમિમાં 5126 વર્ષ પહેલાં જન્મ્યા હતાં. એ હકીકતને હવે કોઈ પડકારી શકે તેમ નથી. કૃષ્ણ અગિયાર બાર વર્ષ ગોકુળમાં રહ્યાં. બાર તેર વર્ષ મથુરામાં રહ્યાં અને સો વર્ષ દ્વારકામાં રહ્યાં એટલું તો શાસ્ત્ર સાબિત છે.

જગત આખાને શાંતિ આપવા કૃષ્ણનાં જીવનમાં ડગલેને પગલે અશાંતિ અભરાણી છે. સ્વજનોનાં સંતાપો, અંગતોનાં આઘાતો, સગાઓની સમસ્યાઓ અને કુટુંબીઓનાં કલેશોએ કૃષ્ણ જેવા સ્થિતપ્રજ્ઞ પુરૂષને પણ ઘડીભર હચમચાવી નાખ્યાં છે. અંગતોએ આપેલ પીડાઓમાંથી થોડાક મુક્ત થવાં કૃષ્ણ જંગલમાં જઈને વિચારમગ્ન દશામાં એક ઝાડ નીચે બેસી જાય છે. એક સામાન્ય શિકારી કૃષ્ણની પાનીને હરણનો કાન માની બાણ મારે અને પાની વિંધાવાથી સ્વધામ ગમનની અંતિમ ઘડી આવી જાય તે અસામાન્ય ઘટના છે. આંગળીનાં ઈશારે મહાભારત જીતાડનાર યુગપુરૂષ એક જંગલી શિકારીનાં હાથે હણાય ! એક સામાન્ય બાણ કૃષ્ણની જીવનલીલા પૂર્ણ કરવાનું નિમિત્ત બની શકે ! સૃષ્ટિ સમષ્ટિ અને યષ્ટિમાં વ્યાપક એવા વિરાટ કૃષ્ણનાં નિર્વાણ સમયે કોઈ ઉપસ્થિત ન હોય ! વિશાળ યાદવકુળનાં વખંભર વડલાનાં અગ્નિ સંસ્કાર વેળાએ કૃષ્ણનાં સખાઓ ઉધ્ધવ અને મૈત્રક સિવાય એક પણ યદુવંશી હાજર ન હોય એ ઘટના ચેતાતંત્ર ચકરાવે ચઢી જાય એવી

છે ! કૃષ્ણ વિસંગતાઓ અને વિમાસણોનાં વ્યક્તિ વિશેષ રહ્યાં છે. નિયતિનાં નિર્માણથી અવતાર કે ઈશ્વર પણ મુક્ત ન રહી શકે. "જાતસ્ય હી ધ્રુવમ્ મૃત્યુ"નું સનાતન સત્ય કૃષ્ણ પોતાના મૃત્યુનો સહજ સ્વીકાર એક સામાન્ય માણસની જેમ કરી શકે એ જ તેમની સહજતા છે. આખી અયોધ્યા ઊંઘતી રહે અને રામ સહજ રીતે સરયુમાં જળ સમાધિ લઈને નિર્વાણ પામી લે એ કેટલી અસામાન્ય ઘટના છે ! એટલે તો કહેવાયું છે કે "Krishna Lived an Extra Ordinary Life and Died an Ordinary Death" કૃષ્ણને ડાયાબીટીસ થાય ? કૃષ્ણને બ્લડપ્રેશર નડે ? કૃષ્ણને કોઈ અસાધ્ય રોગ થાય ? કૃષ્ણને પક્ષઘાત થાય ? કૃષ્ણ પીડાઈને મરે ? કૃષ્ણ આમ જ મરે, સામાન્ય અને સહજ રીતે. કૃષ્ણ કાયમ દ્વંદોનાં સ્વામી રહ્યાં છે. જે હાથ વાંસળી વગાડી શકે એ હાથ સુદર્શન પણ ઉપાડી શકે. જે ગોપીઓનાં ચીર હરણ કરી શકે એ દ્રોપદીનાં ચીર પણ પૂરી શકે ! જેને હળવા ફૂલ ઉપાડવા બે હાથની જરૂર પડે એ ગોવર્ધન જેવો પહાડ એક ટચલી આંગળીએ ઉપાડે ! જે સમ્રાટ બની શકે અને સુદામાનાં સેવક પણ બની શકે ! જેટલું વહાલ એ રૂપવંતી રાણીઓને કરી શકે એથીય વધુ હેત એ કદરૂપી કુબજાને પણ આપી શકે ! જે પારકાને બચાવી શકે એ અંગતોને હણાવી પણ શકે ! જે સગા હાથે યદુવંશનો લીલોછમ આંબો ઉછેરી શકે એ સગી આંખે યદુવંશનો સર્વનાશ નિરખી પણ શકે ? જે એક મહારાજા તરીકે જીવી શકે એ એક સામાન્ય માણસ તરીકે મરી પણ શકે ! થોડીક ક્ષણો ચર્મ ચક્ષુઓ બંધ કરીને આંતર ચક્ષુઓ ઉઘાડીશું તો કૃષ્ણની અખિલાઈ, ઊંચાઈ, ઊંડાઈ અને અલૌકિકતા આપમેળે સમજાશે. કૃષ્ણને આત્મસાત કરવા છે ? રાધાનું હૃદય અને મીરાનું મન કેળવો તો કૃષ્ણ આપોઆપ આપણામાં એકાકાર થઈ જશે. કૃષ્ણને આત્મસાત કરવામાં રાજા રંક, ઉંચ નીચ, સ્ત્રી પુરૂષ, સધર્મી પરધર્મીનાં કોઈ ભેદ નડ્યા નથી. જીવ માત્રને કૃષ્ણ પોતાના લાગ્યાં છે.

મોહનની મહોબત માટે મલક બધાની મરજાદ મૂકીને મીરા ગાતી હોય : "પગઘુંઘરૂ બાંધ મીરા નાચી રે" માધવને મેળવવા માટે મેવાડની મહારાણી જગજાહેર નાચવા અને કુળમરજાદ ત્યાગવા તૈયાર છે. તો શ્યામ સુંદરનાં ઈશકમાં ઓળઘોળ થયેલી મુસ્લીમ શાહજાદી તાજબીબી ઈસ્લામી ઈબાદતને આઘી કરીને જગ જાહેર કહેતી હોય : "દેવપૂજા ઠાની, તજી કલમા કુરાન, નમાજકો ભૂલાની બદનામી કો સહુંગી મૈં, નંદ કે કુમાર કુરબાન તેરી સુરત પર હું, તો મુગલાની હિંદવાની હો રહુંગી મૈં."

માધવ મળતો હોય તો "મોગલાણી" માંથી "હિંદવાણી" થઈ જવાની તૈયારી રાખતી આ મુસ્લીમ ગોપીને સો સો સલામો કરીએ તોય થોડી છે. નાગર નરસૈયો નટવરનાં નેસડામાં અલમસ્ત થઈને કૃષ્ણને કહીં દેતો હોયઃ

"મારું વનરાવન છે રૂડું રે વૈકુંઠ નહી આવું"

મારે તો ગોકુળની ધૂળમાં આળોટવું છે. તારા વૈકુંઠની વિસાત મારે મન વ્રજભૂમિની ચપટી ધૂળ જેટલી પણ નથી. એજ ખુમારી સાથે મુસ્લીમ કવિ રસખાન કહેતો હોય :

"માનુસ હો તો વહી રસખાની બસો વ્રજ ગોકુલ ગામ કે ગ્વારન,<br>
જો પસુ હોતો કહા બસુ મેરો, ચરો નિત નંદકી ધેનું મોજારન,<br>
પાહન હો તો વહી ગીરીકો જો ધર્યો, હરિ છત્ર પુરંદર ઢારન,<br>
ઔર જો ખગ હો તો બસેરો કરા, કાલિંદી કુલ કદંબકી ડારન"

માણસ તરીકે જન્મું તો ગોકુળનો ગોવાળીયો, પશુનો અવતાર મળે તો ગોકુળની ગાય બનું, પક્ષીનો જન્મ મળે તો કદંબની ડાળી માથે માળો કરું અને પથ્થર બનું તો ગોવર્ધનગિરીનો. એક મુસ્લિમમાં માધવમય થવાના મનોરથ કેટલા મોટા છે ! 'કૃષ' ધાતુનો અર્થ છે આકર્ષવુ. કૃષ્ણનાં આકર્ષણમાં પાકિસ્તાનની એક PAS અધિકારી પરવીન સકીરા કહેતી હોય :

"યે હવા કૈસે ઉડા લે ગઈ આંચલ મેરા,<br>
યુ સતાને કી આદત તો મેરે ઘનશ્યામ કી હૈ !"

કૃષ્ણનાં આવા વ્યાપક વ્યક્તિત્વને અક્ષરથી ઓળખવાનો અને શબ્દથી સમજવાનો કોઈપણ પ્રયત્ન ભર બપોરે સૂર્યનાં તેજને જોવા માટે કોડીયું પ્રગટાવવા જેટલો વ્યર્થ છે.


**ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમીટેડ**

**ગુજરાત સરકારનું સાહસ**

78, વનગંગા, અલકાપુરી, વડોદરા : 7

**TeleFax :** 0265 2355290-92-93, 2312820

**Email :** gsfdcltd@gmail.com, **Website :** www.gsfdcltd.co.in

**વન વિકાસ નિગમનાં ઉત્પાદનો**

મધ તથા આયુર્વેદિક ચૂર્ણો/ ઔષધો/ટેબલેટ

100, 200, 500 ગ્રામનાં આકર્ષક પેકીંગમાં ઉપલબ્ધ



**વધુ માહિતી માટે અમારા વેચાણ કેન્દ્રો અથવા ઉપરનાં સરનામે સંપર્ક કરોઃ**

**વડોદરા :** GF9, આઈવરી ટેરેસ, આરસી દત્ત રોડ, અલકાપુરી, વડોદરાઃ 7, **Tel. :** 0265 2343237 **Mobile :** 9879940010

**ગાંધીનગર :** 3, નવા સચિવાલય, બ્લોક નં. 3, ત્રીજે માળે, ગાંધીનગર. **Mobile :** 9825530271

**અમદાવાદ :** 8, ગ્રાઉન્ડ ફ્લોર, અગ્રવાલ સેન્ટર, ઈન્કમટેક્ષ ચાર રસ્તા, આશ્રમરોડ, અમદાવાદ. **Tel. :** 079 27541731

**અંબાજી :** A6, રાજ શોપીંગ સેન્ટર, ખોડીયાર ચોક, આઝાદ ચોક પાસે, અંબાજી. **Mobile :** 9824377698

**જૂનાગઢ :** A35, 'સંવાદ કોમ્પ્લેક્ષ', આઝાદ ચોક, જૂનાગઢ. **Tel. :** 0285 2620404 **Mobile :** 9426237060

**જામનગર :** 3B, ડો. હેડગેવાર કોમર્શિયલ કોમ્પ્લેક્ષ, સાતરસ્તા સર્કલ, જામનગર. **Tel. :** 0288 2662437

**રાજકોટ :** GF1, શ્રીમાયા કોમ્પ્લેક્ષ, સરદારનગર મેઈન રોડ, વિકાસ મેડીકલ સ્ટોર્સની બાજુમાં, રાજકોટ. **Tel. :** 0281 2460747



**BELGIUM**

**GLASS & CERAMICS [P] LTD.**

**P.G. PATEL @ +91 9825606799**

**HAPPY INDEPENDENCE DAY**

BÉLGIUM GLASS & CERAMICS (P) LTD.

**GREEN FORD :**

Baroda Jambusar National Highway Road,

**Post :** Dabhasa **Ta. :** Padra 391 440,

**Dist. :** Baroda [Gujarat : INDIA]

**Tel. :** +91 - 2662 - 244222 / 244333

**Fax :** + 91 - 2662 - 244399 / 244199

**Email :** belgiumglass@yahoo.co.in

Frits@belgiumglass.com

राम लखन

# आदर्शो को पालना ही भारतीयता

भाग्य विधाता के वरदानों की अनुभूति के लिये हृदय की स्वच्छता अति आवश्यक है । हमारी कथनी करनी सदा समान होनी चाहिये । 'मुँह में राम बगल में छुरी' से कभी भी सुपात्र नही बनेगें । जो परमात्मा के श्री बचनों का पालन करते है उन्हें कदम कदम पर अलौकिक अनुभूतियाँ होती रहती हैं । अन्दर एक तो बाहर दूसरी वृत्ति वाले स्वंय के ही द्वन्दों में पिस जाते हैं । डाकू, चोर और लूटेरों की कथनी करनी में भी अन्तर नहीं होता हैं । आदर्श बातें करके निन्दनीय आचरण करना कितनी बडी कमजोरी है ? आदर्श भारतीयों में ऐसी दोहरी नीति नहीं हो सकती । छद्म जीवन वालों की तुलना दैत्यों से की जाती है । आदर्शों की पराकाष्ठा के कारण ही भारत विश्व गुरु कहलाता है । उसकी रक्षा के लिये यहाँ की महान आत्माओं ने स्वयं की आहुति दे डाली । मरने के बाद उन्हें श्रेय की आकांक्षा नहीं थी । विशिष्टता के कारण आज भी उन्हे प्यार सम्मान से याद करते हैं । उनका अनुसरण भी करते हैं । श्रेय से बढकर ऐसे लोगों को आत्मसंतुष्टता मिलती है । आदर्शो के लिये मर मिटना हमारी सांस्कृतिक धरोहर है । कहा भी जाता है "धरत पड़िये पर धर्म न छोड़िये" । सर्वोच्च ऊँचाइयों तक नहीं तो कम से कम कथनी करनी में तो साम्यता लाइये । इसी से गर्व व गौरव की स्थिति बनीं रहेगी । आदर्शो से पैर पीछे न हटाना ही भारतीय जीवन की महानता है । अद्रश्य शक्तियों को स्वीकारने के लिये हमारी वृत्ति आध्यात्मिक होनी चाहिये । ऊँची पहाडी बरसात से हरी भरी नहीं होती है । धरती की तरह वर्षा का पानी सोखकर जगत को खुशहाली देना चाहिये । देह अभिमान की कठोरता में दिव्यता झांक नहीं सकती । चारों तरफ लोग ढ़ोल मृदंग बजाकर, धूप दीप नैवेद्य चादर चढ़ा रहे हैं । फिर भी पापाचार क्यों बढ़ रहा है ? क्योंकि वृत्तियां अभिमानी हो गयी हैं । मानव शरीर और आत्मा दोनों से बना है । शरीर का अभिमान उसपर 24 घंटे सवार रहता है । आत्मा की उसे सही जानकारी नहीं है । जबकि आत्मा की गुण कला शक्तियों के अनुसार ही उसे मिलती हैं । कहा जाता है "यह चिड़िया रैन बसेरा है, ना घर मेरा ना तेरा है ।" अर्थात् सभी आत्मायें कही ओर की रहनेवाली हैं? इसीलिये "यह दुनिया मुसाफिर खाना है, एक दिन सबको छोड़कर जाना है ।"

ब्रह्माण्ड में सबके ऊपर रहने वाले परमात्मा हमारे सर्वस्व हैं । उन्हें अपना माता पिता और बन्धु सखा मानना चाहिए । सर्व संबंधो का सुख उन्हीं से लेना चाहिये ।

डिसचार्ज बैंटरी को निगेटिव व पाजीटिव तारों द्वारा जब पावर हाउस से जोड़ते हैं तो पुनः चार्ज हो जाती है । वैसे ही पतित आत्माओं के मन बुद्धि की तार जब सर्वशक्तिमान शिव भगवान से जुड़ती है तो आत्मा भी पुनः चार्ज होकर शक्ति गुण सम्पन्न बन जाती है । अन्यथा बैटरी से कोई भी कार्य लो डिसचार्ज होगी । परमात्मा से शक्ति गुण सम्पन्न बन सकते हैं । ईश्वरीय वरदान देह नहीं आत्मा है । जब हम लगाव झुकाव से ज्योति स्वरूप में स्थित होते है तो परम ज्योति से सहज प्रकाशमान होने लगते हैं । आत्मिक वृत्ति से हमारी ग्रहण शक्ति असंख्य गुना बढ़ जाती है । देह आत्मा का यन्त्र है तो उसकी साज संभाल जरुरी है । उसी में लगे रहना विस्मृति का मुख्य कारण है । आत्मा और शरीर एक दूसरे से सघन रूप से गुथे हैं । शारीरिक स्वास्थ्य के लिये यम, नियम, आसन, प्राणायाम, ध्यान धारणा आदि से संतुलित बनाये रखना है । जितना शरीर रूपी यन्त्र स्वस्थ रहेगा उतनी आत्मा उड़ान भरेगी । अन्यथा पदार्थो के लिये उलझती रहेगी । आत्मिक वृत्ति से जब हम परमात्मा की छत्रछाया में पलने लगते है तो कर्मो में दक्षता आती है । योगी आत्मा पलायनवादी नहीं, कर्मो में भी कुशल होती है । योग शब्द युज से बना है जिसका अर्थ है जुडना, संबंध स्थापित करना । परमानन्द की अनुभूति के लिये परमात्मा से संबंधों का सुख लेना होगा । सतयुगी दुनिया में कोई दोहरे व्यक्तित्व का नहीं होता । देवी देवतायें अवगुणी नहीं सर्वगुण सम्पन्न, सम्पूर्ण निर्विकारी, अहिंसा परमोधर्म वाले 16 कला अवतार थे । सद्गुणी आत्मायें प्रकृति को सतोप्रधान बनाकर भारत को वैकुण्ठधाम बनायेंगी । इसके लिये अभी से देवत्व का वरण करना होगा । अर्थात् भारतीय आदर्शो को सदा अपनाते रहिये ।

**GHCL Limited**

**A Company Certified for ISO 9001, ISO 14001 and OHSAS 18001**

**A Multi Product Company in the Business of:**
**@ Soda Ash Dense and Light @ Sodium Bicarbonate**
**@ Industrial and Edible Grade Salt @ Yarn and Home Textile**

**@ Darbari Seth Award for "Best Managed Soda Ash Plant" by Alkali Manufacturers' Association of India.**
**@ National Safety Award for Accident Free Years by Ministry of Labour & Employment, Govt. of India.**
**@ Greentech Environment Excellence Award by Greentech Foundation**
**@ ICMA Award for Novel and Complex Technology**
**@ ICMA Award for Excellence in Management of Health / Safety / Environment**
**@ Rated 5 Stars for Safety Management System by British Safety Council.**
**@ State Shram Award by Labour & Employment Department, Govt. of Gujarat**
**@ Actively engaged in social upliftment and development of neighboring communities by GHCL Foundation Trust.**

**P.O.: Sutrapada 362275, Dist.: Gir Somnath [Gujarat, India]**

**INDIAN RAYON**
A UNIT OF ADITYA BIRLA NUVO LTD.

**Manufactures of**
Viscose Filament Yarn, Sulphuric Acid, Carbon Di Sulphide, Anhydrous Sodium Sulphate, Sodium Sulphide
**First VFY Plant In India Having**
ISO-9001:2008, ISO -14001:2004, OHSAS-18001:2007, & SA-8000:2008 Certifications
**Also Manufacturers of**
Caustic soda lye and flakes, chlorine, hydrochloric acid, compressed hydrogen and sodium hypochlorite
**We Are Committed For:**
Total Satisfaction To Customers;
Best And Consistent Quality Products At Competitive Cost.
**Our Mission**
To Maintain Clean, Safe And Pollution Free Environment.

**With Best Compliments From...**
NUVO
RAY ONE
**INDIAN RAYON**
**A UNIT OF ADITYA BIRLA NUVO LTD**
**Veraval :** 362 266 [Gujara]
**Tel. :** [02876] 245711, 248401 **Fax :** 243220
**Email :** irlveraval@adityabirla.com,
**Website :** www.adityabirla.com




## The Quality Life के जनक
# क्रांतिकारी विश्व संत श्री ऋषिजी

वे विश्व के रसुखवालों के आध्यात्मिक रुप से संगठित सबसे बडे नेटवर्कके मुखिया है, क्योंकि वे क्वोंलिटी लाईफ मंत्र के जनक है। उनके क्वोंलिटी लाईफ मंत्र से विश्व भर में बदलाव आया हैं। उनका साम्राज्य विश्व भर में फेला हुआ हैं, क्योंकि आध्यात्मिक जगत के सबसे प्रभावी स्वामी,जिनके अनुयायियों की संख्या दुनिया भर में ढाई करोड़ से अधिक है। वे विश्व के मूल्यवान ब्रान्ड है, क्योंकि उनका कारोबारी ब्रान्ड ऐसा है जिस पर विश्व आँख मूंदकर भरोसा करता है। वे सदैव गरिमा की विश्व मूर्ति है, क्योंकि वे वैश्विक आध्यात्मिकता के पर्याय वाची हैं। वे भड़कीले लोगों के गुरु है, क्योंकि मीडिया मालिक से लेकर जहाज निर्माता, मुख्यमंत्री से लेकर प्रधानमंत्री तक सब उनके समागम में सामिल होते हैं। वे विश्व के राजनैतिक श्रेष्ठि वर्ग को निर्देशीत करनेवाली अदृश्य शक्ति हैं, क्योंकि वे आध्यात्मिक जगत में सबसे तेजी से बढ़ते उद्यम के प्रमुख है। उनकी क्रांतिकारी योजना रामबाण नुष्खा साबित हो सकती है। वे नई सहस्त्राब्दी के मनोहारी विश्व योगी है।

**पहचान :** विश्व में सर्वाधिक सुने और पढ़े जाने वाले तथा दिल और दिमाग को झकझोर कर देने वाले अदभुत प्रवचन। अपनी नायाब प्रवचन शैली के लिये विश्वभर में सर्वाधिक चर्चित और विश्व संत ऋषिजी के रुपमें पहचान।

**मिशन :** 'ध क्वोंलिटी लाईफ' का विश्व व्यापी प्रचार प्रसार एवं प्रशिक्षण।



**भावनात्मक अपील : विश्व संदेश :** UNIVERSAL MESSAGE :

**सभी** राष्ट्रवासियों अपने देश के लिए एकजुट राष्ट्र के तौर पर ऊंठे और पूरी सकारात्मकता के साथ स्वयं को राष्ट्र निर्माण की सफलता के प्रति समर्पित करें। अगर हम सामुहिक रुप से कमर कसकर जुट जाते है तो अवश्य राष्ट्र को विश्व की सर्वोच्च महाशक्ति बना सकते हैं। राष्ट्रहित में निजी सोच और तात्कालिन लाभ को पीछें छोड़कर हमे एक साथ आगे बढ़ना चाहिए। स्वर्ग का साम्राज्य तभी स्थापित होता है, जब विकास और व्यवस्था उसकी चरम सीमा पर हो। अगर आप राष्ट्र निर्माण के लिए कार्य कर रहे हो, तो अदृश्य शक्ति उस प्रक्रिया में हंमेशा आपको साथ देगी। इस लिए वैश्विक निर्माण करो। कुछ नया इस जगत में लाओ, जो श्रेष्ठ हो। फिर चाहे विज्ञान के द्वारा लाओ, चाहे आध्यात्मिकता के द्वारा, मगर इस जगत को स्वस्थ, स्वच्छ, साक्षर, समृध्ध, सुंदर, शांत, शाकाहार और सुसंस्कृत बनाओ। विश्व के सभी धर्म ग्रंथो का एक ही संदेश : श्रेष्ठ निर्माण. ॥ **ऋषि** ॥

**विश्व_निर्माण_:_विकास_और_व्यवस्था_के_लिए... बनो_निर्माण_पुरुष,_विश्व_निर्माण_के_लिए...**





**ऋषिजी का विश्व चक्र :**

पृथ्वी, जल, अग्नि,
वायु और आकाश से
सुरक्षित है।
संकल्प करें तो
विकल्प अपने आप
ख़त्म हो जायेगें।



श्री बराक ओबामा : संबोधिकी अनुभूति में रंग भेद, भाषा भेद, जातियता, संप्रदायिक्ता आदि सब रुग्णताओं से मुक्ति हो जाती हैं। ऋषिजी का यह वैश्विक परिवार अनाम प्रेम का विश्व मंदिर है, जिसका विस्तार है एक विश्व। नए युग के नए विश्व मानव का यही है विश्व मंत्र और विश्व धर्म।



श्री सोनिया गांधी : ऋषिजी को किसी जाति और संप्रदाय से नहीं बांधा जा सकता, वे पूरी मनुष्य जाति के लिए श्रध्धेय एवं विश्व रुप है। विश्व निर्माण के इस वैश्विक अभियान में हम भी सरीक हो.



श्री ए.पी.जे. अब्दुल कलाम : ऋषिजी के विचारो में क्रांतिकारी परिवर्तन की अद्भूत झलक है। ऋषिजी जैसे विश्व संत किसी एक समाज के नहीं होते, वे तो विश्व बंधुत्व की धरोहर है।



श्री नरेन्द्र मोदी : स्वर्णिम भारत बनाकर, ऋषिजी के वैश्विक संकल्प को सार्थक करें। ऋषिजी का संकल्प, हम सब का संकल्प। आइये हम सब मिलकर विश्व ध्वज लहरायें। भारत का जय हो।

विश्व संत के प्रवचन की ओड़ियो कैसेट, विडियो सीडी तथा साहित्य और अतिरिक्त जानकारी के लिए संपर्क:
www.pratidhwaniindia.com ▪ www.qualitylife.org.in ▪ www.qualityworld.org.in
www. bharatnirman.org.in ▪ www.changeindia.org.in ▪ www.vishwasant.org.in

World Class India for Feelings of Heaven

भारत निर्माण के लिए प्रतिध्वनि द्वारा जनहित में जारी।

RNI No. 70260/97, "PRATIDHWANI" Regd. No. GAMC 1217